


શ્રી મગનભાઈ શંકરભાઈ પટેલ

શ્રી જગનભાઇ શંકરભાઈ પટેલ જ્ઞાનપ્રચાર ગ્રંથમાળા : પુષ્પ ૧

શ્રીકૃષ્ણની આત્મકથા

લેખક :

આપટે ગુરુજી

અનુવાદક :

ગોવિંદરાવ ભાગવત

કિંમત : અઢી રૂપિયા

પ્રકાશક :

ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.

સંસ્થા-વસાહત, રાવપુરા, વડોદરા

પ્રકાશક :
લક્ષ્મણસિંહ બહેચરસિંહ પરમાર,
મંત્રી, ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.
સંસ્થા-વસાહત, રાવપુરા, વડોદરા

પહેલી આવૃત્તિ
પ્રત : ૨૧૦૦

મુદ્રક :
નવીનચંદ્ર આર. ઝવેરી
ચેતના પ્રેસ, પ્રાઇવેટ લિ.
નવા બજાર, વડોદરા

પ્રકાશક સંસ્થાના બે બોલ

પુસ્તકાલયોના હિત માટે સ્થપાયેલા અમારા મંડળના પ્રમુખ તરીકે શ્રી મગનભાઈ શંકરભાઈ પટેલે સન ૧૯૩૯થી ૧૯૫૮ સુધી સેવા આપીને તેમની નાદુરસ્ત તબિયતને કારણે અને અન્ય કામના બોજાને લીધે તેમાંથી રાજીનામું આપ્યું તે પ્રસંગે તેમની સેવાની સ્મૃતિમાં 'મગનભાઈ શંકરભાઈ પટેલ જ્ઞાનપ્રચાર ટ્રસ્ટ' અમારા મંડળે શરૂ કર્યું છે. એ ટ્રસ્ટમાં મંડળે રૂ. ૨૦૦૦ આપ્યા છે. ઉપરાંત પુસ્તકાલયો તથા વ્યક્તિઓ તરફથી અત્યાર સુધીમાં રૂ. ૨૬૧૯ મળ્યા છે. આ ટ્રસ્ટમાં રકમો સ્વીકારવાનું હજી પણ ચાલુ છે.

આ ટ્રસ્ટ ફંડમાંથી 'શ્રીકૃષ્ણની આત્મકથા' નામનું આ પુસ્તક પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે.

'શ્રીકૃષ્ણની આત્મકથા'ના મૂળ લેખક શ્રી આપટે ગુરુજી છે. મૂળ મરાઠીમાં આ પુસ્તક ઘણું લોકપ્રિય નીવડયું છે, તથા તેની કેટલીક આવૃત્તિઓ પણ થઈ છે.

આ પુસ્તકના અનુવાદક શ્રી ગોવિંદરાવ ભાગવત મરાઠી અને ગુજરાતી ભાષાઓના અભ્યાસી છે, અને તેમણે મરાઠી ભાષામાંથી ગુજરાતી ભાષામાં અન્ય પુસ્તકોનો અનુવાદ પણ કર્યો છે. શ્રી ભાગવતે અન્ય ભાષાઓમાંથી પણ કેટલાંક પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. શ્રી ભાગવતે ગુજરાતીમાં સ્વતંત્ર રીતે પણ કેટલાંક પુસ્તકો લખ્યાં છે.

શ્રી ગોવિંદરાવ ભાગવતને શ્રી આપટે ગુરુજીએ એમનાં પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કરવા સંમતિ આપેલી છે.

શ્રી આપટે ગુરુજીનો તથા શ્રી ગોવિંદરાવ ભાગવતનો અમે આ પ્રસંગે આભાર માનીએ છીએ.

આ પુસ્તકમાં શ્રીકૃષ્ણની જીવનરેખા આત્મકથા રૂપે રજૂ કરી છે. શ્રીકૃષ્ણ તેમની ઉત્તરાવસ્થામાં દ્વારકામાં તેમની પત્નીઓ તથા અન્ય સ્નેહીઓ સમક્ષ પોતાની જીવનકથા કહેતા હોય તેવી રીતે આ પુસ્તકમાં રજૂઆત કરેલી છે.

આ પુસ્તકમાં શ્રીકૃષ્ણને લોકોત્તર વ્યક્તિ તરીકે નહિ ચીતરતાં મનુષ્યભાવથી પૂર્ણ આદરણીય વ્યક્તિ તરીકે ચીતરેલા છે. આથી આ પુસ્તકનું વાચન રસિક નીવડવા ઉપરાંત તેમાંનું કૃષ્ણજીવન અનુકરણીય પણ બન્યું છે.

'શ્રીકૃષ્ણની આત્મકથા'ની ભાષા સરળ છે. એની છપાઈમાં મોટા ટાઈપ વાપરેલા છે. આથી આ પુસ્તક વિદ્યાર્થીઓ તથા થોડું ભણેલાં ભાઈબહેનો પણ રસપૂર્વક વાંચી શકે તેમ છે.

આશા છે કે આ પુસ્તકને શાળાઓમાં, પુસ્તકાલયોમાં, તથા શિષ્ટવાચન પરીક્ષામાં સારો સત્કાર મળશે.

વડોદરા	**મણિલાલ મંગળજી કાશીવાળા**
	અધ્યક્ષ,
તા. ૨૪-૮-'૬૧	ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.

મૂળ લેખકના નિવેદનમાંથી

શ્રીકૃષ્ણ પોતાના પરિવારમાં બેસીને પોતાની જીવનકથા કહે છે એવી કલ્પના કરીને આ પુસ્તક લખ્યું છે. કથા રોજ સાંજે કહેવાય છે એટલે કૃષ્ણની દિનચર્યા કેવી હતી તેનો ખ્યાલ કેટલાંક પ્રકરણોના આરંભમાં આપેલો છે.

કર્મયોગી પુરુષ સંબંધી આપણા ખ્યાલો ઘણા જ અવાસ્તવિક હોય છે. સંસારનાં નિત્યનાં કર્મો કરતાં કરતાં શ્રીકૃષ્ણ યોગારૂઢ કેવી રીતે થયા, જીવન તરફ જોવાની તેમની દૃષ્ટિ કેવી હતી, વળી તેમણે જે દિવ્ય ઉપદેશ રણમેદાનમાં અર્જુનને કર્યો તે તેમણે પોતે કેવો પચાવ્યો હતો તે બતાવવાનો પ્રયત્ન અત્રે કર્યો છે.

કૃતાર્થતા

શ્રીકૃષ્ણકથા આબાલવૃદ્ધ સૌને પ્રિય હોય છે. શ્રી આપટે ગુરુજીએ તેને ઘરગથ્થુ ભાષામાં એવી ખૂબીથી ગૂંથી છે કે સામાન્ય ભણેલાં સ્ત્રીપુરુષોને કે બાળકોને શ્રીકૃષ્ણનાં જીવનરહસ્યો સમજવાં સાવ સહેલાં લાગે. સંસારમાં રહીને પણ જીવન કેમ ગુજારવું એનો સાચો ખ્યાલ કૃષ્ણચરિત્રમાંથી જેટલો મળે છે તેટલો ભાગ્યે જ બીજા ચરિત્રમાંથી મળે છે. શ્રીકૃષ્ણના જીવનનાં વિવિધ પાસાંઓને ખૂબીથી છતાં કરી આપટે ગુરુજીએ સામાન્ય જનસમાજની સેવા બજાવી છે. આ ચરિત્રના વાચનથી યા શ્રવણથી ગૂજરાતી જનસમાજને આનંદ સાથે પ્રેરણા મળશે એવી અમારી શ્રદ્ધા છે. એ ઉત્સાહથી અમે આ અનુવાદ ગૂજરાતી જનસમાજ સામે રજૂ કરી કૃતાર્થ થઈએ છીએ.

અનુવાદક

જેણે જીવનમાં મારો સાથ કર્યો છે
તે કૃષ્ણભક્ત
પત્નીને
સ્નેહપૂર્વક અર્પણ

ગો.

અનુક્રમ

૧

શ્રીકૃષ્ણની આત્મકથા

શૈશવનો સુખી કાળ સ્મરે છે ઘડી ઘડી !

ઇંદ્રની અમરાપુરીને પણ ઝાંખી પાડી દે એવું રમ્ય સ્વરૂપ દ્વારકાને આપીને શ્રીકૃષ્ણ આજે ઘણાં વર્ષ થયાં ત્યાં પ્રજાનું પાલન અને રંજન કરતા હતા. એક દિવસ તેમને ગોકુળમાંના પોતાના બાળપણના દિવસો યાદ આવ્યા. પોતે ગોકુળમાં જ છે એવા ખ્યાલમાં તે મગ્ન હતા ત્યારે તેમને ગોકુળમાંથી આવતી વખતે સંભાળીને આણેલી મોરલીનું સ્મરણ થયું. તે તરત જ પલંગ ઉપરથી ઊઠ્યા, અને તેમણે પોતાની ખાસ પેટીમાં અનેક વસ્ત્રોમાં વીંટીને મૂકેલી પોતાની મોરલી કાઢી. પછી પલંગની સામે ઊભા રહીને તે તેને વગાડવા લાગ્યા. જૂની યાદદાસ્ત તાજી થવાથી તેમના મનમાં અનેક ભાવનાઓ ઊભરાઈ આવી; અને તે ભાવનાઓના પૂરમાં પેલી જૂની મોરલીમાંથી મધુર આલાપ નીકળવા લાગ્યા. રુક્મિણીનો મહેલ પાસે જ હતો. ત્યાં તેમને આ આલાપો સ્વાભાવિક રીતે જ સંભળાયા. એ શ્રુતિમનોહર મોરલીનો નાદ સાંભળતાં જ તેમણે રોમાંચ અનુભવ્યો.

તેમણે મનમાં કહ્યું, આ આલાપો કોઈ ગંધર્વ અંતરિક્ષમાં ભ્રમણ કરતાં કરતાં કાઢતો હશે. થોડા વખત પછી તેમને લાગ્યું, ના, આ મોરલીનાદ નજીકમાં જ આસપાસમાંથી નીકળે છે. તેથી તેમણે દાસીને પૂછ્યું, "અલી આલાપિકા, આ મોરલી કોણ વગાડે છે? તેં સાંભળી? મોરલીનો નાદ બહુ મધુર છે, નહીં?"

આલાપિકા–મહાદેવી, મને લાગે છે કે મહારાજના મંદિરમાંથી જ આ આલાપ નીકળે છે. જોઈએ તો હું કાન માંડી જોઈ આવું!

રુક્મિણી–ના, નથી જરૂર. હું પોતે જ ત્યાં જઈ આવું છું.

રુક્મિણી હળવે પગલે કૃષ્ણના મંદિરમાં ગયાં, અને ધીરે રહીને તેમની પાછળ જઈ આલાપનું શ્રવણ કરતાં ઊભાં રહ્યાં. કૃષ્ણ તે સમયે ભાવ-સમાધિમાં હતા. તેમને થયું કે ગોકુળની રાધા ગોવાળણ જ પોતાની પાછળ મોરલીનાદ સાંભળતી ઊભી છે.

પાછળ ફર્યા વિના રોષનો આવિર્ભાવ લાવીને તે બોલ્યા, "રાધા, તને કેટલી વાર કહેવું કે કામધંધો છોડીને અહીં આવવું નહીં!– શું કહે છે? મેં કવેળાએ મોરલી કેમ વગાડી?–અલી, મોરલી વગાડ્યા 'વિના રહેવાય નહીં' તેથી!–શું કહે છે? બોલ ને–અસ્પષ્ટ અને હોઠમાં ને હોઠમાં બોલવાની તને ખરાબ ટેવ છે!–શું કહે છે?–

મોરલી વાગતાં મારાથી પણ ઘેર રહેવાયું નહીં. તેથી આવી એમ ! ”

આમ કૃષ્ણ પોતે મનમાં ને મનમાં બોલતા હતા ત્યાં રુક્મિણી મૌન છોડીને આગળ આવ્યાં અને બોલ્યાં, “ રાધાની જેમ મારાથી પણ રહેવાયું નહીં તેથી હું તમારા મહેલમાં કવેળાએ આવી. દેવ, આપણા લગ્નને આટલાં વર્ષ થયાં પણ તમે તમારી આ મોરલી મને કદી સંભળાવી નથી. આ મોરલી આટલી જૂની કેમ છે ? ક્યાંથી લાવ્યા ? ગોકુળની કે શું ? ”

રુક્મિણીના આ પ્રશ્નથી કૃષ્ણને ભાન આવ્યું. પાછળ ફરીને રુક્મિણીને તેમણે કહ્યું, “ દેવી, તમે મારી પાસે ગમે ત્યારે આવો તો પણ મને તેમાં આનંદ જ આવે છે; પણ આજે હું મારા બાળપણના ગોકુળનો કાળ કલ્પનાથી અનુભવતો હતો. તમે મારો સમાધિભંગ કર્યો તેથી હું તમારા ઉપર જરાક ગુસ્સે થયો છું. ”

“ તો કરો મને શિક્ષા ! ” રુક્મિણી ચિડાઈને બોલ્યાં; પણ તરત જ મનનું સમતોલપણું જાળવીને તે બોલ્યાં, “ પણ ના, હું જાતે જ શિક્ષા લઈ લઉં છું. આમ જુઓ, હું મારું સમ્રાજ્ઞીપદ ભૂલીને ગોકુળની ગોવાળણ થાઉં છું અને આપની મોરલીનું શ્રવણ કરવાની શિક્ષા માથે લઈ લઉં છું. ”

કૃષ્ણે ઊંડો નિસાસો નાખીને કહ્યું, “ દેવી, તમે જાણો જ

છો કે હું સમ્રાટ તો નથી જ, પણ સાદો રાજા પણ નથી. એ સત્તા તો તાતની પાસે છે ને ?"

"હા, મને એ બધાની ખબર છે. તમે હમેશાં મને યાદ દેવડાવતા આવ્યા છો કે તમે રાજા નથી. એટલે કે હું રાણી નથી એ પણ સ્વાભાવિક રીતે જ સિદ્ધ થાય છે. પણ એટલું ધ્યાનમાં રાખજો કે હું આર્યાવર્તની સમ્રાજ્ઞી નહીં હોઉં, પણ તમારા વિશાળ મન ઉપર શાસન કરનારી સમ્રાજ્ઞી છું જ ને ? – કે તે પણ નથી ? શું કહેવું, તમારો મહિમા અજબ છે !"

"હા હા ! એકદમ છણકો ન કરશો. જરા જરામાં રીસ ચડાવનારાં તમે થોડાં જ કંઈ સત્યભામા છો ? રોષ ઉતારીને જરા પલંગ ઉપર તો બેસો."–કૃષ્ણ મનાવતા હોય એવા અવાજે બોલ્યા.

"રોષ છોડીને બેસું છું; પણ એક શરતે !"–ઝઘડો મિટાવવાની સ્ત્રીઓની એક વિશિષ્ટ રીતને અનુસરીને રુક્મિણી બોલી.

"શી શરત ? એક વાર સંભળાવો તો ખરાં તમારી શરતો ! વિજયી થયેલો વીર પણ પરાજિત થયેલા પોતાના શત્રુ ઉપર આટલા રુઆબથી શરતો લાદતો નહીં હોય."

"મારી શરત એ છે કે આપે ફરીથી મોરલી વગાડવી !"–રુક્મિણીએ મધુર મંદસ્મિત કરીને કહ્યું.

"ફરીથી મોરલી વગાડવાની ?"–આ ઉદ્ગાર કાઢતી

વખતે કૃષ્ણે 'એ મુશ્કેલ કામ છે' એવું દર્શાવનારો આવિર્ભાવ પ્રકટ કર્યો.

"એ કામ એટલું બધું અઘરું છે?"–રુક્મિણીએ આશ્ચર્ય દર્શાવી સામો પ્રશ્ન કર્યો.

"તમે જોઈએ તો એકાદ ગીત ગાવાનું કહો,–હમણાં ગાઉં, કહેતાં હો તો; પણ મો-ર-લી–" એ અક્ષરોનો ઉચ્ચાર કરીને કૃષ્ણ અટક્યા.

"કેમ વારુ? અમે મોરલી સાંભળવાને પાત્ર નથી?" રુક્મિણીએ ખેદ દર્શાવી કહ્યું.

"આવો પ્રશ્ન પૂછવો યોગ્ય નથી. મોરલીમાંથી ફરીને મધુર આલાપ સાંભળવા હોય તો ગોકુળનું વાતાવરણ જોઈએ!"—કૃષ્ણે નવી જ શરત રજૂ કરી.

રુક્મિણી કૃષ્ણના દાવનો ઉકેલ બતાવવામાં કુશળ હતાં. તરત જ તે બોલ્યાં, "એટલું જ ને? તમારો ગોવાળોનો વાડો એ જ ગોકુળ–ખરું ને? પેલું ગોકુળ કંસનું હતું, અને આ કંસકંદનનું છે. આજે સાંજે રથમાં બેસીને આપણે આપણા ગોવાળોના વાડામાં–ના, ગોકુળમાં જઈશું. પછી જોઈશું કે તમે ત્યાં કેવા રંગમાં આવો છો."

"આજે નહીં. ગોકુળના વાતાવરણ માટે નંદની કુટી જોઈએ ને?"–કૃષ્ણ પોતાનો ભાવ વધારતા બોલ્યા. વળી તે બોલ્યા, "રુક્મિણી, બાળપણના મારા સંસ્કાર એટલા દૃઢ છે

કે મને તાત નંદની કુટી આંખ સામે તરતી દેખાય છે. પેલી જો, નંદની ડોલતી ડોલતી ચાલી જતી ગાયો,–પણ જો વાછરડાંની માતાની પાસે જવાની ઉતાવળ,–પેલી યશોદામાની વલોણાની મોટી ગોળી,–જે દોરીથી મને ઊખળ સાથે બાંધ્યો હતો તે નેતરું પેલું રહ્યું,–પેલાં દૂધ-દહીંનાં શીંકાં,–છાશના જમીન ઉપર ઊડેલા પેલા છાંટા—"

"બસ બસ ! તમે ફરીથી ભાવસમાધિમાં ચાલ્યા ! તમે આજ્ઞા આપો; તમે બતાવશો તેવી નંદકુટી હું તૈયાર કરાવી લઉં છું. પછી તો મોરલી સંભળાવશો ને ? નાનપણમાં હઠ કરીને યશોદામાને તમે કેટલાં થકવી નાખતા હશો તેનો મને આજે ખ્યાલ આવ્યો ! એક સાદી મોરલી વગાડવાની છે, પણ તેમાં શરતો કેટલી !"

"અડપલાં કરવાનો મારો સમય પૂરો થયો છે. તમે મારા મન સાથે એકરૂપ થઈ જાઓ, એટલે મારું મોરલી-વાદન શરૂ થયું જ જાણો ! પેલી ભોળી ગોવાળણો—"

"હું તમારા મન સાથે એકરૂપ નથી થઈ ?"

"ના કોણ કહે છે ? પણ વચ્ચે વચ્ચે તમારા મનમાં રાજ્ઞીપદનો અહંકાર ડોકિયું કરે છે, ખરું ને ?"

"આપના જેવા અદ્વિતીય વીરની હું પત્ની છું, એનું અભિમાન મને છે જ, એટલું જ નહીં, પણ એ અભિમાનનું

પણ અભિમાન મને છે!”– રુકિમણીએ છણકો કરીને જવાબ આપ્યો.

“તો નંદકુટી જલદીથી તૈયાર કરાવવા માંડો જોઉં; નહીં તો પછી પારિજાતકનાં થોડાં અમથાં જ ફૂલ તમારા હાથમાં આવ્યાં એમ કહીને રિસાવામાં સમય બગાડશો!”

કૃષ્ણને જવાબ આપવાનો કંઈ અર્થ નથી એવો ભાવ નેત્રો દ્વારા પ્રદર્શિત કરીને રુકિમણી કૃષ્ણના મહેલમાંથી બહાર ગયાં!

૨

અહાહા ! એ રમ્ય ગોકુળ !

ભગવાન શ્રીકૃષ્ણ ઘણી વાર રુક્મિણીના મહેલમાં બેસીને વાતો કરતાં કરતાં ગોકુળનાં સંસ્મરણો કહેતા. પરમ દિવસે તો પોતાની ભાવસમાધિમાં તે ગોકુળના જીવનમાં તન્મય થઈ ગયેલા તે જોઈને રુક્મિણીએ મનમાં નક્કી કર્યું કે મથુરાના ગોકુળમાં નહીં, તો દ્વારકાના ગોકુળમાં જઈને કેટલોક વખત આનંદ લૂંટવાની તક પતિને આપવી. તેથી તેમણે કૃષ્ણને પૂછી પૂછીને નંદના ગૃહના જેવું સાદું ઘર બંધાવી લીધું; અને રોજ સાંજે તેમની સાથે ત્યાં જઈને બેસવાની પ્રથા તેમણે પાડી. પછી આગળ જતાં બે ઘડીનો દિવસ રહે એટલે કૃષ્ણ પોતાનું કામ સમેટતા અને ગોકુળમાં જવાની ઝટપટ તૈયારી કરતા. ધીરે ધીરે ત્યાંના ગોવાળોનાં નાનાંમોટાં બાળકો તેમની પાસે ભેગાં થવા લાગ્યાં. કોઈ કોઈ વખત તે તેમની સાથે મોઈદંડો અને લખોટીઓ પણ રમતા. પાછલી વયમાં પણ તેમનામાં બાળપણની ચપળતા દેખાઈ આવતી હતી. ફાંદ થોડી વધેલા – એવા કૃષ્ણ દોડવા માંડતા, રમતમાં થાપ ખવડાવતા તે જોઈને કૃષ્ણ-સ્ત્રીઓ હસી હસીને બેવડ વળી જતી. એક

દિવસ તેમણે પોતાનો રત્નજડિત મુગટ કાઢી નાખીને રુકિમણીએ ખાસ બનાવડાવેલો મોરમુગટ પહેર્યો. તે જોઈને અડપલાં સત્યભામાએ રુકિમણીને કહ્યું, " મહાદેવી, જોયું ને તમારા દેવનું રૂપ ! આ મોરમુગટ ખરેખર એમને શોભતો જ નથી ! "

કૃષ્ણે કહ્યું, " કાળી કામળી અને ગોવાળની ઊંચી લાકડી હું હાથમાં લઈશ એટલે આ મુગટ મને બરાબર શોભશે, હાં કે ! " એમ કહીને તેમણે ગોવાળનાં બાળકોને તેમની કામળી અને લાકડી લાવવા કહ્યું.

એ જોઈને સત્યભામાએ ઊભાં થઈને કૃષ્ણને કહ્યું, " હું નહીં આવા ચાળા ચાલવા દઉં ! મેં ગોપાલની સાથે લગ્ન કર્યું નથી,—દ્વારકાધીશની સાથે લગ્ન કર્યું છે ! "

કૃષ્ણને તેમનું આ વધારે પડતું બોલવું રુચ્યું નહીં. તેમની ભ્રુકુટિ જરાક ખેંચાયેલી જોતાં જ રુકિમણીએ સત્યભામાનો પગ દબાવ્યો અને તેમને ચૂપ રહેવા સૂચવીને આગળ આવી તે બોલ્યાં, " દેવ, અમે તમને કામળ ઓઢવા દઈશું, પણ એક શરતે ! તમારે પેલી ગોકુળની વાંસળી વગાડવી પડશે ! "

" પણ પેલી વૈભવશાળી સત્-રાજિત્-કન્યાને અમારી ગોવાળની સાદીસીધી મોરલી ગમશે કે ? "—કૃષ્ણે કટાક્ષમાં કહ્યું.

" ના કેમ ગમે ? સત્યભામાદેવીએ તમારી વેણુનો નાદ

હજી સાંભળ્યો નથી. તે સાંભળ્યા પછી મોરલીના આલાપો માટે તમારા બધા ચાળાઓને તે અવશ્ય અનુમતિ આપશે! તો એક વાર વગાડો ને આપની મોરલી !"–રુક્મિણીએ કાકલૂદીને સ્વરે કહ્યું.

કૃષ્ણે કહ્યું, " પણ હવે તો સાંજ પડી. સન્ધ્યોપાસનાની વેળા થઈ!"

"બહુ થઈ તમારી આ ઉડામણી. આ ભોળી રુક્મિણી આપની રૂખ જોઈ જોઈને જેમ જેમ વર્તે છે તેમ તેમ આપ વધુ ને વધુ ખેંચી રાખો છો! એ કંઈ નહીં ચાલે. હમણાં જ શરૂઆત કરો. મોરલી તમારી પાસે જ છે ને ?"

કૃષ્ણે તે મોરલી ધીરે રહીને હાથમાં લીધી. તેના તરફ તેમણે કુતૂહલથી જોયું. ડાબા પગ ઉપર જમણો પગ રાખી, ડોક જરાક નમાવી, એ મોરલીને ઓઠ ઉપર અધ્ધર મૂકી અને આંગળીઓ ફેરવી પહેલો સૂર તેમણે કાઢયો. તે સાથે જ ચારે તરફ સ્તબ્ધતા પ્રસરી ગઈ. કૃષ્ણે ધીરે ધીરે શરૂઆત કરીને આગળ જતાં આલાપો ઉપર આલાપો કાઢવા માંડ્યા. તે સાંભળતાં જ તે ગોકુળમાંનાં સ્ત્રીપુરુષો પોતપોતાનાં સાંજનાં કામો મૂકી મૂકીને કૃષ્ણની પાસે દોડી આવ્યાં. ગાયો ભાંભરવા લાગી. ગોવાળણોને ગાયો દોહવી દુષ્કર થઈ અને ગોવાળોના હાથમાંથી વાછરડાં છટકયાં. આ તરફ કૃષ્ણ-સ્ત્રીઓ પણ મંત્રમુગ્ધ થઈ. કૃષ્ણ મોરલી બજાવવામાં તલ્લીન થઈ ગયા. પછી રુક્મિણી આગળ આવી અને તેમણે કૃષ્ણને કહ્યું,

" વખત ઘણો થઈ ગયો ને ? હવે ચાલો ઘરમાં. યશોદામા દૂધ પીવા બોલાવે છે. " આ સાંભળતાં જ કૃષ્ણને ભાન આવ્યું. ત્યાર પછી તેમણે એક સુંદર આલાપ લીધો અને મોરલી રુક્મિણીના હાથમાં આપી. ત્યાર પછી પ્રસન્ન વદને સૌની સાથે તે નંદ-ગૃહમાં ગયા. રુક્મિણીએ આજે ખાસ ચટણી અને રોટલો તૈયાર કર્યાં હતાં અને તાજું દોહેલું ફીણવાળું દૂધ એક પ્યાલામાં ભરી રાખ્યું હતું. તે જોઈ ને કૃષ્ણ બોલ્યા, " દેવી, આજે હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. જે જોઈએ તે વરદાન માગો. "

રુક્મિણીએ કહ્યું, " દેવ, તમારો મારા ઉપર અખંડ પ્રેમ રહો – એ જ વરદાન ખરેખર બસ છે; પણ આજે ખાસ વરદાન માગવાનું તમે કહો છો તો હું તે માગું છું. આપ આપની સંપૂર્ણ આત્મકથા અમને સૌને કહો. આ ' ગોકુળ 'માં આપ આવશો એટલે આપને બધા બનાવો બરાબર યાદ આવશે. તો આપ રોજ અહીં આવો, અને આપની પુણ્યપાવન કથાની અમૃતવર્ષા અમારા ઉપર વરસાવો ! આટલું વરદાન આપશો એટલે એમાં બધું આવી ગયું ! "

રુક્મિણીએ આવું વરદાન માગેલું જોઈને કેવળ કૃષ્ણ-સ્ત્રીઓ જ નહીં પણ ત્યાં બેઠેલાં બીજાં માણસો પણ પ્રસન્ન થઈને બોલ્યાં, " દેવી, અમારી સૌની જ ઇચ્છા તમે આ વરદાનથી પૂરી કરશો એવું દેખાય છે ! "

“ભાવિક શ્રોતા મળશે એટલે કથા કહેવાનો મને પણ ઉત્સાહ આવશે. પણ ધ્યાનમાં રાખજો કે હું હવે વૃદ્ધ થતો જાઉં છું તેથી બધા જ બનાવો મને યાદ ન પણ આવે. વળી કેટલીક વાતો તો આગળ-પાછળ પણ થાય. એટલું જ કે હું આ કથા દ્વારકાના ગોકુળમાં જ કહીશ. મારા મહેલમાં તે મને સૂઝશે નહીં!”

બધાંએ આ વાતને વધાવી લીધી. પછી રુક્મિણી, સત્યભામા ઇત્યાદિ સ્ત્રીઓની સાથે શ્રીકૃષ્ણ નગરમાં પોતાને મંદિરે પાછા ફર્યા.

કૃષ્ણકથા બહુ મીઠી!

ભગવાન શ્રીકૃષ્ણ ‘આત્મકથા’ કહેવાના છે એ ખબર દ્વારકામાં ફેલાતાં વાર લાગી નહીં. કૃષ્ણ-સ્ત્રીઓએ સાંજે ગોકુળમાં જવા માટે પોતપોતાના રથને સજ્જ કરવાની પોતપોતાના સેવકોને આજ્ઞા આપી. દ્વારકામાંના એકલા પ્રજાજનો જ નહીં, પણ વસુદેવ-દેવકી પણ ગોકુળમાં જવાની યોજનાઓ કરવા લાગ્યાં. ત્યારે કૃષ્ણે બધાંને કહેવડાવ્યું કે “મારું ચરિત્ર મારા કરતાં પણ વિશેષ સ-રસ રીતે વ્યાસ મહામુનિ અને તેમના સુપુત્ર શુકદેવ કહેવાના છે. તેમણે મારી પાસે ચરિત્રની માહિતી પણ લીધી છે. આ મુનિવરો પ્રતિભાશાળી કવિઓ હોવાથી તેમના કાવ્યનું પૌરજનોએ શ્રવણ કરવું.” તેમણે પોતે દેવકી પાસે જઈને

કહ્યું કે "તમે આટલે દૂર જવાની તસ્દી શું કરવા લો છો ? તાત વસુદેવને બધી જ ખબર છે. હું નવું તો કંઈ કહેવાનો નથી."

કૃષ્ણના ગોકુળમાંના એક સાથી ઘણા દિવસથી દ્વારકા આવીને રહ્યા હતા. તેમનું નામ સંતુ. તેમને કૃષ્ણની પાસે જઈને બેસવાની હમેશાં છૂટ હતી. તે કૃષ્ણના બાળપણની વાર્તાઓ મીઠુંમરચું ભભરાવીને કૃષ્ણની સ્ત્રીઓને ઘણી વાર કહેતા. તેમણે આ સમયે કૃષ્ણને સંભળાવી દીધું કે "કૃષ્ણ, હું દરરોજ તમારી સાથે ગોવાળવાડે આવવાનો છું. તમે રાજા હો તો દ્વારકાના; અમારા ગોકુળના—અમારા તો સાથી-દોસ્તદાર; તેથી હું કંઈ તમારો હુકમ માનવાનો નથી !"

આ સાંભળીને કૃષ્ણે કહ્યું, "ભાઈ, તમારી આગળ મારું થોડું જ કંઈ ચાલવાનું છે ? તમે ભલે ત્યાં આવજો, અને હું જો કંઈ ભૂલી જાઉં તો યાદ કરાવી આપજો, એટલે થયું."

કૃષ્ણ-સ્ત્રીઓને આત્મકથા સાંભળવાનો પરવાનો મળતાં તે સૌ રાજી થઈ ગઈ. રુક્મિણીનો આનંદ તો ગગનમાં માતો નહોતો ! મારા પતિ જો ગોપાલનો વેશ ધારણ કરવાના છે તો હું ગોકુળની ગોવાળણ કેમ ન થાઉં ?—આવો વિચાર કરીને ગોવાળણનો પોશાક સાથે લઈને તે સત્યભામાની સાથે રથમાં જઈને બેઠાં અને સારથિ દારુકને તેમણે કહ્યું,

" આપણાં આ સત્યભામાદેવીથી હડદોલા સહન થતા નથી એની તને ખબર છે ને ? તેથી રથને મંદ ગતિએ હાંકજે. "

કૃષ્ણના ઘરનો પૂરેપૂરો ભોમિયો થયેલો દારુક બોલ્યો, " દેવી, મારા અશ્વ ભગવાનની પસંદગીના છે. તે હમેશાં ખાડાખૈયા ટાળીને જ દોડતા હોય છે. "

આમ વાતો ચાલતી હતી ત્યારે શ્રીકૃષ્ણ મંદિરમાંથી બહાર આવ્યા. " બધું બરાબર છે ને ? "–એમ દારુકને તે પૂછતા હતા ત્યારે તેમણે રથનાં ચક્ર ઉપર નજર નાખી. તેમણે રથની ધરી તપાસી જોઈ. જીન અને લગામોને તેમણે જરા સ્પર્શ કર્યો અને અશ્વોને નામ દઈને બોલાવ્યા. કૃષ્ણનો અવાજ સાંભળતાં જ સુગ્રીવે પોતાની ડોકને છટાથી નમાવી આનંદ પ્રદર્શિત કર્યો; બલાહકે પોતાની પૂછડી હલાવી; શૈલ્ય થનગની ઊઠયો અને મેઘપુષ્પે હણહણી પોતાના સ્વામી ઉપરનું પોતાનું હેત વ્યક્ત કર્યું. અશ્વોની પીઠ થાબડીને કૃષ્ણ અશ્વારૂઢ થયા. આ તેમની રોજની ટેવ હતી. બેધ્યાનને કારણે જો કોઈ વખત કૃષ્ણ તેમને થાબડતા નહીં તો તે અશ્વો આગળ ડગલું ભરતા નહીં. કૃષ્ણનું થાબડવું તેમને સ્ફૂર્તિ દેનારું લાગતું.

અશ્વોનો થનગનાટ અને હણહણાટ જોઈને રુક્મિણીએ કુતૂહલથી પૂછ્યું, " અશ્વોનું મન જીતવાની કળા તમે કોની પાસેથી શીખ્યા ? "

" આ બક્ષિસ વંશપરંપરાની છે. અશ્વવિદ્યા અમારા

લોહીમાં જ છે. મારા મામા રાજા કંસ ઉત્તમ સારથિ હતા. જેને ગાયગમાણમાં રમવાનું મળે છે તેને અશ્વવિદ્યા સહજ સાધ્ય થાય છે.”—કૃષ્ણે સાત્ત્વિક અભિમાનથી જવાબ આપ્યો.

કૃષ્ણનો રથ દ્વારકામાંથી પસાર થતો હતો ત્યારે પ્રજાજનો તેને મુજરા કરતા હતા. ગામની બહાર નીકળી ગયા પછી આ બધા મંડળે ગાયોને ડોલતી ડોલતી ગોવાળ-વાડા તરફ જતી જોઈ. તેમના પગની રજ ચારે તરફ ફેલાઈ હતી. ગોવાળનાં છોકરાં ગાયોની પાછળ લીલી સીંગો ચાવતાં ચાવતાં જતાં હતાં. શ્રીકૃષ્ણનો રથ ગોકુળની બહાર ઊભો રહ્યો. પછી બધું મંડળ ઊતર્યું, અને નવા જ બાંધેલા નંદ-ગૃહમાં ગયું. કૃષ્ણે ગોપાલનો પહેરવેશ ધારણ કર્યો. બધું મંડળ પછી આંગણામાં આવીને બેઠું. દારુક પોતાની સાથે કાષ્ઠાસન લઈ આવ્યો હતો તે કૃષ્ણની આગળ મૂક્યું. તેના ઉપર બેસીને શ્રીકૃષ્ણે કહ્યું, “જેને મારી કથા સાંભળવી હોય તે મારી સામે આવીને બેસે.”

રુક્મિણી ગોવાળણનો વેશ ધારણ કરી જમીન ઉપર સહજ રીતે બેઠાં; પણ સત્યભામા તેમનાં કીમતી વસ્ત્રોને લીધે જમીન ઉપર બેસે એ મુશ્કેલ હતું. વળી ગોકુળમાંની ગાયોના છાણમૂતરની ગંધ પણ તેમને ગમતી નથી એવું તેમણે કપાળ ઉપર કરચલીઓ પાડી બતાવી આપ્યું. ગોવાળનાં છોકરાં હાથમાં નાનીમોટી લાકડીઓ લઈને સીંગ કે ગાજર ચાવતાં ચાવતાં પહેલાં દૂર ઊભાં રહ્યાં. શ્રીકૃષ્ણે મંદ સ્મિત કરીને તેમને

નજીક બોલાવ્યાં અને કહ્યું, "ગભરાશો નહીં. હું આજે તમને વાર્તા કહેવાનો છું." પછી શું પૂછવું? નાનાંમોટાં બાળકો કૃષ્ણની પાસે જઈને બેઠાં. મોટી છોકરીઓ પોતાનાં ભાંડુઓને કેડે બેસાડીને વાર્તા સાંભળવા ઉત્સુક થઈ.

કૃષ્ણે કહ્યું, "કેમ છોકરાં, તમારે વાર્તા નાની જોઈએ છે કે મોટી?" છોકરાં 'મોટી જોઈએ' એમ કહીને ગાજી ઊઠ્યાં. "હસાવનારી જોઈએ કે રડાવનારી જોઈએ?"—એમ તેમણે ફરીથી પૂછ્યું. ત્યારે બાળકો જરાક ગૂંચવાયાં. કૃષ્ણે કહ્યું, "મારી કથા મોટી છે; પણ મારી પાસે સમય ઓછો છે. તેથી હું તમને ટૂંકાણમાં ઘણું કહીશ. કદીક હસાવીશ; કદીક રડાવીશ. કબૂલ છે?" પેલાં ભોળાં બાળકોએ ચાલુ 'હા-હા' કહીને હકાર આપ્યો. પછી કૃષ્ણે કહ્યું, "દોસ્તો, હું તમને વાર્તા કહીશ; પણ પછી તમે મને શું આપશો?" બાળકોએ 'સીંગ બોર આપીશું' એમ કહ્યું, એ સાંભળીને કૃષ્ણે કહ્યું, "વારુ ત્યારે; હવે હું મારી કથાનો આરંભ કરું છું. ધ્યાન આપજો હં."

બાળકોની અદલાબદલી!

છોકરાંઓ! મારું નામ તમે જાણો છો!"

ગોવાળોના એક છોકરાએ કહ્યું, "હા! આપનું નામ મહારાજ!"

શ્રીકૃષ્ણે કહ્યું, “ ના, ભૂલ થઈ. ફરીથી કહો. ”

બીજો એક છોકરો બોલ્યો, “ હું કહું છું-શ્રીકૃષ્ણ મહારાજ ! ”

ત્રીજો પાછળ બેઠો હતો, તે મોટેથી બોલી ઊઠ્યો, “ ના; ગોપાલકૃષ્ણ મહારાજ ! ”

આ સાંભળીને કૃષ્ણે હસીને કહ્યું, “ હં. હવે કંઈક બરાબર થયું. મારું નામ કૃષ્ણ છે. તમને ખબર છે, મને કૃષ્ણ કેમ કહે છે ? ”

કોઈ કંઈ બોલ્યું નહીં. ત્યારે કૃષ્ણે કહ્યું, “ તમે કહેતા નથી તો હું જ કહું છું. અરે, કૃષ્ણ એટલે કાળો. હું કાળો છું ને ? તેથી મારું નામ મારી એક માએ કૃષ્ણ રાખ્યું. મારે બે મા છે. તમે પૂછશો કે બે મા શાથી ? તો તેની કથા લાંબી છે, અને તે મજાની છે. હવે હું તે તમને કહું છું.

ઉત્તરમાં મથુરા નામનું એક મોટું શહેર છે. ત્યાં કંસરાજા રાજ્ય કરતો હતો. તે રાજ્યમાં મારા પિતાશ્રી એક જાગીરદાર હતા. કંસના દરબારમાં તેમનું ઘણું માન હતું. એક દિવસ કંસરાજાને મનમાં થયું કે વસુદેવની સાથે પોતાની બહેન પરણાવવી ! પછી વાર કેટલી ! લગ્ન નક્કી થયું અને તે બહુ ધામધૂમથી ઊજવવામાં આવ્યું. અમારા મામાને સમારંભ ખૂબ ઠાઠમાઠથી કરવાની બહુ હોંશ. વળી આવા સમારંભમાં તે પોતે પુષ્કળ કામ કરતા. લગ્ન થઈ

ગયું અને મારી માતાને સાસરે લઈ જવાનો વખત થયો. વધૂ-વરનો વરઘોડો ખૂબ ઠાઠપૂર્વક નીકળ્યો. મામા પોતે તેમના રથના સારથિ થયા. લોકો કહેવા લાગ્યા, " રાજાને પોતાની બહેન ઉપર કેવું હેત છે ! " કોઈ કહેતું, " દેવકીની નજર ઉતારો; છોકરી ભાગ્યશાળી છે. " રથ નગરમાં થઈને જવા લાગ્યો. ચારણોએ જયનાદ કર્યો. એવામાં આકાશમાં વીજળીનો ગડગડાટ થયો. બધા લોકોએ ઊંચે નજર કરી. ત્યાં તો ભયંકર આકાશવાણી થઈ, " હે કંસ ! તું જે દેવકીનો રથ ખૂબ હોંશથી હાંકે છે તેને પેટે અવતરનારો આઠમો છોકરો તારો પ્રાણ હરશે. સાવધાન ! " કોઈ પણ શુભકાર્યમાં વિઘ્ન નાખવાની કેટલાક લોકોને આ લોકમાં જેવી ટેવ હોય છે તેમ અંતરિક્ષમાં કેટલાક ઈર્ષ્યાળુ દેવતાઓ વસતા હોય છે. તેમનાથી કોઈનું ભલું જોવાતું નથી; અને પછી એ શુભ કાર્યમાં વિઘ્ન નાખવાને માટે કંઈક પણ અશુભ બોલીને મનુષ્યના મનમાં ભય ઉત્પન્ન કરે છે. મારા મામા કંસરાજા શૂરા, સાહસિક તેમ જ ભારે ભાવનાપ્રધાન નર હતા. તેઓ કોઈ પણ વાત ઉપર એકદમ વિશ્વાસ મૂકતા. કોઈ કંઈ ભવિષ્ય કહે—અથવા કોઈ કોઈની વિરુદ્ધ ચાડી કરે તો તેના ઉપર તેમનો એકદમ વિશ્વાસ બેસતો—"

રુક્મિણીએ વચ્ચે જ પૂછ્યું, " દેવ, રાજાનો સ્વભાવ જરા ગંભીર જોઈએ, ખરું ને ? "

કૃષ્ણે શાંતિથી જવાબ આપ્યો, " જરા કેમ ? ઘણો

ગંભીર જોઈએ. પણ તે ઘણાની બાબતમાં તેવો દેખાતો નથી. ઘણી વાર રાજ્યપદ અધીરા નરોને મળે છે. રાજલક્ષ્મી એ સ્ત્રીઓની માફક શૂરા, સાહસિક પુરુષોને એકદમ માળા પહેરાવે છે; તેમનામાં બીજા ગુણ છે કે નહીં એ લગ્નને સમયે તે ક્યાં જોવા બેસે છે ? ખરું ને, મહાદેવી ? ”

રુકિમણીએ કૃષ્ણનો આ કટાક્ષમય ઉત્તર સાંભળીને નજર નીચી કરી. કૃષ્ણે પોતાની કથા આગળ ચલાવી. તેમણે કહ્યું, “ હું શું કહેતો હતો ?–કે મારા મામા ભવિષ્યકથન ઉપર એકદમ વિશ્વાસ મૂકતા. તે મુજબ આ આકાશવાણીથી તેમના મનમાં ભય ઉત્પન્ન થયો. તેમણે તરત જ અશ્વની લગામો નાખી દીધી, અને પાછળ ફરીને પોતાની બહેનનો ચોટલો પકડ્યો અને કેડે લટકાવેલું ખડ્ગ ખેંચીને તે મોટેથી ગર્જી ઊઠ્યા, “તારો આઠમો પુત્ર મને મારવાનો એમ ? હું તેવો સમય જ આવવા દઈશ નહીં. તને જ હમણાં ને હમણાં ઠાર કરી નાખું છું એટલે થયું !”

મારા પિતાશ્રી–તાત વસુદેવ તે સમયે જોકે યુવાન હતા તોપણ તેમનું બોલવુંચાલવું હમેશાં ગંભીર અને શાંત વૃત્તિ બતાવનારું હતું. તે આ પ્રસંગે ક્રોધે ભરાયા નહીં. કંસરાજાના આ ક્રોધી અને લહેરી સ્વભાવની તેમને ખબર હતી. ક્રોધી માણસ સાથે ક્રોધથી વાત કરવાથી કંઈ ફાયદો થતો નથી, શાંતિથી વાત કરવાથી જ કંઈ ફાયદો થાય છે, એમ સમજીને મારા પિતાશ્રી શાંતિથી

બોલ્યા, "રાજા, આકાશવાણી શું કહે છે?–કે આનો આઠમો પુત્ર તમને મારશે! દેવકી તમને હણશે એવું તો આકાશવાણીએ કંઈ કહ્યું નથી; તો પછી તમે આને શું કામ ઠાર મારો છો? મને ખબર છે કે તમારું આની ઉપર ઘણું હેત છે. રાજા, હું તમને વચન આપું છું કે આને જે જે બાળક થશે તે તે હું તમારે સ્વાધીન કરીશ, પછી તો થયું ને?"

મારા મામાનો ક્રોધ આ વચનો સાંભળીને થોડો ઓછો થયો. તેમને એ વિચાર માન્ય કરવા જેવો લાગ્યો અને પછી તેમણે મારા તાતનું કહેવું માન્ય કર્યું. તેમણે કહ્યું, "વસુદેવ, જોજો હં! જો તમે તમારો પુત્ર મારે સ્વાધીન નહીં કરે તો મારી સાથે વાત છે એ યાદ રાખજો!"

આવી રીતે આ શુભ લગ્નમાં પહેલું જ મોટું વિઘ્ન ઉત્પન્ન થયું. બધાંનાં મન અસ્વસ્થ થયાં. મામા તે દિવસથી હમેશાં બેચેન રહેતા. તેમને વારેવારે ખરાબ સ્વપ્નો આવતાં. આ તરફ માને પણ હમેશાં લાગતું કે "મને જે બાળકો થશે તેમને ઠાર કર્યા વિના આ કંસ રહેવાનો નથી. હું પુત્રવતી થઈને પણ અપુત્ર જ મરણ પામવાની?" તે આમ કહે એટલે તાત તેમનું સાંત્વન કરતા અને કહેતા, "દેવકી, ઈશ્વરની કરણી અગાધ છે! તે કયા અને કેવા માર્ગે તારાં બાળકોનું રક્ષણ કરશે એ કેમ માલૂમ પડે! આપણે તેના ઉપર ભરોંસો રાખીએ અને તેને જ શરણે જઈએ!"

આમ કેટલાક દિવસ ગયા. પછી કેટલેક વર્ષે મારી માતાને સંતાન જન્મવાનો સંભવ ઉત્પન્ન થયો. આ ખબર દૂતો મારફત કંસના જાણવામાં આવી. પછી તેમણે મારાં માતાપિતાને કારાગૃહમાં નાખ્યાં. ત્યાં મારાં માતાને પહેલો પુત્ર થયો. મારા પિતાશ્રીએ વચન આપ્યું હતું તે મુજબ આ ખબર કંસરાજાને આપી. કંસ તાબડતોબ મારી માતાની પાસે આવ્યા. તેમના હાથમાંથી મારા પહેલા ભાઈને તેમણે ખૂંચવી લીધો અને ત્યાં પડેલા એક પથ્થર ઉપર તેને પછાડીને તેને ઠાર માર્યો, અને તે પોતાના મહેલમાં ચાલ્યા ગયા ! ”

આ વૃત્તાંત સાંભળતાં સાંભળતાં બધી સ્ત્રીઓનાં રોમ રોમ ખડાં થઈ ગયાં અને તેમના મુખમાંથી “ આ કેવી દુષ્ટતા ! એ કુમળા બાળકને જોઈને કંસરાજાને દયા પણ ન આવી ? માતાએ તે સમયે કેવી પોક મૂકી હશે ! ”– એવા ઉદ્ગાર નીકળ્યા.

કૃષ્ણે કહ્યું, “ આનાથી પણ કઠોર બનાવ તમારે સાંભળવાના આવશે ! કૃષ્ણકથા આવા ભયંકર બનાવોથી ભરેલી છે. તેથી તમારાં કાળજાં જરા કઠણ કરો. અસ્તુ. હું શું કહેતો હતો ? હા, યાદ આવ્યું. મારા સૌથી મોટા ભાઈને કંસરાજાએ શિલા ઉપર પછાડી મારી નાખ્યો. આ પછી બેચાર વર્ષે મારાં માને પુત્ર અવતરતો અને કંસરાજા તેને શિલા ઉપર પછાડી મારી નાખતો ! આમ છ વખત

થયું. સાતમો પ્રસંગ નજીક આવ્યો. પણ કોઈ જોગાજોગને લીધે તે ગર્ભ પૂરા દિવસ થતાં પહેલાં જ માના ઉદરમાંથી ગરી પડ્યો. તે ખબર કંસને પહોંચી નહીં. ત્યાર પછી કેટલાંક વર્ષ પછી હું મારી માતાના ગર્ભમાં આવ્યો. કંસરાજાને લાગ્યું કે આ સાતમો પુત્ર છે; પણ ખરેખરી રીતે તે હતો આઠમો! આ વખતે મારાં માએ પિતાશ્રીને આજીજીપૂર્વક કહ્યું કે "ગમે તેમ કરીને આ સંતાનને બચાવો!" પિતાજીએ તેને કહ્યું, "હું એનો જ વિચાર કરું છું!"

મેં તમને કહ્યું જ છે કે તાત વસુદેવ ભારે ગંભીર વિચારવાળા હતા. તેમના મનની વાત બીજાંના જાણવામાં સહેજે આવતી નહોતી!

સત્યભામા વચ્ચે જ બોલ્યાં, "પિતાના ગુણ જ પુત્રમાં ઊતરેલા જણાય છે! અમે પણ તમારા મનની વાતને ક્યારે કળી શક્યાં છીએ? આમ અમારી સાથે ઘણું ઘણું બોલો છો પણ તેમાંથી તમારા મનની જરા જેટલી વાત પણ અમારા જાણવામાં આવે તો સમ છે!"

આ સાંભળીને કૃષ્ણે સત્યભામા તરફ જોઈને સ્મિત કર્યું અને તેને જવાબ આપવાની ભાંજગડમાં પડ્યા વિના પોતાની કથા ચાલુ રાખી. તે બોલ્યા, "યમુના નદીને સામે તીરે કંસરાજાનો જે ગોવાળવાડો હતો, ત્યાંના નંદરાજા સાથે મારા પિતાને દોસ્તી હતી. બંને એકમેકને ત્યાં મળવા

માટે જતાઆવતા. તાત નંદ કર ભરવા મથુરામાં આવતા ત્યારે અમારે ઘેર જ ઊતરતા. માતા દેવકી જ્યારે આઠમી વાર ગર્ભવતી થઈ ત્યારે નંદપત્ની યશોદા પણ ગર્ભવતી હતી. નંદ અને પિતા વસુદેવે સંતલસ કરી મૂકી !"

ત્યાં બેઠેલો એક વૃદ્ધ ગોપ બોલ્યો, "દેવ, શી સંતલસ કરી ?"

કૃષ્ણે કહ્યું, "તે જ તો હવે હું આગળ કહેવાનો છું. તમને ખબર છે કે શ્રાવણ મહિનામાં વરસાદ બહુ પડે છે. આ વર્ષાકાળની આઠમની રાત્રે મારાં માતાને પ્રસૂતિ આવી. તે સમયે સામે આવનારા ભયને લીધે પોતાના સંતાનનું મુખ જોતાં પહેલાં જ તે બેભાન થઈ ગયાં. પહેલેથી ગોઠવી મૂક્યું હતું તે પ્રમાણે પિતાશ્રીએ મને એક વાંસની પેટીમાં મૂક્યો અને તે પેટી માથે લઈને તે કારાગૃહની બહાર જતા રહ્યા, અને યમુના નદી ઓળંગીને ગોકુળમાં ગયા. તે જ સમયે કર્મધર્મસંજોગે નંદપત્ની યશોદા પણ પ્રસૂત થયાં હતાં અને તે પણ માતા દેવકીની માફક બેભાન પડ્યાં હતાં. પિતાશ્રીએ મને યશોદામાતાની પાસે મૂક્યો; તેમને અવતરેલી કન્યા તેમણે ઉપાડી અને ટોપલીમાં નાખી અને તે પાછા પોતાના કારાગૃહમાંના નિવાસસ્થાને આવ્યા. તેમણે તે કન્યા મારાં માની પાસે મૂકી અને તે બોલ્યા, "આ જો, તેં કન્યાને જન્મ આપ્યો છે. જાગીને જો તો ખરી ! આને ઘણું કરીને રાજા કંસ મારશે નહીં !"

લગ્નમાં વચન આપ્યું હતું તે મુજબ સંતાનજન્મની ખબર મારા તાતે કંસરાજાને જણાવી. કંસ દોડતા દોડતા આવ્યા. પુત્ર નથી, કન્યા છે, એમ મારાં માતાપિતાએ મોટેમોટેથી કહ્યું; તોયે રાજાએ તે માન્યું નહીં. તે કન્યાનો ટાંટિયો પકડીને તે તેને શિલા ઉપર પછાડવા લાગ્યા, ત્યાં તો તે તેના હાથમાંથી છટકીને આકાશમાં ગઈ અને મોટેથી કડાકા સાથે ગાજી ઊઠી કે " હે હંસ, મને હણીને જીવતા રહેવાની તારી યોજના નિષ્ફળ ગઈ ! તારો દુશ્મન ગોકુળમાં છે ! "

આ બનાવ સાંભળતાં જ કૃષ્ણ-સ્ત્રીઓમાં સળવળાટ શરૂ થયો. કથા સાંભળવા માટે આવેલી ગોપીઓ કહેવા લાગી, " આ કઈ દેવતા હશે ? બધું અદ્ભુત જ સાંભળવા મળે છે ! " જાંબુવતીએ પૂછ્યું, " દેવ, એક પ્રશ્ન પૂછું ? તમારા તાત અને માતા કારાગૃહમાં હતાં, તે ગૃહ ઉપર કંસનો પહેરો તો હશે જ; વળી કમાડોને તાળાં-સાંકળ પણ વાસ્યાં હશે, ખરું ને ? તો પછી એ બહાર કેવી રીતે ગયા ? "

જરાયે અચકાયા વિના કૃષ્ણે કહ્યું, " મારા જીવનમાં એવા કેટલાક બનાવો બન્યા છે કે તેનાં કારણો મને પણ હજી સમજાયાં નથી. મારા પિતાશ્રીએ પોતાને મુખે મને તે વાતો કદી કહી નથી, અને હું પણ એ બાબતો વિશે તેમને પૂછવાની હિંમત કરતો નહોતો. રાજકારણની કેટલીક બાબતો એવી હોય છે કે તે પોતાની ચિતામાં જ બળી જવી જોઈએ. બનાવ પૂરો બની જાય તો પણ રાજકારણી પુરુષો તેનો સ્ફોટ

કદી કરતા નથી. મારા તાત ભારે મુત્સદ્દી હોવાથી જ તે ભારે વિકટ પ્રસંગમાંથી પાર ઊતર્યા. ”

આ સાંભળીને સત્યભામા બોલ્યાં, “ ના કહેશો તમારા રાજકારણનાં રહસ્યો; પણ શ્રાવણ મહિનામાં નદીમાં પૂર આવ્યું હશે ને ? તો તેવા પૂરમાં થઈને તમારા પિતાશ્રી માથે વાંસની પેટી લઈને તમને સલામત કેવી રીતે લઈ ગયા ? એમાં તો કોઈ રાજકારણ નથી ને ? ”

કૃષ્ણે કહ્યું, “ આમાં શાનું રાજકારણ ? આમાં તો દેવ-કારણ હતું ! ઘણી વખત ગૂઢ શક્તિ જીવનમાંના કઠણ પ્રસંગોમાં સાત્ત્વિક મનુષ્યોને સહાય કરતી હોય છે ! એટલું જ કે તે પ્રસંગો કટોકટીના હોવા જોઈએ. તાત વસુદેવ આ બનાવ વિશે એક વખત કહેતા હતા કે ‘ હું યમુનાને પાર કેવી રીતે કરી ગયો અને પાછો કેવી રીતે આવ્યો એની મને પણ સમજ પડી નહીં. કંસના જાસૂસો મને પકડશે કે શું એ એક જ ધાસ્તીમાં હું સતત હતો. હું શું કરતો હતો તે મને જ સમજાતું નહોતું. મેં કંઈક કર્યું એમ કહેવાને બદલે મારે હાથે એ થયું, કોઈ પણ ગૂઢ શક્તિએ એ કાર્ય કરાવ્યું એ જ ખરું ! ’ દેવી, તાતનાં આ વચનોની મને હમેશાં પ્રતીતિ થઈ છે. મારા જીવનમાં પણ ઘણી વાર ગૂઢ શક્તિએ જ મારો હાથ પકડી અદ્ભુત ઘટનાઓ કરાવી છે. અસ્તુ. પણ આ સંબંધમાં ફરીથી કહીશ. ”

આ પછી કૃષ્ણ આત્મકથા તરફ વળ્યા અને બોલ્યા, “ આ પછી મારાં માતાને સંતાન થયું નહીં. તાત નંદે

વાંસની પેટીમાં મને મૂકયો અને નંદપત્નીની પાસે મૂકીને મારું રક્ષણ કર્યું. મારા જન્મની આ આવી કથા છે. આ જ વખતે એક બીજો બનાવ બન્યો. જે બનાવને પરિણામે મને જન્મનો સાથી મળ્યો, તે બનાવ કહીને આપણે આજે અટકીશું.

"મારા પિતાને રોહિણી નામની એક બીજી ભાર્યા હતી. તેને પણ માતા દેવકીની સાથોસાથ ગર્ભ રહ્યો હતો. તેના સંતાનનો પણ કંસરાજા કદાચ જીવ લેશે એમ માનીને તાત વસુદેવે રોહિણી માતાને ઘણા દિવસ પહેલાંથી ગોકુળમાં આણી રાખ્યાં હતાં. તેણે પણ મારી પહેલાં એક સુંદર પુત્રને જન્મ આપ્યો. તે રૂપે જેવો રૂપાળો તેમ શરીરે જન્મથી જ મજબૂત હતો. વળી તેનો વર્ણ પણ ગોરો હતો. તેથી તેનું નામ બળરામ પાડવામાં આવ્યું હતું. તેના પ્રમાણમાં હું શ્યામ હોવાથી મને લોકો અને યશોદામા કૃષ્ણ કહીને બોલાવતાં. હું વસુદેવ-દેવકીનો પુત્ર છું એ વાતની મને કેટલાંયે વર્ષ સુધી ખબર નહોતી. નંદ-યશોદાને જ હું પિતા-માતા તરીકે માનતો હતો. તેઓ પણ મને પોતાનું સંતાન સમજી કલ્પનાતીત પ્રેમ કરતાં. મારા ભાઈ બળરામ અને હું સાથે જ મોટા થયા, ઊછર્યા, રમ્યા એ વાત યથાવકાશે આગળ આવશે."

આટલી કથા પૂરી કરી કૃષ્ણ નગરમાં જવા ઊપડ્યા.

૩

બાલકૃષ્ણનાં પરાક્રમો

આજે સવારે એક દૂત પાંડવોનો પત્ર લઈ ને શ્રીકૃષ્ણને મળવા આવ્યો. તે પત્રમાં ધર્મરાજાએ લખ્યું હતું કે "અમે જૂગટામાં રાજ્ય ગુમાવ્યું છે અને બાર વર્ષનો વનવાસ સ્વીકાર્યો છે. અમારી સાથે દ્રૌપદી છે. આ વનવાસમાં અભિમન્યુનું શિક્ષણ રખડી ન પડે તે માટે તેને સુભદ્રા સાથે તમારે ત્યાં રવાના કરીએ છીએ." વગેરે વગેરે.

આ પત્ર વાંચ્યા પછી શ્રીકૃષ્ણે દૂતની સાથે પ્રત્યુત્તર મોકલ્યો કે "અભિમન્યુની બાબતમાં નચિંત રહેજો." ત્યાર પછી તેમણે રુક્મિણીને બોલાવી અને પાંડવોના પત્રનો સાર તેને જણાવીને કહ્યું, "પાંડવોએ રાજ્ય ગુમાવ્યું તેથી સુભદ્રાના મનની અવસ્થા વિશેષ નાજુક થયેલી હોવી જોઈએ. તમારા મોંમાંથી ભૂલેચૂકે પણ એક વાંકો શબ્દ નીકળશે તો તે તેને આ વખતે વધારે લાગશે. પાંડવો વનવાસમાંથી પાછા ફરે ત્યાં સુધી સુભદ્રા અને તેના પુત્રને આપણે ત્યાં પોતાના ઘરના જેવી જ મોકળાશ લાગવી જોઈએ. દરમિયાન સુભદ્રાની આંખમાં એક પણ વખત આંસુ આવે નહીં એવી તજવીજ આપણે કરવી જોઈએ, ખરું ને?"

રુક્મિણીએ જવાબ આપ્યો, “ સારું થયું, સુભદ્રાબહેન અહીં આવે છે; નહીં તો અભિમન્યુનું શિક્ષણ રખડી પડત ! આપ પોતે જ એના શિક્ષણની સંભાળ રાખવાના છો ને ? કે કોઈ ઉપર આફત ઊતરે એટલે આપ પોતાની જવાબદારી ઊતારી નાખી ભાગી જવાના ? ” રુક્મિણીએ ટોણો માર્યો.

એ સાંભળીને કૃષ્ણે ભ્રૂકુટિ ખેંચીને કહ્યું, “ અમે અમારી જવાબદારીઓ ક્યારે નાખી દઈએ છીએ ? પાંડવો બોલાવે એટલે હું તરત જ તેમની પાસે ઘણી વાર જાઉં છું એ ખરું છે; પણ તેને કારણે પ્રદ્યુમ્નના અને સાંબના શિક્ષણમાં કંઈ ઊણપ રહી છે ખરી ? વૃષ્ણીકુળને ભૂષણરૂપ નીવડે એવા આ કુમારો તૈયાર નથી થયા ? તમે મને સ્થિતપ્રજ્ઞ કહીને ચીડવો છો; પણ તમે એ ભૂલી જાઓ છો કે હું સ્વધર્મ પ્રત્યે કદી બેદરકાર રહેતો નથી. પરમદિવસે જાંબુવતીને સારું નહોતું ત્યારે વૈદ્યરાજને તેમના તરફ મોકલીને હું બેસી રહ્યો નહીં. તેમની શુશ્રૂષામાં મેં પોતે ધ્યાન આપ્યું હતું ! ભોજન બાદ લેવાની દવા તે ભોજન પહેલાં લેતાં હતાં એ બાબત વૈદ્યના ધ્યાનમાં કોણે આણી હતી ? અભિમન્યુના શિક્ષણની તજવીજ હું પોતે કરવાનો છું. સામાન્ય વિદ્યા શીખવવા શિક્ષક રાખીશું અને ખાસ અસ્ત્રો હું શીખવીશ. અભિમન્યુ અર્જુનની જેમ તીક્ષ્ણ બુદ્ધિવાળો અને પ્રખર પ્રજ્ઞાવાળો બાળક છે, એમ સાંભળ્યું છે; અને અમે રહ્યા ગોવાળિયા

તેથી અમારું શિક્ષણ–સુભદ્રાને જવા દે પણ તમને–પસંદ પડશે કે ?"

રુક્મિણીએ આનો કંઈ જવાબ આપ્યો નહીં. કૃષ્ણને નર્મગોષ્ઠી કરી રુક્મિણીને ચીડવવાની ટેવ હતી; પણ સત્યભામાની જેમ તે જરાતરામાં ઝટ રોષે ભરાતાં નહોતાં.

હમેશાંની જેમ સાંજને સમયે સત્યભામા, રુક્મિણી ઇત્યાદિ સ્ત્રીઓ સાથે રથમાં બેસીને કૃષ્ણ ગોકુળમાં આવ્યા. તેમનો બાળપણનો દોસ્તદાર સંતુ કૃષ્ણ ઉપરના સ્નેહને લઈને ઘણા દિવસ થયાં દ્વારકા આવીને રહ્યો હતો. તે તેને મોજ પડે તેમ કોઈ પણ કૃષ્ણ-પત્નીને ત્યાં જમવા જતો. ગમે ત્યાં તે ફરે તો પણ રાત્રે તે કૃષ્ણને ત્યાં જ પડાવ નાખતો. કૃષ્ણ-સ્ત્રીઓ તેને ગોકુળમાંની ગમતો પૂછતી; પણ એકે પ્રસંગ સુસંગત રીતે તે કહી શકતો નહોતો. જમતી વખતે જો પીરસણિયો દહીં-દૂધ ભૂલથી ઓછું પીરસે તો શ્રીકૃષ્ણના લાડને લીધે જરા વધારે મિજાજી બનેલો સંતુ જમવાની થાળી એકદમ ધકેલી દેતો અને ભોજનમાંથી ઊઠી જતો ! કૃષ્ણને આ વાત જણાતાં તે તેને મનાવી જમવા બેસાડતા.

આજે સંતુને કોણ જાણે કઈ ધૂન ચડી ! તે સૌની પહેલાં જરા વહેલો ગોકુળમાં પહોંચી ગયો, અને ત્યાંના ગોપાળોને જરાક દબડાવીને તેણે કહ્યું, " આમ જુઓ, વાર્તા ચાલુ હોય ત્યારે કોઈએ રડવાનું નહીં, હસવાનું નહીં, હાં કે ? "

મુકરર કરેલા સમયે કૃષ્ણ પોતાના મંડળ સાથે ગોવાળવાડે ગયા અને ત્યાં તેમણે પોતાની કથાનો આરંભ કર્યો :

"મનુષ્યના જીવનમાં સુખદુઃખના પ્રસંગો આવવાના જ. તેમનો હસતે મોઢે સામનો કરવો એમાં મોજ છે. દાઝી જતાં હસવું એમ મારા કહેવાનો આશય નથી. જીભ દાઝે તો ભલે ચીસ પાડી ઊઠો, જોઈએ તો રડો; પણ એ બનાવ પૂરો થઈ ગયા પછી પાછલાં દુઃખોને યાદ કરી કરીને તેમને વાગોળ્યા કરવાં નહીં. પિતા વસુદેવને સુખદુઃખની ઊર્મિઓ પચાવવાની કળા બરોબર સિદ્ધ થઈ છે. પોતાના પેટના દીકરાઓને કંસરાજા શિલા ઉપર એક પછી એક પછાડી મારી નાખતો હતો ત્યારે તે પોતાની મનોવૃત્તિ ખૂબ કાબૂમાં રાખતા અને રાજા પાછો ફરતાં મારી માતાનું સાન્ત્વન કરતા. સાન્ત્વન કરવામાં તેમની એક ખૂબી હતી. પ્રથમ તે માતાની ભાવના સાથે એકરૂપ થઈ કંસ ઉપર ખૂબ રોષ ઠાલવતા. કદી કદી ગાળો ને શાપ પણ વરસાવતા અને પછી મારી માતાને પૂછતા, 'આ ક્રૂર અધમને એક વાર મારી નાખું ? તેની વિરુદ્ધ ઘણા લોકો છે; તેમની સહાય લઈને તેને ઠાર કરવો કઠણ નથી.' પછી મારી માતાને ભાન આવતું અને તે કહેતી, 'તમારો જીવ જોખમમાં નાખશો નહીં. વળી ગમે તેમ તોયે તે મારો ભાઈ છે. આજે તેનું માથું ફરી ગયું છે. ઈશ્વરની ઇચ્છા હશે તો આપણને પુત્ર થશે !'"

કથા ચાલતી હતી ત્યારે તે સાંભળવા આવેલા એક

ગોવાળે વચ્ચે જ કૃષ્ણને પૂછ્યું, “ તમે મથુરાના લોકો બહુ ઠંડા માથાના લાગો છો. અમે અહીંના લોકો આવા ઠંડા મગજના નથી. અમારા બાળકને કોઈ ખાલી અડકે તોયે અમે તેને ખાવા દોડી જઈએ છીએ ! ”

આ પછી કૃષ્ણ બોલ્યા, “ તાત વસુદેવ મને ગોકુળમાં કેવી રીતે મૂકી આવ્યા એ મેં તમને પરમદિવસે કહ્યું જ છે. યશોદામાતા ઘણી વાર પોતાની બહેનપણીઓને કહેતાં કે ‘ કૃષ્ણ નાનપણમાં ઘણો તોફાની હતો. ગાય-બળદ કે ઘેટાં-બકરાંની પાછળ દોડીને તે તેમની પૂછડીઓ ખેંચતો. નાનાં નાનાં છોકરાંઓને ભેગાં કરીને તે બધાં શીકા ઉપરનાં દૂધ-દહીં ખાતાં. જરા મોટો થયા પછી તે ઘરમાંનું જ દૂધ-દહીં ચોરતો હતો એવું નહીં, પણ તે ગોવાળોની ફોજ ભેગી કરીને ગોપીઓ પાણી ભરવા નદી ઉપર જતી ત્યારે તેમનાં ઘરોમાં પેસી અને શીકાં ઉપરનાં દૂધ-દહીં ચપચપ પી જઈને ખાલી થયેલી મટકી ફરીથી યથાયોગ્ય ઠેકાણે મૂકીને નાસી જતો ! ’ કોઈ કોઈ વાર અમે ગોવાળણોના હાથમાં સપડાતા ત્યારે દીન મોઢાં કરીને ‘ હવે ફરીથી એવું નહીં કરીએ ’ એમ કહીએ એટલે એ ભોળી ગોપીઓ અમને છોડી મૂકતી. કોઈ કોઈ વાર મને પકડીને તેઓ યશોદા માતા પાસે લઈ જતી અને કહેતી, ‘ આ જુઓ તમારો લબાડ છોકરો; એને જરા ઠેકાણે લાવો ! ’ પછી યશોદામાતા કહેતાં, ‘ બહુ તોફાની થયો

છે; તમે જ તેને પકડી રાખો અને આપો બરાબર પ્રસાદ!' પણ મને કોઈ મારતું નહીં. એક તો હું નંદરાજાનો દીકરો, અને બીજી વાત કે પેલી ગોપીઓ ઉદાર હૃદયવાળી હતી. 'છોકરું છે, ખાધું હશે,' એમ કહીને તેમનો મારા ઉપરનો રોષ ઝટ ઉતારી નાખતી. યમુનાને તીરે અમે ગેડીદડા રમતા; ખૂબ મસ્તી કરતા—"

સન્તુ વચ્ચે જ બોલી ઊઠચો, "આ કૃષ્ણ અમને ગાંઠતા નહીં. પછી અમે ત્રણચાર જણ ભેગા થઈ તેમને પકડી પાડતા અને તેમની છાતી ઉપર ચડી બેસતા. પણ તે કદી ચિડાતા નહીં. અમે તેમને મારતા તો તે હસીને કહેતા, 'મારું શરીર દુખતું જ હતું, સારું થયું તમે તેની ચંપી કરી!' મોઈદંડા રમતી વખતે કૃષ્ણનો ઘા કદી ખાલી જતો નહીં. તે ઘા લગાવતા ત્યારે મોઈ ક્યાંની ક્યાં જઈ પડતી અને પછી તેને શોધી કાઢવામાં અમારો નાકે દમ આવતો! મને, હાં કે, કદી સારું રમતાં આવડે નહીં. આથી બીજા છોકરા મને રમતમાં કદી લેતા નહીં. પછી હુ રડવા બેસતો. આ જોઈને કૃષ્ણ મારી પાસે આવીને કહેતા, 'હું તારી સાથે રમું છું!' મને મૂકીને કૃષ્ણ કદી રમ્યા નથી. કૃષ્ણ, કહો ને એ બધું! ચૂપ કેમ બેઠા છો?"

કૃષ્ણ સન્તુ તરફ જોઈને હસીને બોલ્યા "અરે દોસ્ત, મને થયું કે હવે બધી કથા તું જ કહેવાનો—"

સન્તુએ માથું ખંજવાળતાં કહ્યું, "હે કૃષ્ણ, મારું માથું ક્યાં તમારા જેવું ચાલાક છે? મને બધું કંઈ યાદ આવતું નથી. જો મારું માથું સારું હોત તો હું તમારા જેવો રાજા ન થયો હોત?"

કૃષ્ણે કથા ચાલુ કરી, "મારાં તોફાન કદીક કદીક વિશેષ ઉપદ્રવ કરનારાં થતાં. કોઈ ગોવાળણ જો અમારી ટોળીની પૂંઠે પડતી તો અમે કોક દિવસે તેનો ફજેતો કરી નાખતા. પાણી ભરેલું બેડું માથે લઈને તે તેની સખી સાથે વાતો કરતી ઘેર આવતી ત્યારે અમે તે બેડાને ઝાડ પાછળ સંતાઈ જઈને અચૂક પથરાનો ઘા કરતા. પથરાના ઘાથી તે બેડું નંદવાતું, અને તે ભીની થઈ જતી, એટલે અમે મોટેથી હસી પડીને ત્યાંથી પલાયન થઈ જતા. પણ અમારાં આ તોફાનો અમે જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ આપોઆપ અટકી ગયાં.

મને યાદ છે કે ગામમાં વરુ આવ્યાની એક વખત બૂમ પડી. લોકો કહેવા લાગ્યા કે 'વરુઓનાં ટોળેટોળાં ગોકુળનાં ચરવા ગયેલાં બકરાંઘેટાં ઉપર અને ગાયબળદો ઉપર તૂટી પડ્યાં છે.' ગામના લોકો ઘણી વખત હાથમાં ડાંગો લઈને વરુઓને મારવા દોડતા; પણ વરુઓ તેમને ગાંઠતાં નહીં. ગોકુળમાં જાનવરો ઘણાં હતાં તેથી દૂરદૂરનાં વરુઓ ત્યાં આવવા લાગ્યાં. પછી તાત નંદે સભા ભરી. તેમાં લોકો શું શું બોલ્યા તે બધું મને યાદ આવતું

નથી. દૂર ઊભા રહીને અમે તેમનું બોલવું સાંભળતા હતા. બીજે દિવસે પરોઢિયે યશોદામાતાએ મને કહ્યું, 'ચાલો, આપણે હવે દૂર બીજે ગામડે જવાનું છે. હાજરી કરી લો.' બહારગામ જવાનું! તેનો અમને આનંદ થયો. તરત જ આખું ગામ જવા ઊપડ્યું. ઘરમાંનું બધું રાચરચીલું લોકોએ પોતપોતાનાં ગાડાંમાં ભર્યું. થોડુંક બળદો ઉપર લાદ્યું. પાંચસો-સાતસો લોકો—પુરુષો, સ્ત્રીઓ, બાળકો, છોકરાં, ઢોર, જાનવરો એમ બધાં અમે ઊપડ્યાં. બહુ મજા આવતી હતી. તાત નંદ અને બીજા બેચાર આગેવાનો રસ્તો દેખાડવા આગળ ચાલતા હતા. બપોરે અમે નવી જગ્યાએ પહોંચ્યા. ત્યાં પાણી પુષ્કળ હતું; ઘાસ પુષ્કળ હતું; અને નજીકમાં જ એક ટેકરી હતી. તાત નંદે જેને જેટલી જોઈએ તેટલી જમીન આંકી લેવા ગોપલોકોને કહ્યું. ગોપલોકોને ઘર ઊભાં કરતાં વાર લાગી નહીં. સાંજ સુધીમાં તે ઊભાં થઈ ગયાં. ઢોર બાંધવા માટે ખીલા ઠોકાઈ ગયા. ઘંટીઓ ગોઠવાઈ ગઈ. આમ સાંજે દરેક ઝૂંપડીમાં ગોવાળોને તાજી રસોઈ ખાવા મળી. બીજા દિવસથી અમે અમારા ઢોરને ચારવા લઈ જતા હતા ત્યારે નવો પ્રદેશ અમે બરાબર જોઈ લીધો. અમને તે બહુ ગમ્યો; કારણ કે ત્યાં તરવા માટે ખૂબ પાણી હતું. નદીમાં એક ઊંડો ધરો હતો. તેમાં ભૂસકા મારવાની સગવડ હતી. જંગલી ફળનાં ઝાડની પણ ખોટ નહોતી. તેથી નવી જગામાં અમને ખૂબ મજા પડી. હવે અમને દૂધ-દહીં ચોરવાને બદલે ધિંગામસ્તી કરવાનો

છંદ વધારે લાગ્યો. ગાયો-બળદોને ચરવા છૂટાં મૂકી દઈએ પછી અમારે બીજો ધંધો શો હતો? ઝાડ ઉપરથી ધૂબકા મારવા, પાણીમાં ખૂબ પડ્યા રહેવું, મસ્તીકુસ્તી કરવી! મારા કરતાં મોટાભાઈ વધારે ઊંચા હતા અને તેમનાં હાડકાં મજબૂત હતાં. નાનાં નાનાં ઝાડવાં તો તેઓ એક ઝટકાથી ઉપાડી નાખતા, અને તે લઈ ને તે અમને મારવા દોડતા ત્યારે અમે તેમનાથી બહુ ડરતા. એક દિવસ તેમણે પોતાના દોસ્તદારોને કહ્યું, 'અલ્યા, આપણે ખાલી મસ્તી કરીએ એ બરાબર નથી. ખેડૂતોની માફક હળ ફેરવીને આપણે જમીનને તોડીએ અને અનાજ પકવીએ.' મને પોતાને આવી ખેતીના કરતાં ગાય-બળદની સેવા જ વધારે ગમતી. હું સારા સારા બળદ તૈયાર કરતો અને મોટાભાઈને આપતો. અમે નંદના છોકરા હવે તોફાન કરતા નથી અને કંઈ પણ કામ કરીએ છીએ એ જોઈ ને ગોકુળના લોકો અમારા ઉપર ઘણા ખુશ હતા. તેમાંયે ગોપીઓ તો અમારા ઉપર આફરીન; કારણ કે અમને બંનેને ગાતાં આવડતું હતું. મારા મોટાભાઈનો અવાજ મોટો તોયે મધુર હતો. મને ગાતાં તો આવડતું હતું; પણ પાવો વગાડી મોટાભાઈને સાથ આપવામાં મને વધારે મજા પડતી. કોઈ કોઈ વાર સાંજે કે સવારે કોઈ ઝાડની નીચે બેસીને હું પાવો વગાડવા માંડતો તો ગોપીઓ પોતાનો કામધંધો છોડીને તે સાંભળવા દોડતી અને પછી તેમની સાસુઓ તેમને એવી તો ઊધડી લેતી કે ન પૂછો વાત!"

સન્તુ વચ્ચે જ બોલ્યો, "કૃષ્ણ, અને બીજી ગંમત તમે

નથી કહી ? પેલાં અક્કામાશી એક દિવસ વેલણ લઈને વહુને ખોળવા આવ્યાં. તેમના મનમાં પાવો સાંભળતી વહુને સારી પેઠે મારવાનું હતું; પણ મજા એ થઈ કે તે પોતે જ પાવો સાંભળવામાં તલ્લીન થઈ ગયાં ! વહુને મારવાનું તે સાવ ભૂલી ગયાં. પછી અમે તેમની પૂંઠે પડ્યા અને ગાવા લાગ્યાઃ

> વહુને મારવા માશીબા દોડ્યા.
> વાસળી સૂણવામાં મગન થઈ ગયા !

થયું. એ ગીત આખા ગામમાં પ્રસર્યું ! સ્ત્રીઓ તેને પૂછવા લાગી, ‘ હેં માશીબા, આ છોકરાં શું ગાય છે ? ’ ત્યારે તે હસીને કહેવા લાગ્યાં, ‘ છોકરાં ગાય છે તે તદ્દન ખરું છે. હું દોડી ગઈ વહુને મારવા, પણ ત્યાં જ વેણુના નાદમાં તલ્લીન થઈ ગઈ. આ કૃષ્ણ અમને કામધંધો કરવા દેતો નથી ! ’ એક દહાડો મેં અક્કામાશીનો પાલવ પકડી કહ્યું, ‘ માશીબા, વાંસળી શું સાંભળો છો ? ઘેર રોટલા ઘડવાના બાકી છે ને ? ’ આ સાંભળીને એ પાકાં માશી મને થપાટ લગાવી કહેવા લાગ્યાં, ‘ છાનો મરને મૂઆ, સાંભળવા દેને મને એ મોરલી ! ’ આ ગોવાળણોમાં રાધા નામની એક ગોવાળણ હતી. તેને તો મોરલી સાંભળવાની ભારે ઘેલછા ! અમે તેને ‘ ગાંડી રાધા ’ કહીને બોલાવતા. હં, કૃષ્ણ, તમારી વાર્તા આગળ ચલાવો. ”

કૃષ્ણ – આવી રીતે અમારા દિવસો પસાર થતા હતા ત્યારે અમારા નવા ગોકુળ ઉપર ઉપરાછાપરી સંકટો આવ્યાં. વનમાં રહેવામાં ખુલ્લી હવાનું ભારે સુખ હોય છે. તેને લઈને

સાદા ખોરાકમાં પણ મીઠાશ આવે છે; પણ સાથોસાથ ત્યાં જંગલી જાનવરોનો પણ ઉપદ્રવ હોય છે. એક દહાડો એવું બન્યું કે ક્યાંકથી એક ભારે મોટો સાંઢ જંગલમાંથી અમારા વૃંદાવનમાં આવ્યો. અમે નાનાંમોટાં બાળકો રમતા હતાં ત્યાં તે અમારા ઉપર ધસી આવ્યો. કેટલાંક છોકરાંને તો તેણે શિંગડાં મારીને ફગાવી દીધાં. તેને જોઈને અમારી ગાયો નાસભાગ કરવા લાગી. તેના શરીરમાં મસ્તી માતી નહોતી. લીલું ઘાસ ખાઈને તે માત્યો હતો. પોતાની મસ્તીની રગને તૃપ્ત કરવા માટે તે અમે રોપેલાં વૃક્ષોને પણ ઉખાડી નાખવા લાગ્યો. એક વૃદ્ધ ગોવાળણને તેણે માથું મારીને પાડી નાખી. આ ખબર અમને મળતાં જ અમે લાકડીઓ લઈને ભેગા થઈ ગયા. એવામાં એ સાંઢ બીજાં બધાંને છોડીને અમારી ટોળી ઉપર જ ધસી આવ્યો. અમે સૌએ એને સારી પેઠે ધીબી નાખીને ઠાર કર્યો !

સન્તુ – અમે સૌએ કેમ કહો છો ? – અમે તો ડરથી નાસતા હતા. એવામાં અમારા આ દોસ્ત આગળ વધ્યા. તેમણે પેલા મસ્ત સાંઢનાં શિંગડાં પકડ્યાં અને તેને ધક્કો મારીને પાછળ હઠાવ્યો. પછી અમને પણ શૂર ચડ્યું. અમે તેના પગ ઉપર લાકડીઓના પ્રહાર કર્યા. કૃષ્ણે તેનું શિંગડું જ ઉખેડ્યું. આવી રીતે પેલો માતેલો સાંઢ લોહીની ઊલટીઓ કરીને ભોંયભેગો થયો !

રુક્મિણી – આમનામાં આટલી બધી શક્તિ હતી, દિયેરજી ?

કૃષ્ણ—દેવી, તે સમયે હું તરુણ હતો. સંસારની ચિંતા નહોતી. પેલા મસ્ત સાંઢની માફક અમે પણ વૃંદાવનની ખુલ્લી હવામાં ખાઈપીને મસ્ત બન્યા હતા. યશોદામાતાએ અમને ખવડાવવામાં પાછળ ફરીને જોયું નથી. પણ હવે તેની શી વાત કરવી? હવે માથે પડ્યો છે સંસારનો ભાર! તે સમયે તાત નંદ કહેતા, 'કૃષ્ણ, મોટો થઈને તું રાજા થઈશ તોયે તને આવું ખાવાનું ફરી નહીં મળે. આ સ્ત્રીઓ કદાચ શરીર ઉપરનું સોનું ઉતારી આપે, પણ દૂધ ઉપરની મલાઈ પોતાના પતિને મોકળા મનથી કદી નહીં આપે!'

સત્યભામા—શું જેમ આવે તેમ બોલો છો!

કૃષ્ણ—હું ક્યાં આવું કહું છું! આવું કહીને હું ક્યાં જાઉં? મારે તમારી સાથે રહેવાનું છે ને? મારી માન્યતા એવી નથી. અમારા તાત નંદ જે કહેતા તે જ હું તમને કહું છું, બસ. અસ્તુ! એક દિવસ જંગલી ગધેડાંઓએ અમારા વૃંદાવનને હેરાન કરી નાખ્યું. એ ગધેડાં અમારી ગાયોને કરડવા દોડતાં અને અમે તેમને મારવા દોડીએ એટલે તરત જ મોઢું ફેરવી લાતો મારવા લાગતાં. આખરે અમે બધા જુવાનિયા ભેગા થયા અને તેમને તગેડી મૂક્યાં. આ બનાવ હવે પછીના બનાવના પ્રમાણમાં મુશ્કેલ નહોતો.

અમારા યમુનાના ધરામાં માછલાં ને મગર જેમ રહેતાં તેમ ત્યાં પાણીના પ્રવાહમાં નાનામોટા સાપ પણ તણાઈ આવતા. ખડકની બખોલમાં જગા મળે તો તે ત્યાં વાસ

કરીને રહેતો, અને લાગ મળતાં નાનાંમોટાં દેડકાંને સ્વાહા કરતો. આથી આ ધરામાં ભૂસકા મારીને તરવાની અમને મુશ્કેલી પડવા લાગી. એક વખત એક બહુ મોટો કાજળ જેવો કાળો નાગ નદીના પ્રવાહમાં તણાઈને આવીને ધરામાં રહ્યો હતો. છોકરાઓએ પથરા મારીને તેને ભગાડવાનો પ્રયાસ કર્યો; પણ કેમે કરીને તે ત્યાંથી જતો જ નહોતો, કારણકે ધરામાંના દેડકાંની તેને ઉજાણી મળ્યા કરતી. વળી રાત્રી થતાં તે ધરાની બહાર આવતો અને ખેતરમાંના ઉંદરને પણ ઓહિયાં કરી જતો. ધરાવાળી જગા પાણી ભરવા માટે સારી હતી; પણ પેલા કાળા કાલિયનાગના ભયને કારણે ગોપીઓ ત્યાં પાણી ભરવા જવાની હિંમત કરતી નહોતી. તેમને પાણી ભરવા દૂર જવું પડતું, અને પછી તેમને ખૂબ મુશ્કેલી પડતી.

આ કાલિય નાગનો નિકાલ કેવી રીતે કરવો એની ચર્ચા ગામમાં ચાલતી હતી. અમે જુવાનોએ એ વિશે વિચાર કર્યો. મોટાભાઈ બળરામ ક્યાંક બહાર ગયા હતા. મેં કહ્યું, “ આપણે બધા એ ધરામાં એકી સાથે ભૂસકા મારીએ અને કાલિય નાગને બહાર ખેંચી લાવીએ ?” પણ કાલિયનો ભય લોકોને એટલો બધો લાગતો હતો કે કોઈ મારો સાથ કરવા આવે નહીં. યશોદામાતાએ મને તાકીદ કરીને સંભળાવ્યું હતું કે “ ખબરદાર કૃષ્ણ ! પેલા દુષ્ટ કાલિયની પૂઠે પડયો છે તો ! ભગવાનને આપણી ફિકર છે ! તે જ તેનો નાશ કરશે ! ”

પછી મેં મનમાં વિચાર્યું કે "આ કામ મારે એકલાએ જ પતાવવું. સાહસ કર્યા વિના લોકો ઉપરની આફત દૂર કેવી રીતે થાય? એમનું દૂધ-માખણ આટલા દિવસ ખૂબ ખાધું, તેનો બદલો વાળવાનો આ અવસર છે." કાલિય ઉપર હુમલો કરતાં પહેલાં મેં નાનામોટા સાપ પકડીને મારવા માંડ્યા; અને સાપ આપણી ઉપર કેવી રીતે આવે છે, પૂંછડીનો ઝપાટો કેવી રીતે લગાવે છે, માથું પકડવા જતાં તે આપણા કાંડાને મજબૂત રીતે કેવો વીંટળાઈ જાય છે, વગેરે સાપની પ્રવૃત્તિઓ મેં જોઈ લીધી. પછી એક દિવસ બપોરે મારા સાથીઓ બપોરે રોટલો ખાઈને ઝાડની નીચે ઊંઘતા હતા ત્યારે હું એકલો જ ધરા ઉપર ગયો. ત્યાં મોટું કદંબનું વૃક્ષ હતું. તેના ઉપર હું ચડ્યો. પછી પાણી ઉપર ઝૂકેલી ડાળી ઉપર સમતોલપણું જાળવીને જઈ હું ઊભો રહ્યો. જોરથી મેં દંડ ઠોક્યા અને માતપિતાનું સ્મરણ કરીને "કાલિયા, બહાર આવ!" એમ મોટેથી હાંક મારી ધરામાં ધડ દઈને ભૂસકો માર્યો! તે સાથે જ પાણી ખૂબ ઊછળ્યું, અને પાણીમાં રહેલો કાલિય નાગ એકદમ ઉપર આવ્યો. તે સાવધ નહોતો; હું સાવધ હતો, અને મારે શું કરવું એ મેં નક્કી કર્યું હતું. હું તેના ઉપર ધસી ગયો અને તેની મૂંડી હાથમાં મજબૂત પકડી. તે સાથે જ તે મને વીંટળાઈ વળ્યો. એક તરફ હું મારા શરીરને ફુલાવતો ગયો અને બીજી તરફ તેની મૂંડીને મજબૂત જકડી રાખીને તેને ગૂંગળાવવા લાગ્યો. વળી એક

મોટા પથરા પાસે જઈને મૂંડીને તેના ઉપર જોરથી પછાડી. તરત જ તેનો વીંટો છૂટો થયો. તે દીન થઈ ગયો! હું પણ થાકયો હતો તેથી મેં તેને થોડો વખત છોડી દીધો અને ફરીથી તેની ફેણ પકડીને તેને પાણીમાં ડુબાડ્યો. છેવટે તે આજીજી કરવા લાગ્યો અને બોલ્યો, "મને બચાવ." મેં તેને કહ્યું, "તું જો આ ધરો છોડીને દૂર જતો રહે અને ફરીથી કદી અહીં પાછો ન આવવાનો હો તો હું તને છોડું!" તેણે મારી શરત સ્વીકારી; તે ધરામાંથી જેમતેમ કરીને બહાર નીકળ્યો અને ફરી કદી વૃંદાવનની આજુબાજુ ફરકયો નહીં!

આવું બધું બનતું હતું ત્યારે મારા સાથીઓ મારા ભૂસકાનો અવાજ સાંભળીને મારી તપાસ કરવા ધરા ઉપર આવ્યા. કાલિય સાથે મારી ઝપાઝપી ચાલતી હતી, તે જોઈને તેઓ ગભરાયા! બુમાટો કરીને તેમણે ત્યાં આખું ગામ ભેગું કર્યું. આખા ગોકુળને મારા ઉપર ભારે પ્રીતિ! કેવળ મારા માતપિતા જ નહીં પણ ગોપગોપીઓ પણ કાલિય નાગ કૃષ્ણને ખાય છે એમ કહીને મોટેથી રડવા લાગ્યાં! એવામાં મોટાભાઈ પણ ત્યાં આવ્યા. તે વખતે હું કાલિયને ભગાડી ધરાની બહાર આવ્યો હતો! મોટાભાઈ પ્રેમથી ગુસ્સે ભરાઈ બૂમ પાડી ઊઠ્યા, "કૃષ્ણ, આ શું ગાંડપણ! આપણે હમેશાં સાથે જ લડવા જતા, તો આજે તું એકલો જ કેમ કાલિયને મારવા દોડી ગયો? મેં તેને પીસી નાખ્યો હોત!" મેં કહ્યું, "મોટાભાઈ, મારે

કાલિયને હણવો નહોતો. તેને ધરામાંથી હાંકી કાઢવો હતો. સાપ ખેતરનું રક્ષણ કરે છે. તેને હણવો ન જોઈએ. સાપ ન હોત તો ઉંદરોએ ખેતરોને ખોતરી નાંખ્યા હોત એવું તમે જ હમેશાં કહેતા હતા!" મેં આવું કહ્યું એટલે મોટાભાઈ ખુશ થયા, અને તેમણે મને શાબાશી આપવા માટે મારા બરડા ઉપર જોરથી ધપ્પો માર્યો. કેટલો જબ્બર ધપ્પો હતો એ? એને લીધે હજી મારો બરડો દુખે છે!" આમ કહીને કૃષ્ણે બરડો દુખતો હોય એવો દેખાવ કર્યો. થોડો વખત અટકીને તે બોલ્યા, "આ પછી યશોદામાતાએ મારા આ સાહસ માટે પ્રેમથી મને ખૂબ ઠપકો આપ્યો. વૃદ્ધ ગોવાળણોએ મારાં ઓવારણાં લીધાં અને મારા દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી."

સન્તુ—અમે બધા સાથીઓ કૃષ્ણને ખભે બેસાડી તેમની જય બોલાવતા બોલાવતા તેમને ઘેર લઈ ગયા! કૃષ્ણ, આ વાત કહેવાની તમે કેમ ભૂલી જાઓ છો?

કૃષ્ણ—આ વખતે દરેક ગોપે મને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. બધાંને ત્યાં હું એકી વખતે કેવી રીતે જઈ શકું? મેં તેમને કહ્યું કે "તમને જે વાની ઉત્તમ કરતાં આવડતી હોય તે બનાવજો. હું ખાવા આવીશ." પછી સાંજે હું તેમને ત્યાં ગયો. થાળીમાં દરેક જણના ઘરની એકએક વાની લીધી, અને બધાંને કહ્યું, "અમારા આંગણામાં જમવા આવો." પછી બધાંની વાનીઓ ભેગી કરીને યશોદામાતાએ મારા કહેવાથી બધાં ગોપગોપીઓને

થોડી થોડી આપી. મેં પણ પેટ ભરીને ખાધું. મેં આજ સુધી મારા મહેલમાં ઘણા પદાર્થ ખાધા છે, પણ અમારા વૃંદાવનમાંના પેલા ગોપાળકાલાની* મીઠાશ મને ફરીથી ચાખવા મળી નથી.

આ પછી બધું મંડળ હસતું ખેલતું ઊઠયું; અને રથમાં બેસીને જતાં જતાં રુક્મિણીએ સત્યભામાને કહ્યું, " દેવી, આપણે એમને માટે આવો જ ગોપાળકાલો કરીશું ! "

* બધી વાનગીઓ ભેગી કરીને રાખવી તે. ગોપાળકાલાનો રિવાજ ગૂજરાતમાં નથી.

૪

શ્રીકૃષ્ણની દિનચર્યા

આજે સવારે ગામમાં સવારનો આંટો મારીને શ્રીકૃષ્ણ પોતાના દરબારમાં આવીને બેઠા હતા. તેમને મળવા આવેલા અરજદાર માણસો પણ પેલી બાજુના આંગણામાં બેઠા હતા. શ્રીકૃષ્ણના પિતાશ્રી વસુદેવ મહારાજ વૃદ્ધ થવાથી તે રોજના કાર્યક્રમમાં ધ્યાન આપતા નહીં. રાજ્યકારભારની બધી જવાબદારી તેમણે કૃષ્ણ ઉપર નાખી હતી. કોઈ મોટા પ્રસંગ સિવાય તે દરબારમાં આવતા પણ નહીં. તેમ છતાં શ્રીકૃષ્ણ દરેક અગત્યની બાબતમાં તેમની સલાહ લેતા અને આદરમાનને પ્રસંગે તેમને રાજાનું માન આપી પોતે પ્રતિનિધિનું કામ કરતા. અસ્તુ. ઉપર જણાવ્યા પ્રમાણે અરજદારોને ચોપદાર એક પછી એક કૃષ્ણની પાસે લઈ આવ્યો. અરજદારોમાં સૌ પહેલાં સરકારી ખાતાંઓમાંના નોકરો હતા.

આજે પહેલા એક અધિકારી આવ્યા હતા. દરબારી ગજસેનાના હાથીઓને તરવા માટે જે એક મોટું સરોવર બાંધવામાં આવ્યું હતું તેનું ઉદ્ઘાટન કોને હસ્તે કરાવવું તે વિશે આજ્ઞાપત્ર લેવા તે આવ્યા હતા. આવીને હમેશની

જેમ મુજરો કરીને તે દૂર ઊભા રહ્યા અને બોલ્યા, "સરોવર બંધાઈ રહેવા આવ્યું છે. તેનું ઉદ્ઘાટન આપ કરશો ને ?"

કૃષ્ણ – ના; વસુદેવ મહારાજને હસ્તે તેનું ઉદ્ઘાટન કરાવીશું. સરોવરમાં જે પહેલો ગજ ઉતારવાનો છે તે સત્યભામાદેવીનો ઉતારવો એવું નક્કી થયું છે; કારણ કે તેમની જ સૂચના ઉપરથી આ ક્રીડાસરોવર બંધાય છે. અમે ત્યાં હાજર તો રહીશું જ !

અધિકારીએ ફરીથી નમન કર્યું અને તે દરબારની બહાર ગયા.

બીજો અરજદાર આવ્યો. વંદન કરીને તે ઊભો રહ્યો. તે કંઈ પણ બોલ્યો નહીં. કૃષ્ણે તેના તરફ ઝીણી નજરે જોયું અને ઓળખાણ પડી ગયું છે એવું પોતાની નજરે દર્શાવ્યું. તે જેવો આવ્યો હતો તેવો ચાલ્યો ગયો. તે શ્રીકૃષ્ણનો દૂત હતો. પોતે આવી પહોંચ્યો છે એટલું જ તેણે તે સમયે સૂચવ્યું. આવા દૂતો સાથે શ્રીકૃષ્ણને જે વાતચીત થતી તે મધરાતે મસલત કરવાના ઓરડામાં થતી. એ ઓરડાની આસપાસ કોઈ પણ માણસને આવવાની મનાઈ હતી. પહેરેગીરો પણ એ ઓરડાથી દૂર ઊભા રહીને પહેરો ભરતા. આજે આ દૂત સમાચાર લાવ્યો હતો કે "પાંડવો વિરાટ રાજાને ત્યાં ચાકરીએ રહ્યા છે." આ દૂતની સાથે શ્રીકૃષ્ણે પાંડવોને સંદેશો મોકલ્યો કે "તમે સારે ઘરે

છો; પણ તમારે સેનાપતિ કીચકથી ચેતતા રહેવાનું છે; તેથી સાવધાનીથી દ્રૌપદીનું કીચકથી રક્ષણ કરજો!"

ત્રીજા અરજદારે કૃષ્ણને વંદન કરીને કહ્યું, "અમો ભાઈઓ વચ્ચે વંશપરંપરાની ભૂમિ વિશે ઝઘડો થયો છે; તો આપ અમારો ન્યાય કરો."

કૃષ્ણે મંદ સ્મિત કરીને કહ્યું, "આવા ઝઘડા તમારે અમારા ન્યાયાધીશ પાસે લઈ જવા જોઈએ. પણ જો તમારે મારી સલાહ જોઈતી હોય તો નાનાભાઈને વડીલોપાર્જિત મિલકત આપી દેવી અને મોટાભાઈએ પોતાના પરાક્રમથી નવી મિલકત મેળવવી. તે તાજા ખોરાકની જેમ પુષ્ટિવર્ધક હશે. આ માર્ગ જો પસંદ ન હોય તો તમારે માટે ન્યાયાલયનો માર્ગ ખુલ્લો જ છે!"

અરજદારે કહ્યું, "ધર્મ-નિર્ણય-ખાતાના વડા આપના સાંદીપનિ ગુરુજી છે; તો આપ તેમને મારા વતી બે બોલ કહેશો. તે આપને આશ્રયે રહ્યા છે ને?"

અત્યાર સુધી શ્રીકૃષ્ણ ગાલ ઉપર હાથ રાખીને શાન્તિથી વાત કરતા હતા; પણ અરજદારનાં આ વચનો સાંભળતાં જ તે એકદમ ટટ્ટાર થઈ ગયા, અને બોલ્યા, "આ કામ મારાથી થશે નહીં. સાંદીપનિ ગુરુજી અત્યંત નિઃસ્પૃહ ધર્મજ્ઞ છે; તે યોગ્ય જ ન્યાય કરશે. તમારે પ્રજાજનોએ ધ્યાનમાં રાખવું જોઈએ કે ગુરુજી મારા આશ્રિત નથી; અમે તેમને આશ્રયે છીએ."

આ પછી એક સ્ત્રી-અરજદાર આવી. તેણે કહ્યું, "મારો પતિ મદ્યપાન ખૂબ કરે છે અને મને હમેશાં મારે છે; તો દેવે એનો બંદોબસ્ત કરવો જોઈએ."

શ્રીકૃષ્ણ – આ પતિપત્નીની વચ્ચેના ઝઘડા હું કેવી રીતે પતાવું ? આવી બાબતો રુક્મિણીદેવીને બરાબર ફાવે છે. મારી પહેલાં તમે તેમને જ મળ્યાં હોત તો સારું થયું હોત !

આમ એક પછી એક અરજીનો નિકાલ કર્યા પછી શ્રીકૃષ્ણ દરબારમાંથી ઊઠીને ભોજન માટે ગયા. ભોજન બાદ તાંબુલ ગ્રહણ કરીને તે અર્ધી ઘડી શયનાગારમાં આડા પડ્યા; અને ત્યાર પછી ઉપનિષદોનું શ્રવણ કર્યું. ત્યાર પછી કૃષ્ણે થોડોક સમય એકાન્તમાં પસાર કર્યો. પછી મુકરર સમયે પોતાની સ્ત્રીઓ સાથે રથમાં બેસીને તે હમેશાંની જેમ ગામબહારના ગોવાળવાડામાં ગયા. આજે રાસક્રીડાની કથા ચાલવાની હતી, તેથી કૃષ્ણ-સ્ત્રીઓમાંથી વધારે સ્ત્રીઓ કથાશ્રવણ માટે આવી હતી. ગોવાળવાડામાં પણ આજે સ્ત્રીશ્રોતાઓની ભીડ વધારે હતી.

શ્રીકૃષ્ણ રથમાંથી ઊતર્યા. આજે તેમના વદન ઉપર વિશેષ પ્રસન્નતા દેખાતી હતી. આજે તેમણે પોતાની શાલ કમરે વીંટી હતી. હમેશાંની જેમ તેમણે મોરમુગટ ધારણ કર્યો હતો. તેમણે મોટા વાંસની ભૂંગળીમાં જાળવી રાખેલી મોરલી બહાર કાઢી. આસન ઉપર બેઠા પછી તેમણે એક

વખત ચારે તરફ દૃષ્ટિ ફેરવી. કર્મધર્મસંયોગે આજે આસો માસના શુક્લપક્ષનું સુંદર ચાંદરણું પથરાયું હતું. આથી બધાંનાં મન પ્રસન્નતાથી વિલસી રહ્યાં હતાં. આવા મધુર વાતાવરણમાં શ્રીકૃષ્ણે પોતાની કથાનો આરંભ કર્યો.

શ્રીકૃષ્ણે કહ્યું, " મિત્રો, આસો માસનું આ પહેલું ચાંદરણું કેટલું મજાનું છે! અહીંના કરતાં ઉત્તર પ્રદેશમાં સ્થિર વહેતી યમુનાના પ્રવાહના વિસ્તીર્ણ પટ ઉપર આસો માસનું ચાંદરણું ખૂબ બહારમાં ખીલે છે. આ સમયે ત્યાંના લોકો રાત્રે ઘરમાં બેસી ન રહેતાં માર્ગ ઉપર, બગીચામાં અથવા નદીતીરે આખી રાત્રિ ફરે છે. ભગવાન ચંદ્રનાં પ્રસન્ન કિરણોનો પ્રભાવ લોકોનાં મન ઉપર વિશેષ આહ્લાદ-કારક પડે છે. નાનાં છોકરાં અને લવારાં તો ચાંદરણામાં ઉત્સાહપૂર્વક કૂદાકૂદ કરતાં હોય છે."

એક ગોપાલ—મહારાજ, બરાબર કહ્યું. અમે ગોવાળો આસો માસમાં ઘેર શાના સૂઈએ? અમે ઝૂંપડીની બહાર જ ખાટલા પાથરીને વાતો કરતા હોઈએ છીએ. અમારી સ્ત્રીઓ તે વખતે ગીતો ગાતી હોય છે. આસો માસમાં દૂધનો પાર હોતો નથી. અમે તેને ગરમ કરીને પીએ છીએ, મિત્રોને આપીએ છીએ. બધા મહિનાઓમાં અમને ગોપાલોને આસો માસ ઘણો જ ગમે! તે વખતે ઢોરને ચરવા માટે મબલક ચારો હોય છે, અને નદીમાં સ્વચ્છ પાણી હોય છે. પછી બીજું શું જોઈએ?

શ્રીકૃષ્ણ – તદ્દન સાચું છે. તમારી સ્ત્રીઓની જેમ જ અમારી મથુરા-વૃંદાવનની સ્ત્રીઓને પણ ગાવાની અને નાચવાની ઘણી હોંશ હોય છે. રોજની જેમ પાણી ભરવા જતાંઆવતાં માથે બેડાં મૂકીને તેઓ તાલીઓ બજાવી ગીતો ગાતી હોય છે. અજવાળી રાત્રે બાળકો પણ વાંકાં-ચૂંકાં નાચે છે અને ગાય છે. તેમને કોઈ વઢતું નથી. તેમનાં વાંકાંચૂંકાં ગીતો કે ગમે તેમનાં નૃત્યો મને ગમતાં નહીં. મેં તમને પહેલાં જણાવ્યું જ છે કે અમારા બળરામ-ભાઈનો અવાજ ભારે મધુર, તેમને નાચવાનો પણ ઘણો જ શોખ. ઘણી વખત હું તાલ બજાવતો. મેં અને મોટાભાઈએ અમારા સાથીઓને સારું કેમ નાચવું, દાંડિયા કેમ લેવા, સૂરમાં કેવી રીતે ગાવું એ ઘણા દિવસ સુધી શીખવ્યું. નાના છોકરાઓ સાથે તેમની બહેનો પણ આવતી. આગળ જતાં તેમાં તરુણ વયની છોકરીઓ પણ ભળી. હું વચમાં ઊભો રહીને મોરલી બજાવતો અને પેલાં નાનાં-મોટાં છોકરાં ગોળ ફરીને દાંડિયાના તાલ લઈ ગાતાં ગાતાં નાચતાં.

આસો માસની પૂનમને દિવસે અમારે ત્યાં મોટો ઉત્સવ થતો. તે દિવસે દૂધનાં મિષ્ટાન્ન બનાવીને ખાવાનો રિવાજ છે. એક પૂનમે ગોપગોપીઓ નાચીને ખૂબ થાકી ગયાં, અને પછી પરોઢિયે પોતપોતાને ઘેર ગયાં. ઘેર જવામાં મોડું થયું તેથી વડીલો તેમને ખૂબ લડ્યાં. આ રાસક્રીડા વખતે ઉત્સાહના પૂરમાં ગોપગોપીઓ ઠઠ્ઠામશ્કરી કરવામાં કેટલોક

વખત હદ વટાવી ગયાં. મારી એવી અપેક્ષા નહોતી. ઘરની કેળવણી જો સંયમની હોય તો બાળકો હદ ઓળંગી જતાં નથી. બહુ જ થોડાં ગોપગોપીઓએ તે દિવસે હદ વટાવી. તેનો દોષ મારે માથે આવ્યો. મેં તેમના નાચગાનને અમુક પ્રકારનું વલણ આપ્યું એ તે વખતે કોઈના ધ્યાનમાં આવ્યું નહીં, તેથી તેઓ મને દોષ દે એ સ્વાભાવિક જ હતું. આ રાસક્રીડામાં થોડાંએ જોકે ભૂલ કરી હોય તોપણ ઘણાંખરાં ગોપગોપીઓ નિર્મળ અંતઃકરણથી નાચતાંકૂદતાં હતાં. એ દૃશ્ય એટલું તો મનોહર હતું કે દેવો પણ એ જોઈને ચકિત થાય! મારા જીવનમાં મેં જે અનેક સુખદ પ્રસંગ અનુભવ્યા છે તેમાં ભોળાં, નિષ્પાપ ગોપગોપીઓની રાસક્રીડાને હું ઉચ્ચ સ્થાન આપું છું.

આટલું કહીને કૃષ્ણે મોરલી વગાડવાનો આરંભ કર્યો. તે સમયે પોતે વૃંદાવનમાંના ગોકુળની ગોપગોપીઓ વચ્ચે જ છે એવા ખ્યાલમાં તે મગ્ન હોવાથી મોરલીના વાદનમાં અપૂર્વ રંગ આવ્યો હતો, અને આ રંગમાં ત્યાંની ગોપ-ગોપીઓ અને કૃષ્ણસ્ત્રીઓ પણ ભળી ગઈ. મોરલી અટકી તો પણ શ્રોતામંડળ કેટલાયે સમય સુધી ભાનમાં આવ્યું જ નહીં. પછી કૃષ્ણસ્ત્રીઓએ કહ્યું, “ દેવ, મોરલીના નાદથી આપ આ ઉમરે અમને જો બેભાન કરી દો છો તો તે કાળે તમારી મોરલીએ ગોપગોપીઓને ગાંડાં કરી નાખ્યાં હોય તો તેમાં નવાઈ નથી ! ”

રથમાં બેઠા પછી કૃષ્ણે ઘણા વખત સુધી કોઈની સાથે વાત કરી નહીં; કારણકે વૃંદાવનમાંના બધા પ્રસંગો તેમની નજર સામેથી પસાર થતા હતા. રુકિમણીએ છેવટે પૂછ્યું, “ દેવ, કાલે કયો પ્રસંગ કહેશો ? ”

“ કાલે ? આ પછી અમારા ઉપર એક પછી એક સંકટો કેવી રીતે આવ્યાં તે હવે કહેવાનો છું. ગોકુળ-વૃંદાવનમાંનું નચિંત જીવન હવે પૂરું થયું હતું. વસંતઋતુ પસાર થઈને ગ્રીષ્મઋતુની શરૂઆત થઈ હતી. તે કથા કાલે કહેવાનો વિચાર છે. ”

૫

અભિમન્યુનું જીવનશિક્ષણ

પાંડવો વનવાસમાં ગયા પછી સુભદ્રા પોતાના પુત્રને લઈને પિયરમાં આવી હતી, અને તેના પુત્રના શિક્ષણ તરફ કૃષ્ણ પોતે ધ્યાન આપવાના હતા, એ બાબતનો ઉલ્લેખ પાછલા પ્રકરણમાં આવ્યો જ છે. તે પ્રમાણે કૃષ્ણનો વિચાર તેને સાંદીપનિ ગુરુજીની પાસે મોકલવાનો હતો; પણ ગુરુજી ધર્મ-નિર્ણય ખાતું સંભાળતા હતા; આથી વિદ્યાર્થીઓને ભણાવવાનો તેમને વખત મળતો નહોતો; તેથી બીજા શિક્ષકોની મદદથી કૃષ્ણે અભિમન્યુનું શિક્ષણ પોતાની દેખરેખ નીચે ચાલુ કરાવ્યું. કેવળ શસ્ત્રાસ્ત્રવિદ્યા જ નહીં પણ અશ્વ-ગજ-રથની વિદ્યાઓ પણ તેમણે તેને શીખવી. રાજ્યકારભાર કેમ કરવો, દેશનું રક્ષણ કેવી રીતે કરવું ઇત્યાદિ બાબતો પણ તે પોતાના બીજા પુત્રોની સાથે અભિમન્યુને શીખવતા. આ બધી વિદ્યાઓ સમજતાં તે રાજપુત્રોને અઘરું પડતું નહોતું; કારણકે આ વિદ્યાઓનો રોજના વહેવારમાં થતો ઉપયોગ તેમને જોવા મળતો હતો. કૃષ્ણની સાથે તેઓ અશ્વશાળામાં જતા કે દરબારમાં જઈને

બેસતા અથવા મૃગયામાં તેમની સાથે રહેતા, તેથી તેમને વહેવારુ શિક્ષણ સહેજે મળી જતું. કૃષ્ણની જોકે હવે અવસ્થા થવા આવી હતી તોપણ થોડો વ્યાયામ અને શસ્ત્રાસ્ત્રવિદ્યાનો અભ્યાસ–તે વિદ્યા તાજી રાખવા ખાતર–તે કરતા જ હતા. આથી છોકરાઓ અનેક વિદ્યાઓ રમતાં રમતાં શીખી લેતા હતા.

કૃષ્ણના ધ્યાનમાં તરત જ આવ્યું કે અભિમન્યુની સમજશક્તિ અને મહત્ત્વાકાંક્ષા જબ્બર છે. અર્જુનની માફક તેનો સ્વભાવ ધીમો નથી. ગુરુજી પાસેથી એકાદ પાઠ લીધા પછી અર્જુન તેને ઘૂંટીઘૂંટીને ઘણો વખત લઈને તૈયાર કરતા; અભિમન્યુનો સ્વભાવ આનાથી ઊલટો. તેને આગળ ને આગળ દોડી જવાની હોંશ. એક વખત ગુરુજી પોતાના શિષ્યોને સેનાની વ્યૂહરચના અને ભેદ કરવાની યુક્તિ કહેતા હતા. ગુરુજીએ કહ્યું, "અભિમન્યુ, તને જો કે ચક્ર-વ્યૂહરચના સમજાઈ છે તો પણ તે વ્યૂહનો ભેદ કરવાનું કામ સહેલું નથી. શત્રુના વ્યૂહને એક વાર તું ભેદી શકીશ; પણ ફરીથી તેમાંથી બહાર નીકળવું એ કામ ભેદ કરવાના કરતાં પણ કઠણ છે. એમાં સાવધાની વિશેષ જોઈએ." આટલી વાત થઈ એવામાં ગુરુજીને કોઈ બીજે કામે જવું પડ્યું અને આ વિષય એટલેથી જ અટક્યો. બીજે દિવસે અભિમન્યુએ ગુરુજી પાસે "કોઈ નવી વ્યૂહરચના કહો" એવી હઠ પકડી. ગુરુજીએ 'સુપર્ણ'વ્યૂહની રચના સમજાવી. 'ચક્રવ્યૂહભેદ' વિશે વધારે કહેવાનું તે ભૂલી ગયા, અને

અભિમન્યુએ પણ તે બાબત કંઈ પૂછ્યું નહીં. આવે વખતે અર્જુન હોત તો તેણે અધૂરા રહેલા વિષયની ગુરુજીને યાદ આપી હોત. એક દિવસ ગુરુજીએ કૃષ્ણને કહ્યું, “ આ સુભદ્રાપુત્ર તીક્ષ્ણબુદ્ધિનો છે. તેની ચપળતા આશ્ચર્યકારક છે. પણ તેના સ્વભાવમાં ક્ષણે ક્ષણે અધીરાઈ હોય છે. પ્રદીર્ઘ યુદ્ધમાં અધીરાઈ કામ ન આવે. તો આપ એ બાબતમાં તેની સાથે વાત કરશો.”

આ સાંભળીને કૃષ્ણે તેને કહ્યું, “ ગુરુ બહુ તો શિષ્યના મૂળ ગુણોને વિકસાવી શકે છે; પણ તેના દોષ મૂળમાંથી કાઢી શકતા નથી. જીવનમાં ધીરવૃત્તિનો અર્જુન સફળ થશે, અને અભિમન્યુ પોતાના અદ્ભુત પરાક્રમથી પિતાના કરતાં પણ વધારે કીર્તિ મેળવશે એવું મને જણાય છે ! ”

સાંજ પડી. શ્રીકૃષ્ણ સુભદ્રા–અભિમન્યુ સાથે ગોકુળમાં આવ્યા. આજે તેમણે મોરમુગટ ધારણ કર્યો નહોતો. પોતાના લાંબા વાળ બંને ખભા ઉપર તેમણે નાખ્યા હતા. ઉંમર વધારે થઈ હોવા છતાં તેમના વાળ ખૂબ કાળા રહી શક્યા હતા. છતાં વચમાં વચમાં સફેદ વાળ ચમકતા હતા. હમેશાં-ની જેમ તેમણે પોતાની શાલ કમરે વીંટી. તેના સુરેખ દેહનો કસાયેલો બાંધો હજી પણ કાયમ હતો. મુખ ઉપર ઊતરતી અવસ્થાની ઝાંખ દૃષ્ટિગોચર થતી હતી; છતાં તેને કરચલીઓ પડી નહોતી. પોતાનું શરીર સદાયે ચપળ અને ઘાટીલું રાખવા તરફ તેમનું ધ્યાન હતું. સ્નાન પૂર્વે સંવાહકો

તેમના શરીરને વિવિધ તેલ અને અબીર લગાવીને મર્દન કરતા. આથી તેમની કેવળ કાંતિ જ નહીં પણ તેમની બુદ્ધિની તાજગી પણ કાયમ રહી હતી.

આજે કૃષ્ણ જેમ વિશેષ પ્રસન્ન નહોતા તેમ દુઃખી પણ નહોતા. આજે તેમના મુખ ઉપર ગંભીરતા દેખાતી હતી. તેમનો જીવ લેવા તલપાપડ થયેલા કંસમામા વિશે તે આજે વાત કરવાના હતા. ઉપનિષદોના વાચન અને મનનમાં તેમણે અનેક વર્ષ ગાળ્યાં હતાં. આથી આજની કથા સંયમપૂર્વક કહેવાનું તેમણે નક્કી કર્યું હતું.

કંસે મોકલેલા મારાઓ

કૃષ્ણે કથાનો આરંભ કરતાં કહ્યું, “ ગઈ કાલે આપણે આસો માસનો બહાર અનુભવ્યો. આજે જીવનનું ઉગ્ર સ્વરૂપ હું તમને દેખાડવાનો છું. મથુરાના કારાગૃહમાંથી તાત વસુદેવ મને ગોકુળમાં લઈ ગયા, એ વાત પહેલાં કેટલાક દિવસ સુધી કંસરાજાના જાણવામાં આવી જ નહીં. યોગમાયાએ આકાશમાં જતાં જતાં “ તારો શત્રુ ગોકુળમાં વધતો જાય છે ” એમ કહ્યું હતું ખરું; પણ શત્રુ ચોક્કસ કયા ઘરમાં વધે છે તેનો તેમને પત્તો નહોતો. ઘણી તપાસ કર્યા પછી તેમને જણાયું કે વસુદેવે પોતાનો આઠમો પુત્ર ગોકુળમાં નંદને ઘેર આણી મૂક્યો છે. આ ખબર મળ્યા પછી તેમણે મારો જીવ લેવા માટે એક પછી એક ઘણા ઉપાયો અજમાવ્યા. હું બાળક હતો ત્યારે મને મારવા માટે

તેમણે પૂતના નામની એક વિષકન્યા મોકલી. આ સ્ત્રીનું ધાવણ ખૂબ જ ઝેરીલું હતું. તે જેને ધવડાવતી તે બાળક મરણશરણ થતું જ. પૂતના ગોકુળમાં આવી અને તેણે મને ધવડાવવાનો પ્રયત્ન કર્યો; પણ તેમાં તેને સફળતા મળવાને બદલે મૃત્યુ મળ્યું ! પછી ગોકુળમાં એવી અફવા ફેલાઈ કે મેં તેના ધાવણને એટલા જોસથી ચૂસ્યું કે તેમાં જ તેનો પ્રાણ ગયો ! ખરું શું બન્યું તેની મને ખબર નથી; પણ પૂતના મારો જીવ લેવા આવી હતી એ વાત તો ખરી.

કંસે એક વાર કેશી નામના દૈત્યને મને હણવા મોકલ્યો. તે એક ઉન્મત્ત ઘોડા ઉપર બેસીને આવ્યો હતો. આ ઘોડો સામે જે માણસ દેખાય તેને કરડવા જતો. કેશીએ લાગ જોઈને તે ઘોડાને મારા ઉપર છોડી મૂક્યો. હું તેની સામે ગયો. તેના ખુલ્લા મોંમાં મેં મારું કાંડું એટલા જોરથી દબાવ્યું કે તેથી તેનું મોં ફાટવાથી તે લોહીલુહાણ થયો. મુક્કી ઉપર મુક્કી મારીને મેં તેના દાંત ઉખાડી નાખ્યા. પછી તે મોં ફેરવીને મારા ઉપર લતા-પ્રહાર કરવા લાગ્યો. મેં તેના બંને પગને બરાબર પકડી રાખ્યા અને તેને ભોંય ઉપર આળોટતો કરી દીધો. આમાં મને મારા મિત્રોની મદદ સ્વાભાવિક રીતે જ મળી."

સન્તુ (વચ્ચે જ)–સાંભળો ! મારે કંઈક કહેવાનું છે. કૃષ્ણ કહે છે કે અમારી તેમને મદદ મળી. કૃષ્ણે તે ઘોડાને અને કેશીને ભોંય ચાટતા કરી દીધા પછી અમે

લાકડીઓ લઈને દોડી ગયા, અને કૃષ્ણની મદદથી કેશીને હણ્યો ખરો; પણ દરેક વખતે શત્રુનો કાંટો કૃષ્ણ જ કાઢતા, અને શત્રુ ઘવાઈ જાય એટલે પછી અમે તેના ઉપર હુમલો કરતા !

કૃષ્ણ—આ ધમાલમાં મોટાભાઈ પણ આગળ આવ્યા, અને તેમણે કેશીને મુક્કીઓનો માર મારી યમરાજાના દરબારમાં રવાના કરી દીધો. લોકોના ધ્યાનમાં તરત જ આવ્યું કે કંસનો રોષ અમે બે ભાઈઓ ઉપર—ખાસ કરીને મારા ઉપર છે. તેને કારણે ગોપગોપી દિલગીર થયાં. પણ મેં તેમનું સાન્ત્વન કરીને કહ્યું, "તમે ગભરાશો નહીં. ઈશ્વર આપણો બેલી છે. આપણે ક્યાં કોઈનું કંઈ બગાડ્યું છે ?"

ગોવર્ધન-યજ્ઞ

આ પછી મેં એક નવી યોજના ઘડી. અત્યાર સુધી લોકો દર વર્ષે ઇન્દ્રને દૂધ, દહીં, ઘી, અનાજ ઇત્યાદિનો હવન કરતા. મેં તેમને કહ્યું, "આ ઇન્દ્રદેવ આકાશમાં રહે છે. તેમને ને આપણને શો સંબંધ ? આપણી બકરીઓ, ગાયો, ઘેટાં, બળદ ઇત્યાદિનું રક્ષણ કોણ કરે છે ? આ વૃંદાવન પાસેનો ગોવર્ધન પર્વત જ કરે છે ને ? આપણને જોઈતું બળતણ આપણે ત્યાંથી જ લાવીએ છીએ. તેથી આપણે ઇન્દ્રની પૂજા છોડીને ગોવર્ધન પર્વતની જ પૂજા કરીએ. બધું નૈવેદ્ય તેને જ અર્પણ કરીએ."

મારી આ સૂચના વૃદ્ધ ગોપોને પહેલાં પસંદ પડી નહીં. તે કહેવા લાગ્યા, "ઇન્દ્રદેવ ભારે ઈર્ષ્યાળુ છે. તેમને છોડીને આપણે જો આ પર્વતની પૂજા કરીશું તો તેમને ગુસ્સો ચડશે, અને પછી તે આપણને આફતમાં સપડાવ્યા વિના રહેશે નહીં!"

આ સાંભળીને મેં એમને કહ્યું, "આફતથી બીધે કેમ કેમ ચાલશે? જે આપણું હિત કરે છે તેને જ નૈવેદ્ય ધરવું એ આપણી ફરજ છે. ઓણ સાલ શું થાય છે તે જોઈએ તો ખરા!" પછી હા-ના કરતાં કરતાં બધા તૈયાર થયા. અમારા એ નાનકડા ગોકુળનાં નિવાસીઓ દહીં-દૂધની તાંબડીઓ અને બીજા ખાદ્ય પદાર્થ ટોપલીમાં નાખીને ગોવર્ધન પર્વત ઉપર ગયાં. ત્યાં અમે બધાંએ પર્વતને નૈવેદ્ય ધર્યું અને પર્વતનો પ્રસાદ આનંદથી આરોગ્યો. તે દિવસે નાનાંમોટાં બધાં ખૂબ આનંદમાં હતાં. છોકરાછોકરીઓ નાચતાં કૂદતાં હતાં; પણ મારા મનમાં સ્વસ્થતા નહોતી.

સુભદ્રા—કેમ વારુ? બધું તમારી ઇચ્છા મુજબ તો થયું હતું. પછી તમે અસ્વસ્થ કેમ થયા હતા? તમને સામે આવતી બાબતોનો વિચાર કર્યા કરવાની ટેવ જ છે!

કૃષ્ણ—જે કોઈ માણસને સુધારો કરવો હોય તેને એટલું ધ્યાનમાં રાખવું પડે છે કે તેના સુધારાનો છાનોછૂપો કે ખુલ્લેખુલ્લો વિરોધ તો થવાનો જ છે. મને ખાતરી હતી કે જનતા તરફથી હમેશાં હવિર્ભાગ ગ્રહણ કરવાની ટેવવાળો ઇન્દ્ર મારા આ કાર્યને પસંદ કરશે નહીં, અને

પછી તે અમને ગભરાવી મૂકવા માટે મૂશળધાર વરસાદ વરસાવશે; કદાચ પોતાનું વજ્ર પણ નાખશે. અગાઉથી આવી ગણતરી હોવાથી મેં આનો ઇલાજ પણ ગોઠવી રાખ્યો હતો.

સુભદ્રા–કૃષ્ણ, તમને આવી બાબતો હમેશાં અગાઉથી કેવી રીતે સૂઝે છે ? કહે છે કે મારા લગ્ન વખતે તમે આવી જ કોઈ યુક્તિ અગાઉથી કરી રાખી હતી. રુક્મિણીદેવી, તમારા લગ્ન વખતે કૃષ્ણે તમને ઉપાડી લાવવા માટે કઈ યુક્તિ કરી રાખી હતી ?

કૃષ્ણ–આમ જુઓ સુભદ્રા, એ કામમાં મારો હાથ નહોતો. આમણે જ બધો વ્યૂહ ગોઠવી રાખ્યો હતો. મને એમણે એટલો જ હુકમ કર્યો હતો કે રથ લઈને આવો. બધી યુક્તિઓ રુક્મિણીદેવીની જ હતી; અને તે બધી મારે માથે મારે છે. આ બાબત ઉપર તો અમારી વચ્ચે સદા ઝઘડો થતો હોય છે; તો આપણે એ પ્રશ્નને જવા દઈ આગળ વધીએ.

પ્રસંગાવધાન

પર્વત ઉપર અમે બધાં ગયાં તેની પહેલાં બેચાર દિવસ તે પર્વતમાંનાં ભોંયરાં, ગુફાઓ વગેરે અમે બરાબર જોઈ રાખ્યાં હતાં. યજ્ઞ સમાપ્ત થવાને સમયે, મારા ખ્યાલ મુજબ, ઇન્દ્રે પર્જન્યાસ્ત્ર છોડ્યું. તે સાથે જ પર્વત ઉપર મુશળધાર વરસાદ વરસવા લાગ્યો. લોકો ગભરાયા. પછી

હું તેમને પર્વતની ગુફામાં લઈ ગયો. બધાંનો સમાસ એક ગુફામાં થયો નહીં. પછી હું તેમને પર્વતની કરાડો નીચે લઈ ગયો. મુશળધાર વરસાદ પડવાથી કરાડો તૂટી પડશે કે શું એવો ભય ઉત્પન્ન થયો. તેથી મેં લોકોને કહ્યું, “ ગભરાશો નહીં. મારી માફક કરાડની શિલાને પોતાના હાથનો ટેકો આપો. ” હું ચાર ઘડી સુધી હાથને ઊંચે કરી તૂટી પડતી શિલાને પકડી રાખી ઊભો રહ્યો હતો. પછી બીજાંઓએ પણ તેમ જ કર્યું. કોઈએ લાકડીઓનો ટેકો આપ્યો. કેવળ સ્ત્રી-પુરુષોએ જ નહીં પણ નાનાંનાનાં બાળકોએ પણ હાથનો ટેકો આપી પથરાને તૂટી પડવા દીધા નહીં. ગોકુળમાંનો આ સહકાર અપૂર્વ હતો. મારી દરેક હોંશ ગોકુળવાસીઓએ પાર પાડી. આજના કરતાં તે કાળમાં હું વધારે ગરીબ સ્થિતિવાળો હતો. આજે આપણી પાસે અસંખ્ય ઘોડા, હાથી, રથ છે. તે કાળે રથ તો અમારી નજરે પણ ચડ્યો નહોતો. આ મુક્તાફળની માળા જુઓ. તે કાળે ચણોઠીની માળાઓ અને વનફૂલના હાર અમે પહેરતાં. પણ સહકારવૃત્તિને લીધે તે સમયનું પ્રત્યેક કાર્ય સત્ત્વવાળું બની જતું. અસ્તુ. હું શું કહેતો હતો વારુ ?– હા, પર્જન્યાસ્ત્રથી ગોપગોપી ગભરાતાં નથી એ જોઈને ઇન્દ્રે પોતાનું અસ્ત્ર પાછું ખેંચી લીધું. આવા ગોવર્ધન-યજ્ઞનો પ્રસંગ મેં તમને આજે કહ્યો. આવતી કાલે આપણે કંસરાજાના આત્મરક્ષણના પ્રયાસો વિશે વાત કરીશું.

૬

કૃષ્ણની દૂરદૃષ્ટિ

વૈર આવ્યા પછી મધરાતે હમેશની જેમ કૃષ્ણનો ગુપ્તચર મસલત કરવાના ઓરડામાં આવ્યો. તે આજે વેપારીને વેષે આવ્યો હતો. કાનમાં કડી, ડોકમાં કંઠી અને ઊંચી જાતનાં રેશમી વસ્ત્ર પહેરેલો. તેણે કૃષ્ણને સંદેશો કહાવ્યો કે "અર્જુનશ્રેષ્ઠી મળવા આવ્યા છે." કૃષ્ણે જાણ્યું કે પોતાનો ગૂઢાત્મા નામનો ગુપ્તચર આવ્યો છે. બંને મસલત કરવાના ઓરડામાં ગયા. ત્યાં તે મુજરો કરીને કૃષ્ણની સામે ઊભો રહ્યો. રાજાઓને ત્યાં પૂછ્યા સિવાય સેવકે કંઈ પણ બોલવાનું હોતું નથી; અને સ્વામીએ સેવક આગળ થોડું—કદી કદી તો કેવળ ઇશારાથી બોલવાની પ્રથા છે. કૃષ્ણે તેનું સ્મિતવદને સ્વાગત કરીને પૂછ્યું, "ત્યાંની માહિતી આપ." ગૂઢાત્મા બોલ્યો, "આપનો ઇશારો મેં પાંડવોને આપ્યો. દ્રૌપદી કીચક વિશે સાવચેત હતી. આપના અનુમાન પ્રમાણે કીચકના દૂતો દ્રૌપદીની આસપાસ ઘૂમવા લાગ્યા. આગળ જતાં જ્યારે તેણે રાણી પાસે દ્રૌપદીની ખાસ માગણી જ કરી ત્યારે એક રાત્રે ભીમે તેનો વધ કર્યો. હવે વધ કરનારાની તપાસ જોરશોરથી ચાલુ છે."

કૃષ્ણે એક ક્ષણ પોતાની હથેળીમાં પોતાનું મસ્તક મૂકયું; વિચાર કરીને એક નિસાસો નાખ્યો અને સ્વગત બોલ્યો, "આ બનાવ અનેક અનિષ્ટ બનાવોની આગાહી જ છે! વારુ, તું પાછો અર્જુનની પાસે જા, અને તેને કહે કે હવે વધારે-સાવધ રહો. કૌરવો તમને અજ્ઞાતવાસમાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરશે. કૌરવો કોઈ પણ બહાનું કાઢીને વિરાટનગર ઉપર ચડાઈ કરશે. પછી તમારે નગરના રક્ષણને અર્થે પ્રગટ થવું પડશે, અને પછી અજ્ઞાતવાસની શરત પૂરી ન કર્યા બાબતની તકરાર કર્યા વિના કૌરવો રહેશે નહીં. તોપણ બને ત્યાં સુધી અજ્ઞાતવાસમાંથી બહાર આવશો નહીં." આ સંદેશો સાંભળીને ગુપ્તચરે શ્રીકૃષ્ણને વંદન કર્યું અને તે ધીમેથી પગનો અવાજ કર્યા વિના ત્યાંથી જતો રહ્યો. આ પછી હમેશાંની જેમ અર્ધી ઘડી વિશ્વાત્મકભાવનું ચિંતન કરીને શ્રીકૃષ્ણ નિદ્રાધીન થયા.

બીજે દિવસે અરજી સુણાવવાને સમયે ઘણા ખેડૂતો, ઓણ સાલ પાક પૂરો ન થવાથી સરકાર-મહેસૂલ ભરી શકાશે નહીં, એ કહેવા આવ્યા હતા. કૃષ્ણે જવાબ આપ્યો, "આ પ્રશ્ન બળરામભાઈના અધિકારમાં છે તો ત્યાં જાઓ. તે જે નિકાલ આપે તે માન્ય કરજો." આ સાંભળીને અરજદારોએ કહ્યું, "મોટાભાઈ બરાબર સાંભળી લેતા નથી; તે ગુસ્સે થાય છે. તેમણે અમને કાઢી મૂકયા."

કૃષ્ણે સ્મિત કરી જવાબ આપ્યો, “ તમે ભાઈ પાસે ફરીથી જાઓ અને તેમને કહો કે મહેસૂલ માફ કરો એવી વિનંતી કરવા અમે આવ્યા નથી; માત્ર ઓણ સાલ મહેસૂલ તહકૂબ રાખો. પાક પૂરો પાકયા પછી અમે પાછલું દેવું ચૂકતે કરીશું. આમ કહી તો જુઓ. આપણે કંઈ પણ કરવાની તૈયારી બતાવીએ તો આપણી માગણીની કિંમત થાય છે. વારુ, આવજો.” આમ કહીને તેમણે ખેડૂતોને વિદાય આપી.

બપોરે વામકુક્ષી પછી શ્રીકૃષ્ણ ઉપનિષદોનું શ્રવણ કરતા. આ વાચનને સમયે તેમની આઠ રાણીઓમાંથી કેટલીક સ્રીઓ તેનું શ્રવણ કરવા આવતી. શ્રીકૃષ્ણ ઉપનિષદશ્રવણને સમયે સાદો વેષ પરિધાન કરીને બેસતા. સત્યભામાએ તે બાબતમાં એક વખત પ્રશ્ન પૂછ્યો. ત્યારે કૃષ્ણે કહ્યું કે “ આ ઉપનિષદો પ્રથમ મેં જ્યારે ગુરુમુખે સાંભળ્યાં ત્યારે તેની છાપ મારા મન ઉપર વેદવિદ્યાના કરતાં પણ ઊંડી પડી છે. ઈશાવસ્ય ઉપનિષદ્ સાંભળતાં મારા ગુરુદેવની એ ધીરગંભીર વાણી મારા કાનમાં ગાજતી હોય છે. સોળમા મંત્રમાંના છેવટના શબ્દો **“ તારું તે પરમ કલ્યાણ-રૂપ—તે હું હવે જોઉં છું. તે જે પરાત્પર પુરુષ—તે હું છું.”** ગુરુજી આ વચનો એટલી તન્મયતાથી ઉચ્ચારતા કે જાણે એવું થતું કે તે પોતે એ પરાત્પર પુરુષ સાથે એકરૂપ થઈ ગયા છે. ઉપનિષદો દેહાત્મભાવ ભુલાઈ ગયેલી અવસ્થામાં સ્ફુરેલાં છે. તેથી આપણે ઉપનિષદશ્રવણ વખતે

જો અહંકાર વધારનારો વેષ ધારણ કરીએ તો તેનું શ્રવણ વ્યર્થ થઈ જાય, ખરું ને ?"

ઉપનિષદનું વાચન પૂરું થયું; પણ કૃષ્ણની તન્મયતા વિસર્જન પામી નહોતી. કેટલાક વખત પછી તેમણે નેત્રો ખોલ્યાં, અને બધા તરફ દૃષ્ટિ ફેરવીને સ્મિત કર્યું. આ પછી હમેશાંની જેમ સૌને પ્રસાદ વહેંચવામાં આવ્યો. આ જ વખતે ઉપનિષદ-શ્રવણ માટે ભક્તિપૂર્વક બેઠેલાં રુક્મિણીએ જાંબુવતીને કહ્યું, "જોયું ? દેવ કેવા ઝટ સમાધિમાં લીન થઈ જાય છે ? તે આપણી વચ્ચે રહે છે, હસે છે, રમે છે, પણ તેમની ભૂમિકા એક યોગીના જેવી છે." જાંબુવતી રુક્મિણીના સૂરમાં પોતાનો સૂર પરોવી બોલ્યાં, "મારો પણ તેવો જ અનુભવ છે. પરમદિવસે દેવે મને કહ્યું, 'આજે મને ભોજન સમયે દહીંપૈંવા જ આપ.' રૂપાની વાટકીમાં મેં તે તેમને આપ્યા. ત્યારે તે બોલ્યા, 'પેલા ખાખરાનાં પાનના પડિયામાં જ આપ્યા હોત તો વધારે મીઠા લાગ્યા હોત.' એમ કહીને પૈંવા ખાવા લાગ્યા. તેમને ફરીથી ગોકુળની યાદ આવી; અને તેમણે મને કહ્યું, 'આ પૈંવા મારા હાથમાંથી પાછળથી આવીને ઝૂંટવી લેવા મોટાભાઈ અહીં નથી. દહીંપૈંવા ખાવા હોય તો ગોકુળમાં જ ખાવા જોઈએ એમ મને લાગે છે, અને તેય યશોદામાતાએ તૈયાર કરીને આપેલા જોઈએ.' તે આવું આવું બોલે છે એટલે મારી આંખો આંસુથી ઉભરાય આવે છે."

કંસનો ક્રૂર વિચાર

સાંજે શ્રીકૃષ્ણે ગોવાળવાડામાં જઈને આત્મકથા કહેવાનો આરંભ કર્યો :

"મારા પ્રિય ગોપાલો, પરમદિવસે મેં તમને કહ્યું જ હતું કે હું જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ મારા મામા કંસ વધારે ને વધારે બેચેની અનુભવવા લાગ્યા. હવે મારી ઉમર અઢાર-ઓગણીસ વર્ષની થઈ હતી. મોટાભાઈ બળરામ પણ થોડાક મોટા; એટલે અમે લગભગ સરખી જ વયના હતા. યુવાની અમારા શરીરમાં જામતી જતી હતી, અને તેની કાંતિ અમારાં શરીરમાં રોજ ને રોજ ચડતી જતી હતી. કસરત કરીને, તરીને, મસ્તી કરીને, દૂધદહીં ખૂબ ખાઈને અમે બંને સ્વચ્છંદી મસ્ત વૃષભની જેમ હરવાફરવા માંડતા ત્યારે કોઈને પણ અમારી બીક લાગતી! તેમાં મદોન્મત્ત જાનવરોનો અમે જ્યારથી નિકાલ કર્યો ત્યારથી અમારા સામર્થ્ય વિશે ગામમાં અદ્ભુત ખ્યાલો જ પ્રસર્યા હતા. કોઈ કહેતું કે કોઈ દેવતાના પ્રસાદને કારણે આમને અલૌકિક શક્તિ પ્રાપ્ત થઈ છે. પ્રેમ અને ભક્તિનો કદી કદી અતિરેક થાય છે. અમારા ઉપર પ્રેમ કરનારા એક વૃદ્ધ ભોળા ગોવાળે પોતાના લોકોને કહ્યું કે આપણા ગામમાં શેષશાયી ભગવાન વિષ્ણુ આ બાળરૂપે અવતર્યા છે. મને એક વાર રાધા ગોવાળણે સ્પષ્ટ સવાલ પૂછ્યો કે 'તું વિષ્ણુનો અવતાર છે?' મેં જવાબ આપ્યો, 'તું જો કોઈ દેવતાનો

અવતાર હોય તો હું પણ કોઈ દેવ—સ્વર્ગમાંનો દેવ અવતર્યો છું.'

લોકોમાં જે વિચારો ફેલાય છે તે ધીરે ધીરે રાજાને કાને પહોંચે છે. તે પ્રમાણે કોઈકે કંસરાજાને જઈને કહ્યું કે ગોકુળમાં વિષ્ણુનો અવતાર થયો છે. આ સાંભળીને રાજાનો ક્રોધ ભભૂકી ઊઠયો અને તે દરબારમાં ગર્જના કરી ઊઠયો, 'પેલો મગતરા જેવો કૃષ્ણ પોતાને વિષ્ણુનો અવતાર કહેવડાવે છે. તેને કહો, તું વિષ્ણુનો કે શિવનો અવતાર હોય તો પણ મારી આગળ તું ટકી શકવાનો નથી. એ છોકરડાને હજી ખબર નથી કે મારી પડખે બલાઢ્ય રુકિમ અને સમ્રાટ જરાસંધ છે.'

આ પછી કંસરાજાએ તાત વસુદેવને દરબારમાં તેડાવ્યા અને તેમને ઉપહાસથી કહ્યું, 'વસુદેવ! તું શું સમજે છે? મને તારાં કરતૂકની ખબર નથી એમ? મને લાગતું હતું કે તું સાચાબોલો અને સાધુવૃત્તિનો ગૃહસ્થ છે, તેથી હું તારા વચનો ઉપર વિશ્વાસ રાખીને નિરાંતે બેઠો; પણ આખરે તેં મારો વિશ્વાસઘાત કર્યો. તને હવે હું છૂટો રાખવાનો નથી. તમને બંનેને હમણાં જ કારાગારમાં રવાના કરી નાખું છું, અને ગોકુળમાં માતેલા થતા જતા તારા છોકરાની ખબર લઈ નાખું છું!'

આ પછી મારા મામાએ મારા પૂજ્ય પિતાશ્રી વસુદેવને અને નિષ્પાપ માતા દેવકીને ક્રોધના આવેશમાં કારાગારમાં

નાખ્યાં અને પછી મારો નાશ કેવી રીતે કરી શકાય તેનો તે વિચાર કરવા લાગ્યા. મારો જીવ તો લેવો હતો પણ તે માટે કોઈ તેમનો કંઈ દોષ ન કાઢે, એવી યુક્તિ તે ઘણા દિવસથી શોધતા હતા."

સન્તુ–પણ તમે અમને આ વાત તે વખતે ક્યાં કહી હતી? એ જો અમને અગાઉથી માલૂમ હોત તો અમે બધા ગોવાળ ભેગા થયા હોત અને કંસ રાજાનું કાસળ જ કાઢી નાખ્યું હોત!

કૃષ્ણ–દોસ્ત! તારું કહેવું બરાબર છે. મારે ખાતર તમે લોકો ગમે તે કરવા તૈયાર થયા હોત તેમાં શંકા નથી. પણ કંસ એ બહુ સમર્થ પુરુષ હતો. તેને પડખે પણ મોટા બળિયાઓ હતા. મથુરામાંના કાવતરાની અમને રોજેરોજ કોઈ ખબર આપી જતું કે કંસરાજા અમને બંનેને મારી નાખવાની યોજના કરે છે. રાજાનું આવું વર્તન યોગ્ય નથી એમ ઘણા સજ્જનોને લાગતું; પણ તેઓ શક્તિશાળી પુરુષો નહોતા. આથી તેમની અમારા પ્રત્યેની લાગણી ફોગટ હતી. રાજાઓની સહાનુભૂતિ તાત વસુદેવ તરફ હતી; પણ કંસની આગળ આપણું ચાલવાનું નથી, એવી તેમની ખાતરી હતી. મામાએ ખૂબ વિચાર કરીને અને મિત્રમંડળની સલાહ લઈને એવું નક્કી કર્યું હતું કે "એક ધનુર્યાગ કરવો. તે જોવા માટે મને અને મોટાભાઈને એક રથ મોકલી ખૂબ સન્માનપૂર્વક બોલાવવા.

ધનુર્યાગ પ્રસંગે થનારા મલ્લયુદ્ધમાં રાજમલ્લ ચાણૂર અને મુષ્ટિકે અમને બંનેને મારી નાખવા, અને દુનિયાને જાહેર કરવું કે 'કુસ્તી કરતાં કરતાં લોહીની ઊલટી થવાથી કૃષ્ણ-બલરામ મૃત્યુ પામ્યા !' "

એક ગોપ-પણ દેવ, કુસ્તીની રમતમાં જોડીદાર બરોબરિયો જોઈતો હોય છે; તો પછી તમારી સાથે એ મોટા મલ્લો કેવી રીતે રમ્યા ?

કૃષ્ણ—તારું કહેવું બરાબર છે. મને મારી સાથે કુસ્તી રમવા બરોબરિયો મલ્લ આપવો જોઈતો હતો; પણ રાજાએ જાણીજોઈને ચાણૂરને મારી સાથે કુસ્તી કરવાની ફરજ પાડી. ચાણૂર અને મુષ્ટિક એ મલ્લો મૂર્તિમાન રાક્ષસો જ હતા. રાજાનું અન્ન યથેચ્છ ખાઈને, તે કહે તેને કુસ્તી માટે બોલાવી તેને ઠાર મારવો, એ તેમનો ધંધો હતો. તેઓ ન્યાય-અન્યાયનો જરા પણ વિચાર કરતા નહોતા.

કંસરાજાએ કુવલયાપીડ નામના એક મહાબળવાન હાથીને મારા ઉપર દોડાવવાની ગોઠવણ કરી રાખી હતી. તેમણે પોતાના દરબારમાંના મધુરભાષી અને સાધુવૃત્તિના અક્રૂર નામના સરદારને પોતાની પાસે બોલાવી તેમને કહ્યું, "હે અક્રૂર, આ ધનુર્યાગ માટે મેં અનેક માણસોને આમંત્રણ મોકલ્યાં છે. તું અમારો સ્નેહી છે. તું વૃંદાવનમાં જા. ત્યાં નંદગોપ આપણો માણસ છે. તેને કહે કે તારા બંને પુત્રોને લઈને ધનુર્યાગ જોવા આવ. તેઓ ગામડામાં ઊછરેલા છે

તેથી શહેરમાં આવતાં સંકોચ કરશે; તેથી તેમને ધીરજ આપી વિશેષ આગ્રહ કરીને તેમને લઈ આવ."

રુક્મિણી–તમને જો કૃષ્ણના દુષ્ટ હેતુની ખબર હતી, તો તમે ત્યાં ગયા શું કરવા ? તમારે વૃંદાવનમાંથી ક્યાંક દૂર ચાલ્યા જવું હતું.

કૃષ્ણ–તે મારે માટે શક્ય નહોતું; કારણ કે કંસના ગુપ્તચરો અમારા ગામની આજુબાજુ વિચરતા હતા. તેઓ કેટલાયે દિવસથી મારી હિલચાલ ઉપર બારીક નજર રાખતા હતા. મેં જો ક્યાંક જવાનો પ્રયત્ન કર્યો હોત, તો તેઓએ મને પકડી પાડ્યો હોત. તેથી આ સંકટનો સામનો હિંમતપૂર્વક કરવાનો અમે નિશ્ચય કર્યો. અમારો આ નિશ્ચય અમે અમારા ગોવાળમિત્રોને જણાવ્યો નહીં; કારણ કે તે લોકો અમારા ઉપરના પ્રેમને લીધે ભાન ભૂલીને કંસને મારી નાખવા પણ ગયા હોત, અને પછી તેમનો અને આખા ગોકુળનો કંસે નાશ કર્યો હોત. અસ્તુ.

રાજાની આજ્ઞાને માથે ચડાવી અક્રૂર કંસના રથમાં બેસીને ઊપડ્યા તો ખરા; પણ તેમને મનમાં દહેશત રહેતી કે આ દુષ્ટ રાજા કદાચ મને મારી નાખશે. પણ તે બિચારા કરે શું ? કંસના હુકમ મુજબ તેમનો ગયે જ છૂટકો હતો. અમારું ગોકુળ એ તો સાવ નાનકડું ગામડું હતું ! રાજાનો ભવ્ય રથ અમે કદી જોયો જ નહોતો. અમે અમારાં ગાડાંને બળદ જોડતા. અશ્વોનો અમને વિશેષ પરિચય નહોતો.

અક્રૂરના રથને દૂરથી જોતાં જ ગોવાળોનાં બાળકો તેની આસપાસ ભેગાં થઈ ગયાં. તેમણે અક્રૂરને તાત નંદનું મકાન બતાવ્યું. અમારા મકાનની પાસે આવો મોટો રથ ઊભો રહેલો જોઈને અમે બંને ઝટપટ ઘેર આવ્યા. અક્રૂરે અમારો ભારે સત્કાર કર્યો, અને અમને રાજા કંસનો સંદેશો કહ્યો. આ સંદેશો સાંભળીને તાત નંદનો જીવ આકુળવ્યાકુળ થયો. તેમણે ખૂબ નરમાશથી અક્રૂરને કહ્યું, " અમારા આ છોકરા હજી અબુધ છે. શહેર તેમણે જોયાં નથી. ધનુર્મખમાં તેઓ મૂંઝાઈ જશે. તેમને જરાક મોટા થવા દો. પછી લઈ જઈશું તેમને રાજાને દર્શને ! "

યશોદામાતાને કંસની યોજનાની જરાયે ખબર નહોતી. અમને દૂર મોકલતાં તેમનો જીવ ન ચાલ્યો. નંદ અને યશોદાનો નકાર સાંભળીને અક્રૂરે તેમને આશ્વાસન આપી છેવટે કહ્યું, " કંસરાજાના આમંત્રણને પાછું ઠેલવું યોગ્ય નથી. તે કોઈક દિવસ તમારાં ઢોરઢાંકર જપ્ત કરીને તમને કારાગૃહમાં નાખશે. તમે બંનેને મોકલો તો ખરાં. અમે એમને પડખે છીએ જ ! આખરે હા-ના કરતાં કરતાં અમને બંનેને અક્રૂરની સાથે રવાના કરવામાં આવ્યા. આખું ગામ અમને ભાગોળ સુધી વિદાય આપવા આવ્યું હતું. કોણ જાણે શું કારણ હતું, પણ આજે તેમને ચેન પડતું નહોતું. અમે રાજાના રથમાં બેસીને જતા હતા ખરા; પણ લોકોને લાગતું હતું કે અમો બંને ઉપર કોઈ પણ આફત અવશ્ય ઊતરવાની છે ! તેથી તેઓએ રથને આંતર્યો.

ગોપીઓ કહેવા લાગી, "અમે ખોરાક છોડી દઈશું." બધે જ એક જાતની ઉદાસીનતા ફેલાઈ ગઈ. તે સમયે ગોકુળવાસીઓના પ્રેમનો મને ખ્યાલ આવ્યો. આવા પ્રેમાળ જીવો ખાતર એક વાર નહીં પણ સો વાર કાલિયના કાળ-મુખમાં જવા હું ખુશીથી તૈયાર થઈશ. ગોકુળની યાદ આવતાં જ મારાં નેત્રો પાણીથી કેમ ઉભરાય છે તેનું રહસ્ય તમને હવે સમજાશે.

સન્તુ–કૃષ્ણ જ્યારે ગોકુળમાંથી વિદાય થયા ત્યારે રોઈરોઈને અમારી આંખો સૂજી ગઈ હતી. તે દિવસે કોઈએ રોટલો ખાધો નહીં. ગામને જાણે સૂતક આવ્યું હતું એમ દેખાતું હતું. કૃષ્ણ અમને આશ્વાસન આપતા હતા કે કોઈ વાતની ચિંતા કરશો નહીં; જે ઈશ્વરે મને કાલિયના મોંમાંથી છોડાવ્યો તે જ મારું આ વખતે પણ રક્ષણ કરશે. પછી રથમાં ઊભા રહીને સાથીઓ આગળ દંડ ઠોકીને તે બોલ્યા, "દોસ્તો, કશી ચિંતા કરશો નહીં. જુઓ તો ખરા હું કુસ્તી કેવી કરી આવું છું!"

કૃષ્ણ–મારા આ આશ્વાસનથી ગોકુળવાસીઓને સારું લાગ્યું અને પછી તેઓ ઉત્સાહથી બોલ્યા, "એ કંસરાજાને અમારા રામકૃષ્ણનાં પરાક્રમનો પરચો મળવા દો!" ગોવાળોની નાની નાની છોકરીઓ રથની પાછળ દોડતી દોડતી કહેવા લાગી, "ઓ કિસન! કુસ્તીમાં જીત મેળવી આવો. અમે તમારાં ઓવારણાં લેવા આવી જ પહોંચીશું

જોજો !" કેટલીક ગોપીઓની ઇચ્છા મથુરા આવવાની હતી; પણ મેં તેમને સમજાવી અને કહ્યું, "કુસ્તીમાં જીત મેળવીને આવીને તમારે જ ઘેર જમવા આવીશું એટલે થયું ને ? દહીં-દૂધ તૈયાર રાખજો હાં કે ?" મારાં આવાં વચનો સાંભળી તેઓ શાન્ત પડી. હું રથમાં બેસવા જતો હતો તેવામાં એક ગોપીએ આવીને મારા હાથમાં દહીં મૂકયું. તે મને એટલું બધું પવિત્ર લાગ્યું કે હજી પણ મારે કયાંક જવાનું થતાં જ હું હાથમાં દહીં માગી લઉં છું અને તે ખાઈને બહાર જાઉં છું.

યશોદામાતાને પગે લાગીને અમે રથમાં ચડી બેઠા. પછી અક્રૂરે કંસની આખી યોજના અમને કહી દીધી. તેથી અમારા શરીરમાં વીરશ્રી જાગી. ગુસ્સાનો પાર રહ્યો નહીં, અને મનસ્વીપણે વર્તવાનું અમે નક્કી કર્યું. તાત નંદ અમારી સાથે હતા જ. તેમણે રાજાને આપવા માટે હમેશાંની જેમ માખણ, માવો તેમ જ શાકભાજી સાથે લીધાં હતાં.

અમારો રથ એ વૈભવસંપન્ન મથુરા નગરીની નજીકમાં આવતાં જ અક્રૂરે મને કહ્યું, "પહેલાં મારે ઘેર ચાલો અને મારું આતિથ્ય સ્વીકારો." આ સાંભળીને મેં કહ્યું, "અમે કંસરાજાના મહેમાન છીએ ને ? તો અમારે પહેલાં ત્યાં જવું છે. સાંજે તમારે ત્યાં આવીશું. નગરીની શોભા જોતાં જોતાં અમે ધનુર્મખની જગા તરફ જઈશું."

થોડા વખત ઉપર મેં તમને કહ્યું કે અમારા શરીરમાં

વીરશ્રીનો સંચાર થયો હતો. અમારી તાકાતનો પરચો મથુરા નગરીના લોકોને કરાવવો એવો પણ અમારા મનમાં વિચાર આવ્યો. અમે નગરમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાંના પહોળા અને સ્વચ્છ રસ્તા જોઈને અમને આનંદ થયો. રસ્તાની બંને બાજુએ આવેલાં ઘરો આજે તોરણો બાંધીને સુશોભિત કર્યાં હતાં. ઊંચી ઊંચી મેડીઓ ઉપર સ્ત્રીઓ અલંકૃત થઈને હર્ષથી અમારું સ્વાગત કરતી હતી. રસ્તા ઉપર પણ અમને જોવા સ્ત્રી-પુરુષોની ભીડ થઈ હતી. મનુષ્ય સ્વભાવે જ પ્રશંસાપ્રિય હોય છે; અને તેમાં તે યુવાનીમાં આવ્યો હોય અને જો અનેક લોકો તેના ગુણોની કદર કરતા હોય તો પછી પૂછવું જ શું ? માણસનું માથું જ ફરી જાય. બધા પુરુષાર્થી નરોનો એવો અનુભવ છે કે મદ્યના કરતાં પ્રશંસાથી જ મનુષ્યનું મસ્તક વધારે પ્રમત્ત બને છે. મદ્યનો કેફ તો બેચાર ઘડી પછીયે ઊતરે છે; પણ પ્રશંસાનો કેફ મોટો પરાજય થતાં સુધી ઊતરતો જ નથી. અસ્તુ. લોકોના હર્ષનાદથી અમારામાં થોડું પ્રમત્તપણું આવ્યું હોત તો તેમાં નવાઈ નથી !

નગરમાંથી અમે પસાર થતા હતા ત્યારે અમને કંસ રાજાનો કપડાં ધોનારો ધોબી મળ્યો. અમે મનમાં કહ્યું, “ આપણે જો રાજાને ત્યાં જવું હોય તો ગામડાંનાં વસ્ત્ર શોભશે નહીં. ” તેથી અમે તે ધોબીને કહ્યું, “ અમને પણ આમાંનાં થોડાં વસ્ત્રો આપ. ” એ ધોબી રાજાના આશ્રયને લીધે ગર્વિષ્ઠ બન્યો હતો. તેથી અમે વસ્ત્ર માગ્યાં તેમાં

તેને અમારી ઉદ્ધતાઈ દેખાઈ. તેણે અમારા ગામડિયા વેશ તરફ તુચ્છતાથી જોયું અને કહ્યું, " રાજાનાં વસ્ત્રો માગવાની ઉદ્ધતાઈ ફરીથી કરશો નહીં. ફરીથી માગશો તો તમારે બરાબર શિક્ષા ભોગવવી પડશે. "

કૃષ્ણે માથા ઉપર હાથ ફેરવીને કહ્યું, " તે વખતે કોઈ પણ જાતનો વિરોધ સહન કરવાની સ્થિતિમાં અમે નહોતા. મોટાભાઈએ અને મેં એકદમ પેલા ધોબી ઉપર હુમલો કર્યો અને તેને ખૂબ મેથીપાક ખવડાવી મરણતોલ કરી નાખ્યો. પછી અમે તેની પાસેનાં વસ્ત્રોમાંથી બબ્બે વસ્ત્ર કાઢી લીધાં, અને તે પરિધાન કરીને આગળ ગયા. રાજદરબારમાં જવું હોય તો પ્રતિષ્ઠિત લોકોના રિવાજ પ્રમાણે ડોકમાં પુષ્પમાળા જોઈએ, એની અમને ખબર હતી. તેથી અમે એક માળીની દુકાને ગયા અને તેની પાસે બે ફૂલમાળાઓ માગી. દુનિયામાં જેમ ઉદ્ધત માણસો હોય છે તેમ મીઠા સ્વભાવના માણસો પણ મળે છે. યુવાનીથી તરવરતાં અમારાં શરીર અને બોલીમાંનું ધીટપણું જોઈને પેલા માળીને ભારે આશ્ચર્ય થયું અને તેણે હસતે મુખે અમારી ડોકમાં સુંદર હાર પહેરાવ્યા. સુંદર વસ્ત્રો મળ્યાં, હાર પણ મળ્યા; હવે રહ્યો ચંદનનો લેપ. તેથી અમે ચંદનની દુકાનો ખોળવા લાગ્યા. ત્યાં તો એવામાં તમારી સખી કુબ્જા–પેલી સામે બેઠી છે તે–અમારી નજરે પડી. તેની પૂંઠે જરાક ઢેકો હતો પણ તે ભારે ચાલાક અને બોલવે ચતુર હતી. તે કંસને માટે ખાસ વિલેપન બનાવીને

લઈ જતી હતી. દરરોજ નવાં નવાં સુગંધી વિલેપનો બનાવવાનું અને તે રાજા પાસે લઈ જવાનું તેનું કામ હતું. અમે તેની પાસે શરીરને લેપ કરવા વિલેપન માગ્યું, તેથી તે પ્રસન્ન થઈ અને તેણે અમારાં શરીરોને વિલેપન કર્યું. તેની સુવાસ એટલી દીર્ઘકાળ ટકનારી હતી કે હજી પણ મારા શરીરે તે આવે છે. સન્તુ, જો તો ખરો, મારા હાથે હજી તે સુવાસ આવે છે કે નહીં !"

સન્તુ આગળ આવીને બોલ્યો, "કૃષ્ણ, શું ગપ્પાં હાંકયાં કરો છો ? આટલાં બધાં વર્ષ થયાં એ વિલેપનની સુવાસ કેવી રીતે ટકી રહે ? જોઉં તમારો હાથ ! (કૃષ્ણનો હાથ પકડી) જરાયે વાસ આવતી નથી !

કુબ્જા–દિયેરજી, એમના બોલવા તરફ શું ધ્યાન આપો છો ? એ તો મારી નિરર્થક મશ્કરી કરે છે.

કૃષ્ણ–કૃષ્ણ કદી અસત્ય બોલતો નથી. કુબ્જાએ કરેલ વિલેપનની સુગંધ આજે કૃષ્ણ વિના બીજાને કેવી રીતે આવે ? કુબ્જાની ભક્તિ તો કૃષ્ણ જ જાણે છે; અને ભક્તિની સુવાસ તો ચિરકાળ ટકનારી હોય છે.

આટલું કહીને કૃષ્ણ મૂળ વાત તરફ વળ્યા :

"આવી રીતે લોકોએ અમારું સ્વાગત કરેલું જોઈને અમે મનમાં કહ્યું, 'કંસ જો કે અમારી વિરુદ્ધ હોય તોપણ નગરવાસીઓને અમારે વિશે પ્રેમ છે, આસ્થા છે, કદર છે;

તેથી આપણે બીવાનું કોઈ કારણ નથી.' આ ખ્યાલથી અમારો આવેશ વધી ગયો.

અમે પ્રથમ ધનુર્મખના મંડપમાં ગયા. ત્યાંના રક્ષકોએ અમને પ્રથમ રોક્યા; તે સાથે જ અમે તેમના મોં ઉપર તમાચો લગાવી આગળ વધ્યા. ત્યાં તો અમે એક ખૂબ મોટા ધનુષ્યને ફૂલ ચડાવેલાં જોયાં. એ ધનુષ્ય ઉપાડી જોઈએ કે એવું અમે ત્યાંના અમલદારને પૂછ્યું. આથી તે પણ અમારા ઉપર ધસી આવ્યો. અમે તેને ભોંય ચાટતો કર્યો. પૂજા કરેલા તે પ્રચંડ ધનુષ્યને ઉપાડી મેં વાળવા માંડ્યું; તેથી કાંડાનો ધક્કો લાગવાથી કડકડ કરતું તે ભાંગી પડ્યું. એ પ્રચંડ ધનુષ્યને અમે ભાંગી નાખ્યું છે એ જોઈને એ યજ્ઞમંડપમાંના બધા ચોકીદારો અમારા ઉપર ધસી આવ્યા. પછી શું કહેવું? અમારી વચ્ચે ભારે મારામારી થઈ. એ ધનુષ્યના ટુકડા અમે બંનેએ ઉપાડ્યા અને પેલા ચોકીદારોને સારી પેઠે ધીબી નાખ્યા. એવામાં સાંજ પડી. આથી વચન આપ્યું હતું તે પ્રમાણે અમે અક્રૂરને ઘેર ગયા. ત્યાં ભોજન કરી અમે નચિંત મને ઊંઘી ગયા.

રુક્મિણી–ધનુષ્ય ભાંગીને તમે કંસનો ગુનો કર્યો હતો; તો પછી તમને રાત્રે ઘસઘસાટ ઊંઘ કેવી રીતે આવી?

કૃષ્ણ–તે હવે કેવી રીતે કહું? તે કાળે અમારાં શરીરમાં તારુણ્યની મસ્તી હતી; તેથી અમને કંઈ પણ નુકસાન થશે એ ખ્યાલ જ આવતો નહોતો. જેનું મન આવું નથી

તેણે મોટાં પરાક્રમો કરવાની આશા રાખવી નહીં. **પરાક્રમી પુરુષનું પહેલું લક્ષણ નિરાંતવાળી નિદ્રા હોય છે.**

સવારે ઊઠીને અમે બંને રંગમંડપમાં જવા લાગ્યા. ત્યાં એક મોટો હાથી અમારી વચ્ચે આવીને ઊભો. મેં મહાવતને કહ્યું કે "હાથીને વાળી લે." પણ તેણે તેમ કરવાને બદલે રાજાની આજ્ઞા મુજબ હાથીને અંકુશ મારીને અમારા ઉપર ધસારો કરવાની ફરજ પાડી. મેં એ હાથીનો ધસારો ચુકાવ્યો અને તેને થાપ ખવડાવી ખવડાવીને થકવી નાખ્યો. તેણે મારા ઉપર જોરથી હુમલો કર્યો હતો, અને મેં તો તેને થાપ ખવડાવી હતી, તેથી તેના દાંત ભોંયમાં પેસી ગયા. આથી તેને ભયંકર વેદના થઈ. ખૂબ ઘમસાણ પછી મેં તે હાથીને અને તેના મહાવતને લોહીલુહાણ કરીને જમરાજાના દરબારમાં રવાના કરી દીધા. પછી લોહીથી ખરડાયેલા શરીરે અમે રંગમંડપમાં પ્રવેશ કર્યો!

સત્યભામા—દેવ, આજની કથા અમે અહીં સુધી જેમતેમ કરીને સાંભળી છે. તે સાંભળવી ગમે છે; પણ આજે હવે મારાથી તે સાંભળી શકાતી નથી. તમે કહો છો કે લોહીથી ખરડાયેલાં શરીરે તમે રંગમંડપમાં પ્રવેશ કર્યો. એ દૃશ્ય લોકોથી કેવી રીતે જોઈ શકાયું? મારાથી તો તે પ્રસંગ સાંભળી પણ શકાતો નથી. મારું માથું ફરવા માંડયું છે. તેથી દેવ, આજે હવે આ ભયંકર કથા અહીંજ અટકાવો

રુક્મિણી–દેવ, સત્યભામા કહે છે તે તદ્દન ખરું છે. હવે બસ કરો !

કૃષ્ણ–બસ તો બસ. આપણે શું ? તમારી ઇચ્છા આજે હું કંસવધ કરું એમ ન હોય તો હું બાપડો એ આજે નહીં કરું !

આટલું કહીને કૃષ્ણ ઊઠ્યા. પછી બધું મંડળ પોતપોતાના રથમાં જઈને બેઠું.

૭

અન્યાયનો સામનો

બીજે દિવસે સવારે કૃષ્ણ-સ્ત્રીઓ એકમેકને ઘેર ગઈ અને કૃષ્ણના પરાક્રમની ચર્ચા તેઓ આપસમાં કરવા લાગી.

સત્યભામા – હેં જાંબુવતીબહેન, આપણને નહોતી ખબર કે દેવ ઉપર આટલી આફતો ઊતરી હતી !

જાંબુવતી – ખરું છે. કેટલી કુમળી વય અને કેવું પરાક્રમ ! આપણાથી એ વાતો કેવળ સાંભળી પણ શકાતી નથી; અને એમણે તો ખાસ આ બધા સામના કર્યા. મારા પિતાશ્રી જાંબુવંત મહા-પરાક્રમી ! યુદ્ધમાં થાક લાગવો એની તો એમને ખબર પણ નહોતી. એક વખત આમની અને તેમની વચ્ચે ભયંકર યુદ્ધ થયું. છેવટે આમનું પરાક્રમ જોઈને મારા પિતાશ્રી ચકિત થયા, અને મને તેમણે એમને અર્પણ કરી. એ યુદ્ધ મેં મારી આંખે જોયું છે. મારા પિતાશ્રીની શક્તિ અને ચીવટ જબ્બર; પણ આમની ચપળતા અને કુસ્તીમાંના દાવ જોવા જેવાં હતાં. એમના પ્રતિપક્ષીઓ શરીરબળમાં એમના કરતાં કેટલાયે

ગણા ચડિયાતા હતા; પણ આમની પાસે કુસ્તીના દાવ અને તે રમવાની ઝડપ વધારે, તેથી આ બધે સફળ થાય છે.

આ જ જાતની ચર્ચા રુકિમણીના મહેલમાં પણ ચાલતી હતી. કૃષ્ણના પરાક્રમની કથા એવી હતી કે તે સાંભળ્યા સિવાય આ સ્ત્રીઓથી રહેવાતું નહોતું; અને યુદ્ધમાંના એ ભીષણ બનાવો સાંભળી પણ શકાતા નહોતા. અસ્તુ. સાંજે નક્કી થયા મુજબ આખું મંડળ દ્વારકાના ગોકુળમાં ભેગું થયું. કૃષ્ણે કથાનો આરંભ કરતાં કહ્યું, " રંગમંડપમાં ઘણા લોકો ભેગા થયા હતા. કંસરાજાએ અનેકને ધનુર્યાગનાં આમંત્રણ મોકલ્યાં હતાં. અમારાં સગાંસ્નેહીઓને પણ આમંત્રણ હતાં. આથી યાદવો પણ મોટી સંખ્યામાં આવ્યા હતા. અમે રંગમંડપમાં પ્રવેશ કર્યો કે તરત જ સભાસદોએ અમારું ઉત્સાહથી સ્વાગત કર્યું તેથી અમને ખૂબ હર્ષ થયો. અમે બધી બાજુએ નજર કરી ત્યારે અમને જણાયું કે રાજાના પક્ષના જે લોકો ત્યાં હતા તેમણે અને મલ્લોએ જ્યાં મુકામ કર્યો હતો તે ભાગમાં અમારું સ્વાગત થયું નહોતું. રાજાશ્રિત મલ્લવર્ગ ઘણું કરીને ભારે અભિમાની હોવા ઉપરાંત દ્વેષ અને તુચ્છતા રાખનારો હોય છે. કંસના પક્ષના મલ્લોમાં મુષ્ટિક અને ચાણૂર મુખ્ય હતા. તે મહા-શક્તિશાળી, મલ્લયુદ્ધમાં પ્રવીણ અને કઠોર મિજાજના હતા. તેમને જોતાં જ મને એવું લાગ્યું કે આ મનુષ્યો નથી, ક્રૂર પશુઓ છે. આજે કંસે તેમને મોટાં ઇનામોની લાલચ આપીને અમને મલ્લયુદ્ધમાં ઠાર મારવાનો આદેશ આપ્યો

હતો. અખાડામાં અમે બે પહેલાં ઊતર્યા. પછી ચાણૂર મારા તરફ હસતો હસતો આવ્યો અને મારા વાંસા ઉપર ધબ્બો લગાવીને બોલ્યો, 'કૃષ્ણ, તું શું કે હું શું, આપણે કંસરાજાના પ્રજાજન. તેમને કુસ્તીઓ બહુ ગમે છે; તો આજે તું મારી સાથે મલ્લયુદ્ધ ખેલીને રાજાને ખુશ કર. તે પ્રસન્ન થશે એટલે પછી આપણને કોઈ બાબતની ખોટ નહીં રહે ?'

ચાણૂર મારા કરતાં કદમાં અને તાકાતમાં કેટલાયે ગણો વધારે હતો. ઘણી નાનીમોટી કુસ્તીઓ ખેલીને તેણે મલ્લવિદ્યામાં પ્રવીણતા મેળવી હતી. તે મારી સામે ઊભો રહ્યો ત્યારે મોટા પહાડ જેવો દેખાયો. હું આવી બાબતોમાં નવોસવો હતો, તેમ છતાં હિંમત ભેગી કરી મેં ચાણૂરને કહ્યું, 'કુસ્તી કરવાની મારી તૈયારી છે, પણ અમારા બન્નેના જોડીદારો જોઈએ ને ?'

પણ મારી આ સાદી વાત સાંભળવા તે તૈયાર નહોતો. તેને કુસ્તીનો રમત રમવાની ઇચ્છા જ નહોતી. તેણે મને ઠાર મારવાનું નક્કી કર્યું હતું. તેથી તે મને દબડાવતો હોય તેવી ભાષામાં બોલ્યો, 'તારે મારી સાથે યુદ્ધ કરવું જ પડશે. રાજાની તેવી આજ્ઞા છે.'

આ ઉદ્દામ ભાષા સાંભળીને હું પણ ઉશ્કેરાયો, અને આ આવેલા પ્રસંગનો સર્વસ્વ શક્તિ ખરચીને સામનો કરવાનો મેં નિશ્ચય કર્યો.

આ તરફ કંસરાજાના મનની અવસ્થા ખૂબ કરુણાજનક થઈ હતી. ”

રુક્મિણી–કેમ વારુ? તમે ખાસ તેના પંજામાં સપડાયા હતા, તેથી તેને આનંદ થવો જોઈતો હતો.

સન્તુ–ભાભી, બિચારા કંસની ધીરજ ખૂટી ગઈ હતી એની તમને ખબર નથી. વારુ, હું પૂછું છું, તમને પરણ્યે આટલાં વર્ષ થયાં તો પણ કંસવધની કથા તમે આ પૂર્વે કૃષ્ણને મુખે સાંભળી લાગતી નથી?

કૃષ્ણ–અલ્યા સન્તુ, લગ્ન થયા પછી સ્ત્રીઓ પતિની કથા સાંભળવાને બદલે પોતાની જ કથા ફરી ફરીને કહેતી હોય છે!

સત્યભામા–રુક્મિણીદેવીએ નહીં પૂછ્યું હોય પણ હું તો પૂછતી હતી ને?

કૃષ્ણ–હા. તમે ઘણી વાર મારી કથા પૂછી છે. પણ તમારા બધા પ્રશ્નો રુક્મિણીના વિવાહપ્રસંગ વિશે જ હતા, ખરું ને? કંસવધની કથા તમે એકે વાર પૂછી છે?

સત્યભામા–ભીષણ પ્રસંગો મારાથી સાંભળી શકાતા નહોતા!

કૃષ્ણ–હવે તો સાંભળી શકાય છે ને?

સત્યભામા–આમ મને આંતરીને તમારી કથાનું મોડું કરશો નહીં.

કૃષ્ણ–અમારા કંસમામા ભારે શૂરા હતા, પણ તે

ખુલ્લા યુદ્ધમાં. માણસ કોઈને કપટથી હણવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેનું મન બીકણ બને છે. તેના પાપી વિચારો તેને ખાવા દોડે છે. તે જ પ્રમાણે અમારા મામાને ધનુર્યાગને આગલે દિવસે એક ખૂબ જ ખરાબ સ્વપ્ન આવ્યું. તેમને તેમનું મૃત્યુ દેખાવા લાગ્યું! અને તે મનમાં ખૂબ ગભરાઈ ગયા. તો પણ તે આજે રંગમંડપમાં આવીને આસન ઉપર ખૂબ રુઆબથી બિરાજમાન થયા હતા. તેમની બાવરી મુદ્રા સૂક્ષ્મ નજરે જોનારને તેમના મનમાં જે ચાલતું હતું તે દેખાઈ આવતું હતું. અમે કરેલા ધનુર્ભંગનો અને કુવલયાપીડ હાથીના નાશનો વૃત્તાંત સાંભળીને તેમને થયું, આકાશવાણીએ ભાખેલું ભવિષ્ય સાચું નીવડવાનું!–આ મારો ભાણેજ–દેવકીપુત્ર મારા પ્રાણ હરશે!

આવે વખતે, આવી અવસ્થામાં મામાએ અમને બંનેને પાસે બોલાવીને પ્રેમ બતાવ્યો હોત તો અમે બંને તેમના હિતૈષી ન થયા હોત? પણ આજે કંસમામાની બુદ્ધિ ફરી હતી. તેમને સ્વહિતના કોઈ માર્ગ દેખાતા નહોતા!

રુક્મિણી–દુષ્ટને સદ્બુદ્ધિ કેવી રીતે સૂઝે?

કૃષ્ણ–દુષ્ટબુદ્ધિના કરતાંયે તે આજે ભવિષ્યવાણીના કાદવમાં ઊંડે ઊતરી ગયા હતા. તેમાંથી બહાર નીકળવા તે જે જે ઉપાય કરતા હતા તે તે તેમની સામે ઊમટતા હતા. હશે. મારી અને ચાણૂરની કુસ્તી એકદમ શરૂ થઈ, તે જ વખતે મુષ્ટિકે બળરામભાઈ સાથે યુદ્ધ શરૂ કર્યું. મેં થોડા

વખત ઉપર તમને કહ્યું જ છે કે આ યોદ્ધાઓ અસામાન્ય કોટીના હતા. તેઓ ક્રોધવશ ન થયા હોત અને પ્રતિપક્ષીની તાકાત વિશે તેમના મનમાં તુચ્છતા ન હોત તો અમને બંનેને જય મેળવવો કઠણ હતો એમાં શંકા નથી. તેમને થયું હતું કે "આ શું આજકાલનાં કુમળાં છોકરાં! એક તમાચાની સાથે જ ભોંય સૂંઘતાં કરી નાખીશું!" પણ યુદ્ધ શરૂ થયા પછી તેમને જુદો જ અનુભવ થયો. અમે ઉમરે અને કદમાં નાના હતા એ વાત સાચી, પણ અમારામાં ચપળતા વધારે હતી.

રુક્મિણી–તમારે પક્ષે ન્યાય હતો ને? તેથી તમારી ધીરજ અડગ રહી હશે!

કૃષ્ણ–તદ્દન સાચું. ત્રણ વખત સાચું! **જેઓ સત્યના પક્ષપાતી હોય છે, તેમની ધીરજ સદાયે અડગ રહે છે.** કપટ અને દુષ્ટતા ઘણી વાર પરાક્રમી પુરુષોના ધૈર્યને હણી નાખે છે. ચાણૂર અને મુષ્ટિકનું એવું થયું. મેં જ્યારે ચાણૂર સાથે બાથંબાથા શરૂ કરી ત્યારે મને તેની છાતી ધડધડતી સંભળાઈ. તેનું આખું શરીર પરસેવાંથી રેબઝેબ થઈ ગયું હતું. તેના પરસેવાથી મારા હાથ ચીકણા થયા; અને પછી ચાણૂરને પકડી રાખવાનું મને મુશ્કેલ પડયું. એવામાં મારી નજર ત્યાં રાખેલા સુકાયેલાં છાણાંના ભૂકા ઉપર પડી. તેમાંથી થોડો ભૂકો લઈ હાથમાં ચોળી હાથની ચીકાશ દૂર કરી. ત્યાર પછી મારું ચાણૂર સાથે ભીષણ

યુદ્ધ થયું. તેમાં મલ્લયુદ્ધના બધા દાવપેચ અજમાવવા પડ્યા. છેવટે થાકીને ચાણૂર ભોંય ઉપર પડ્યો; અને પછી તેની છાતી ઉપર બેસીને મેં તેની છાતીમાં વજ્રમુષ્ટિ મારી મારીને તેનો પ્રાણ લીધો !

બીજી તરફ બળરામભાઈએ મુષ્ટિકને પણ યમસદને પહોંચાડ્યો. આ જોતાં જ દરબારના બીજા મલ્લો ખિજાઈને અમારા ઉપર ધસી આવ્યા. આમ થશે એવો અમને ખ્યાલ હતો જ. અમે જરાયે થાક ખાધા વગર સીધા આ દોડી આવેલા મલ્લો સાથે યુદ્ધ કર્યું અને બધાનો પરાજય કર્યો ! આ વિજય અમને સહેલાઈથી મળ્યો નહીં. તેને માટે જીવ સટોસટનું યુદ્ધ કરવું પડ્યું ! વિજયી થઈને અમે દંડ ઠોકીને રણાંગણમાં જેવા ઊભા રહ્યા તેવી જ આખી સભા ચકિત થઈ ગઈ ! કંસ ચકિત જ નહીં પણ બેભાન થયા; અને કંઈ પણ વિચાર કર્યા વિના તેમણે એકદમ વસુદેવને અને બીજા વૃષ્ણીઓને ઠાર મારવાનો હુકમ કર્યો. તેમણે પોતાના સેવકોને કહ્યું કે “બીજા ગોપાલોનો સરસામાન લૂંટો. તાત નંદને પણ કારાગારમાં નાખો !” કંસનાં આવાં વચનો સાંભળતાં જ હું ચિડાયો– ગુસ્સાથી ભાન ભૂલ્યો. મારા પ્રિય પિતાને પણ આ દુષ્ટ રાજા અકારણ કેદ કરશે તો હવે તેમની ઉપેક્ષા શું કરવા કરવી, એવો વિચાર એક અર્ધી ક્ષણમાં મને આવ્યો અને તરત જ એક ચિત્તાની જેમ દોડીને હું રાજાના સિંહાસન તરફ ગયો અને તેમનું ગળું પકડી લીધું. તેમણે હથિયાર

ઉગામીને પોતાનો બચાવ કરવા પ્રયાસ કર્યો, પણ તે વ્યર્થ હતો. તાજા જ મળેલા વિજયથી મારો આવેશ વધી ગયો હતો. મેં કંસને સિંહાસન ઉપરથી દૂર દૂર ખેંચીને રણાંગણમાં આણ્યા, તેમના ઉપર ઉપરાછાપરી મુષ્ટિપ્રહાર કર્યા; તેથી તેમને લોહીની ઊલટીઓ થવાથી તે ગતપ્રાણ થઈને પડ્યા!

આ પહેલાં જ ત્યાં ચાણૂર, મુષ્ટિક અને બીજા મલ્લો લોહીલુહાણ થઈને મરેલા પડ્યા હતા. તેમાં હવે રાજાના શબનો વધારો થયો. અમારાં શરીર પણ લોહીથી ખરડાયેલાં હતાં. કંસને હણ્યા પછી અમે બંને જણ વિજયના આનંદથી દંડ ઠોકીને ઊભા રહ્યા ત્યારે આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. તેમને થયું, આપણે કુસ્તીના ખેલ જોવા આવેલા અને અહીં તો રાજાની સાથે બીજા મલ્લો પણ મરીને પડ્યા હતા! એ રાજ્યક્રાંતિનો જ સમય હતો! સત્તા કોના હાથમાં જશે એ પ્રશ્ન હતો. જનતા અમારે પક્ષે હતી એમાં શંકા નહોતી; અને અમે જો ધાર્યું હોત તો લોકોએ ખૂબ ખુશીથી મોટાભાઈને રાજા તરીકે પસંદ કર્યા હોત. પણ અમે કંસનું રાજ્ય લેવા આવ્યા જ નહોતા. એ ખ્યાલ પણ અમારા મનને કદી સ્પર્શ્યો નહોતો. કુસ્તીમાં વિજય મેળવવો અને અમે મસળી નાખવા જેવાં મગતરાં નથી એમ રાજાને બતાવી આપવું, એટલી જ અમારી મહત્ત્વાકાંક્ષા હતી. પણ કંસ જ્યારે મારા કુળ ઉપર અને ખાસ કરીને મારા જનક ઉપર ઊઠ્યા, ત્યારે તેમને જેર કર્યા

વિના છૂટકો નથી એવું મારા મને નક્કી કર્યું, પણ આ બાબત તે વખતે પણ ઘણા જણના ખ્યાલમાં આવી નહીં.

કંસવધ પછી અમે બંને અમારા જનક માતાપિતાને વંદન કરવા ગયા. ત્યાર સુધીમાં અમારા જનક કોણ છે એનો ખ્યાલ અમને આવી ગયો હતો. અમને બંનેને જોતાં જ માતાપિતાની આંખોમાંથી અશ્રુધારાઓ વહેવા માંડી ! એટલામાં કંસની રાણીઓ ખૂબ શોક કરતી ત્યાં આવી. તેમનો શોક અમારાથી જોઈ શકાયો નહીં. કંસ રાજા જવાથી તેમના પિતા ઉગ્રસેન મહારાજાને કારાગારમાંથી મુક્ત કરવાનું સુલભ થયું. તે કંસસ્ત્રીઓ સાથે અમારી પાસે આવ્યા અને મને કહેવા લાગ્યા, "કંસ પોતાના પાપને લીધે મરણ પામ્યો છે. વેર મરણ આવતાં સુધી જ ટકી શકે; તો હવે તેના મૃતદેહની અંતિમ ક્રિયા કરવા અમને રજા આપ."

મેં વિનમ્રતાથી જવાબ આપ્યો, "દાદાજી, આપ જ આ રાજ્યના અધિકારી છો. અમારે રાજ્ય જોઈતું નથી. આપ જ આ રાજ્ય સ્વીકારો !"

મારા આ જવાબથી રાજ્યક્રાંતિનો તેમ જ તેની પછી થનારા રક્તપાતનો પ્રસંગ ટળ્યો.

આજે માત્ર એટલું જ થયું કે કેટલાક થોડા વિખ્યાત મલ્લો અને રાજા પોતે મરણ પામ્યા, પરંતુ બાકીનો બધો રાજ્યકારભાર અને અધિકારીવર્ગ જેમનો તેમ જ કાયમ

રહેવાથી લોકોને શાંતિ થઈ. આ પછી અમે બધાએ કંસના મૃતદેહને રાજાને શોભે એવા ઠાઠથી અંતિમ સંસ્કાર કર્યો.

ઉગ્રસેન રાજાને તરત જ રાજ્યાભિષેક કરવામાં આવ્યો. આ પછી નિર્વાસિત થયેલાં મારાં યાદવ સગાંવહાલાં પાછાં મથુરામાં આવ્યાં. તેમનાં જપ્ત થયેલાં ઘરબાર તેમને પાછાં મળ્યાં. તાત નંદનું પૂજન કરીને, તેમને વસ્ત્રાભૂષણો આપીને અમે તેમને ગોકુળ તરફ રવાના કર્યા. મારાં જનકજનનીની ઓળખાણ હવે જો કે મને સમજાઈ તો પણ જેમણે મારું પુત્રની જેમ લાલનપાલન કર્યું તેમના વિશેનો મારો આદર આજે પણ કાયમ છે, અને તે આમરણ રહેશે જ.

રુક્મિણી—દેવ, પછી તમે તુરત જ ગોકુળમાં પાછા ગયા હશો; અને ત્યાં તમારો ભારે સત્કાર થયો હશે.

કૃષ્ણ—હું બીજી બાબતોમાં નસીબદાર હોઉં તો પણ ગોકુળમાં પાછા જવાની તક મને અનેક કારણોને લીધે ફરીથી મળી નહીં. આથી હું પોતાને એટલી બાબત પૂરતો કમનસીબ માનું છું. ઉગ્રસેન રાજા હવે વૃદ્ધ થયા હતા. તેઓ રાજ્યનો ભાર ઉપાડી તે ચલાવે એ શક્ય નહોતું. હવે લોકોની મદાર અમારા ઉપર હતી. કંસના કારભારી-મંડળે અને તાત વસુદેવે અમને કહ્યું કે “ રામ-કૃષ્ણ ! તમારે હવે આ રાજ્યનો ભાર ઉપાડવો જ પડશે. આ ક્રાન્તિનો કાળ છે. આજે જોકે દેખાતું નહીં હોય પણ તરત જ રાજ્યમાં બંડ ઊઠશે અથવા આપણા રાજ્ય ઉપર

ચડાઈ થશે. તેથી હવે તમારાથી મથુરા છોડીને ક્યાંયે જઈ શકાશે નહીં." અમે ગોકુળ છોડ્યા પછી રાજકારણના નાનામોટા પ્રવાહમાં જે એક વાર સપડાયા તે હજી બહાર નીકળી શક્યા નથી. ઉમરના વધવા સાથે અમારા ઉપર હવે નવી નવી જવાબદારીઓ આવી પડતી હતી; અને પછી મારે મારા ગોકુળનાં સુખદ સંસ્મરણો યાદ કરીને જ સંતોષ માનવો પડ્યો.

સત્યભામા–પછી તમે કદી પણ ગોકુળ ગયા નહીં ? ત્યાં તમારા મિત્રોએ તમારો વિરહ કેવી રીતે વેઠ્યો ?

કૃષ્ણ–કેટલાંક વર્ષ પછી ગોકુળવાસીઓનું સાન્ત્વન કરવા માટે મોટાભાઈ બળરામ ગયા. ત્યાં તેમનું ખૂબ પ્રેમથી સ્વાગત કરવામાં આવ્યું. ચાર દિવસ રહીને મોટાભાઈ પાછા ફર્યા. સત્યભામાએ પ્રશ્ન પૂછ્યો જ છે તો ગોકુળવાસીઓ વિશે બીજી થોડી વાતો કહું.

મથુરામાંની રાજ્યક્રાંતિની અસર અમારા નાનકડા ગોકુળ ઉપર પણ થઈ. મારા ઘણા હોંશિયાર સાથીઓ તે ગ્રામ છોડીને મથુરામાં આવ્યા. તેમને મેં સ્વાભાવિક રીતે જ નાનીમોટી નોકરીઓ આપી. જે ગોપીઓ અવિવાહિત હતી તેમનાં હવે લગ્ન થઈ ગયાં અને તેઓ જુદાં જુદાં ગામોમાં સંસાર માંડીને બેઠી છે. કેટલીકને પુત્રપુત્રીઓ અને તેમનાં પણ સંતાન થવાથી તેઓ તેમનામાં ગરક થઈ ગઈ છે. અમારા જમાનાના બહુ જ થોડા લોકો હવે ગોકુળમાં રહ્યા

હશે. સમય જતાં ગ્રામવસ્તીમાં ચાલુ ફેરફાર થતો હોય છે. જૂની પેઢી કાળના પ્રવાહમાં વિલીન થાય છે અને તેનું સ્થાન નવી પેઢી લે છે. આજે જો હું ગોકુળમાં પાછો જાઉં તો મને પિછાનતો એક પણ માણસ ત્યાં હશે કે નહીં એ કોણ જાણે! કેટલાક લોકોને અમારાં સંસ્મરણો યાદ આવતાં હશે, તેઓ તે એકમેકને કહેતા હશે. આમ હોવાથી ત્યાં પાછા જવાનો અર્થ શો છે? સાથે હરનારાફરનારા લોકોના ગયા પછી જન્મસ્થાનની રમ્યતા પણ ઓછી થાય છે. ફક્ત પૂર્વ-સ્મૃતિમાં જ આનંદ આપવાની શક્તિ હોય છે.

અસ્તુ. આજે હવે આ કથા અહીં જ બંધ કરું છું. હવે પછી મારા ઉપર અને મારે લીધે મથુરાના રાજ્ય ઉપર કેવાં સંકટો આવ્યાં તેની વાત કાલે કરીશું.

રથમાં બેસીને પાછા ફરતાં રુક્મિણીએ કૃષ્ણને કહ્યું, "આપનાં પરાક્રમનો જોટો નથી. આટલી મોટી સત્તા સાથે એકલા ઝૂઝીને તેમાં આપે સફળતા મેળવી એ આશ્ચર્યકારક નથી?"

કૃષ્ણ – આમાં મારું એકલાનું પરાક્રમ નથી. મોટાભાઈનું પરાક્રમ મારા કરતાં પણ વધારે હતું; પણ કંસની નજર મારા ઉપર હોવાથી અને કંસ મારે હાથે હણાયાથી મારું નામ લોકોની જીભે વધારે ચડ્યું. વળી હું લોકો સાથે મોટાભાઈ કરતાં પણ વધારે ભળું છું, ગપ્પાં પણ વધારે હાંકું છું; તેથી લોકો મને વધારે ઓળખે છે. પછી તમને થાય છે કે બધું મેં જ કર્યું. દરેક યુદ્ધમાં મોટાભાઈનો

ભાગ બહુ મોટો હોય છે; પણ યુદ્ધ પછીની વાટાઘાટોમાં તે બહુ પડતા નથી. તેમને તો પોતાનું હળ અને તે પોતે! ખરો સંન્યાસી અને યોગી નિસ્પૃહ પુરુષ જો કોઈને જોવો હોય તો તેણે દાદાને જોઈ લેવા.

સત્યભામા—દેવ, તમો બંને ભાઈઓના સ્વભાવ આટલા ભિન્ન હોવા છતાં તમારો સ્નેહ હજી સુધી કેવી રીતે ટકી શક્યો ?

કૃષ્ણ—આ પ્રશ્નનો જવાબ અમારા રોજના વહેવારમાંથી મળી રહેશે. તમે જોયું હશે કે મોટાભાઈ મારા કરતાં વધારે તપી જાય છે; પણ તેમનો ગુસ્સો જેમ એકદમ ચડે છે તેમ એકદમ ઓલવાઈ પણ જાય છે. મેં તેમની નાડ પારખી લીધી છે. હું હમેશાં પ્રથમ તેમના વલણ મુજબ કામ કરું છું. તેમ કરીએ એટલે થોડો વખત થયા પછી તે પોતાની હઠ છોડી દે છે. વળી નાની નાની બાબતોમાં તે કદી ધ્યાન આપતા નથી. તેમનો પોતાનો માર્ગ જાડો છે! અમારા આજ સુધીના સ્નેહની મુખ્ય ચાવી એ અમારો એકમેક ઉપરનો અકૃત્રિમ પ્રેમ છે! મોટાભાઈની સફળતાથી હું રાજી થાઉં છું; અને મને મળતી સફળતા માટે તેમના જેટલો આનંદ બીજા કોઈને થતો નથી. આવો ઉદાર ભાઈ ભાગ્ય હોય તો જ મળે છે; પણ ઘણાને તેવો મળ્યો હોય તો પણ તેમનામાં સ્નેહ સંપાદન કરવાની અક્કલ હોતી નથી. આથી તેઓ દુઃખી થાય છે. દાદાને ગદાયુદ્ધની જેમ જ ખેતીનો ઘણો શોખ. આ શોખને કારણે તેમણે

આ પ્રદેશને કેવો સુધારી નાખ્યો છે! તેથી તો આપણા લોકો સુખી અને સમૃદ્ધ હોય છે. આવા ઉત્પાદક કાર્યમાં દટાઈ ગયા વિના ઘરમાં લક્ષ્મીનો વાસ થતો નથી.

સત્યભામા—દેવ, મલ્લવિદ્યા અને કૃષિ ઉપરાંત તમારા ભાઈની ત્રીજી મનગમતી બાબતની મને ખબર છે.

કૃષ્ણ—તે કઈ? કહો જોઈએ.

સત્યભામા—મદ્યપાન!

કૃષ્ણ—હા. મદ્યપાનની બાબતમાં તેમનું મન તેમના તાબામાં રહેતું નથી, એમ જો તમારે કહેવું હોય તો તે કેટલેક અંશે ખરું છે. પણ તમને મોટાભાઈની બીજી બાબતની ખબર નથી. તે એક વાર પોતાના કૃષિના કાર્યમાં ગૂંથાઈ જાય એટલે તેમને કેટલાયે મહિના સુધી મદ્યની યાદ આવતી નથી, એ મેં જોયું છે. કોઈ જો આગ્રહ કરે તો તેઓ નકારી શકતા નથી એ વાત ખરી છે. માણસ ગમે તેટલો જ્ઞાની થાય તો પણ તેના પૂર્વસંસ્કાર તેને છોડતા નથી. આથી બીજી બાબતોમાં શ્રેષ્ઠ એવા માણસો એકાદબે બાબતોમાં લપસી પડેલા દેખાય છે. આ દોષોનો ખ્યાલ જો કોઈ ગુરુ તેમને યોગ્ય સમયે કરાવી આપે તો એ મોટા માણસોના અલ્પસ્વલ્પ દોષો જેમ અગ્નિમાં કાષ્ઠ બળે છે તેમ બળી જાય છે.

નિંદા-સ્તુતિમાં પોતાનો પતિ તણાતો નથી એ જોઈને કૃષ્ણ-સ્ત્રીઓ ચૂપ થઈ ગઈ. થોડા જ સમયમાં કૃષ્ણનો રથ તેમના મંદિરની સામે આવીને ઊભો રહ્યો.

☆

૮

ગુરુબંધુનું હાર્દિક સ્વાગત

આજે સવારે શ્રીકૃષ્ણે પોતાનો પ્રાતર્વિધિ પૂરો કરી દારુકને કહ્યું કે "દક્ષિણ તરફના દરવાજાની બહાર જે ધર્મશાળા છે ત્યાં આપણે પહેલાં જવાનું છે, તો તે દિશામાં રથ લઈ જજે."

રથમાં બેસતાં પહેલાં તેમણે દાસી મારફત રુક્મિણીને બોલાવીને કહ્યું કે "આજે હું ગામ બહાર ઊતરેલા મારા જૂના મિત્રને મળવા જાઉં છું. તે મારા સહાધ્યાયી છે. પૂજ્ય સાંદીપનિ ગુરુને ત્યાં અમે સાથે જ ભણતા હતા. તેમનો સ્વભાવ નિસ્પૃહી અને શરમાળ છે. તેમનું સ્વાગત આપણે ત્યાં સારી રીતે થવું જોઈએ, હાં કે?"

રુક્મિણીએ સૂચના કરી, "આપ પોતે શું કરવા જાઓ છો? કોઈ અધિકારીને તેમને તેડી લાવવા મોકલીએ તો નહીં ચાલે?"

કૃષ્ણ–તે મારા ગુરુબંધુ છે. તેમનો ને મારો સંબંધ બરોબરિયાનો છે. તેથી મારે પોતે જ તેમને તેડી લાવવા

જવું જોઈએ. રુકિમણી, તમારા ભાઈ જો અહીં આવે તો તમે જેટલી આસ્થાથી–હોંશથી તેમનું સ્વાગત કરો તેટલી જ આસ્થાથી સુદામાજીનું સ્વાગત થવું જોઈએ એવી હું આશા રાખું છું.

રુકિમણી–ભાઈનું દબદબાથી સ્વાગત કરવાનું મારા નસીબમાં ક્યાં છે? તે જો જરા સારી રીતે વર્તે તો હું તેનું સ્વાગત એવા ઠાઠથી કરું કે —

કૃષ્ણ–(તેમને રોકીને અને જરાક આજ્ઞાના સૂરમાં) તેવું બનવાનો કદી કોઈ સંભવ દેખાતો નથી અને તેવો સંભવ થાય તો પણ તમારા ભાઈનું સ્વાગત ઠાઠપૂર્વક હું કરવા દેવાનો નથી!

રુકિમણી જરા ચિડાઈને બોલી, "કેમ? મારો આ ઘરમાં કોઈ હક જ નથી કે શું?"

કૃષ્ણ–તમને બધા હક છે. એટલું જ કે મારા ઘરમાં કલહ પેદા કરવાનો તમને અધિકાર નથી!

રુકિમણી–એટલે? મેં ક્યારે કલહ ઉત્પન્ન કર્યો છે?

કૃષ્ણ–તમે જો ભાઈનું ઠાઠમાઠથી સ્વાગત કરો તો તરત જ સત્યભામાને ઈર્ષ્યા થાય અને તે તમારા કરતાં પણ મોટા સ્વાગતની તૈયારી કરવા માંડશે. પછી બીજી સ્ત્રીઓ પણ પોતપોતાનાં સગાંના સ્વાગત કરવાની સ્પર્ધા કરવા માંડશે. પછી કાનફૂસિયાં ચાલુ થશે; તેથી મેં

કહ્યું કે "તમારા ભાઈનું સ્વાગત દબદબાપૂર્વક કરવાની રજા હું આપવાનો નથી!" પણ જવા દો એ વાત. તમારા ભાઈ ક્યાં આવવા બેઠા છે! વારુ, ત્યારે નક્કી થયું ને? આ સુદામાજીનું સ્વાગત કરવાની જવાબદારી તમારા માથા પર! હું તો તેમની સાથે ગપ્પાં હાંકતો બેસીશ.

કૃષ્ણે આજે સાદાં વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. ધર્મશાળાથી રથને દૂર ઊભો રાખી તે સુદામાની મુલાકાતે ગયા. બંનેની મુલાકાતને ઘણાં ઘણાં વર્ષ વીતી ગયાં હોવાથી સુદામાએ પ્રથમ કૃષ્ણને ઓળખ્યા નહીં. તેથી કૃષ્ણે જરાક અજાણ્યા ભાવથી સુદામાને કહ્યું, "ભૂદેવ, આપે આ દ્વારિકાને આપના શુભ આગમનથી કિમર્થ પાવન કરી? આપનું શુભનામ પૂછવાની આપની રજા છે?"

સુદામા–મારે કૃષ્ણરાજને મળવું છે.

કૃષ્ણે ડોકું હલાવી જરાક આશ્ચર્યચકિત મુદ્રાથી કહ્યું, "દેવ, આપ કાં તો ગામ કે કાં તો નામ ભૂલ્યા છો. દ્વારકામાં કૃષ્ણરાજ નામનો કોઈ પણ ઇસમ નથી. એક ગોપાલકૃષ્ણ નામનો માણસ છે. એ ગોપાલકૃષ્ણના પિતા અહીંના રાજા છે ખરા. આપને તેમને મળવું છે?

સુદામા–ના. ગોપાલકૃષ્ણ મારા સહાધ્યાયી હતા; પણ ઘણાં વર્ષ થયાં અમારી મુલાકાત થઈ નથી. સાંભળ્યું છે કે તે હવે દ્વારકાધીશ થયા છે. તે હવે મને ઓળખશે કે નહીં તે કહી શકાય નહીં.

કૃષ્ણ—કેમ નહીં ઓળખે ? માણસ કદાચ પાછળથી થયેલાં ઓળખાણ ભૂલી જાય; પણ ગુરુગૃહમાંના પ્રસંગો અને મિત્રો તે ભૂલી શકતો નથી. તેની અને મારી વચ્ચે ઘણી વાતો થાય છે. ગુરુગૃહની વાતો કહેવાની જાણે તેને ઘેલછા જ લાગી છે. તેનો સુદામા નામનો એક બુદ્ધિશાળી સહાધ્યાયી હતો. કૃષ્ણ હમેશાં કહે છે કે વેદાધ્યનમાં સુદામાએ અમને કદી ટપી જવા દીધા નહીં !

સુદામા—અરે, સુદામા તરીકે જેનું નામ તમે કૃષ્ણને મુખે સાંભળ્યું તે જ હું દરિદ્રી બ્રાહ્મણ ! અરે, અમારા કૃષ્ણ ભારે ઉસ્તાદ. તે પોતાના ગુણોનો તમને કદી પત્તો જ લાગવા દેશે નહીં. ખરું કહું ?—પેલા કાળી—કાજળકાળી સુંદર આંખોવાળા કૃષ્ણ, અને તેમના ગોરા ગોરા માંજરી આંખોવાળા ભાઈ—શું વારુ એમનું નામ ?

કૃષ્ણ—બળરામ.

સુદામા—તદ્દન સાચું. હમણાં ઘડપણને લીધે મારી સ્મૃતિ પહેલાંના જેવી રહી નથી. હું શું કહેતો હતો ? હું—એ બંને ભાઈઓ રામ અને કૃષ્ણ ભારે બુદ્ધિશાળી. કોઈ પણ વિદ્યા સમજી લેવામાં તે હમેશાં મારી આગળ કેટલુંયે નીકળી જતા. હું પાછળ પડવાથી નિરાશ થતો; પણ કૃષ્ણ મને હમેશાં હિંમત આપતા અને કહેતા, "સુદામા, તમે જાણો છો ઘણું; પણ ઉત્તર આપતી વખતે તમે હમેશાં ગભરાઓ છો ! તમને આત્મવિશ્વાસ નથી. હિંમતપૂર્વક

જવાબ આપવા. ભૂલ પડે તો ભલે પડે!" પણ મને એમની એ શિખામણ કદી ફાવી નહીં. હું હંમેશના શંકાખોર. હમણાં જ જુઓ ને. કૃષ્ણ મને ઓળખશે નહીં એવી શંકાથી હું પાછો જવા નીકળ્યો હતો; પણ સારું થયું, તમે મળ્યા!

કૃષ્ણ–સારું થયું, હું અમસ્તો આ તરફ આવી ચડ્યો. તમારે કૃષ્ણની પાસે જ જવું છે ને? ચાલો હું જ લઈ જાઉં.

કૃષ્ણે સુદામાનો હાથ પોતાના હાથમાં પકડ્યો અને કહ્યું, "દેવ, ચાલો."

ચાલતાં ચાલતાં કૃષ્ણે તેને ધીમે રહીને પૂછ્યું, "ભૂ-દેવ! મિત્રને માટે કંઈ ભેટ લાવ્યા હો તો તે સાથે લઈ લો. કૃષ્ણને કોઈ પૌંવાની ભેટ આપે છે તો તે ખૂબ ખુશ થાય છે. આ ઉમરે પણ તેનો પૌંવાનો શોખ પહેલાંના જેવો જ છે."

સુદામા–અરે, કૃષ્ણને શોખ હોય એ શકય જ નથી. પોતે ખાઉધરો છે એમ તે આપણને બતાવશે. ખાવાની ચીજો ગુરુપત્ની પાસેથી તે લડી લડીને લેતો અને પછી આને આપ, તેને આપ, આના મોંમાં પરાણે કોળિયો ભર, એમ કરતો. તેની આસક્તિ તો માત્ર બંધુપ્રેમમાં જ છે!

આનો કંઈ પણ જવાબ ન આપતાં કૃષ્ણે સુદામાને રથમાં બેસાડ્યા. દારુકને આંખથી સૂચવ્યું કે તું બીજે રસ્તે ચાલતો જા. સુદામાને રથમાં બેસાડ્યા પછી કૃષ્ણે

ઘોડાની લગામો હાથમાં પકડી કે તરત જ ઘોડા હણહણીને થનગનવા લાગ્યા. એ જોઈને સુદામાએ કહ્યું, “ ઘોડાઓને તમારા ઉપર બહુ પ્રીતિ હોય એમ લાગે છે. કૃષ્ણને પણ જાનવરો ઉપર બહુ પ્રીતિ. ગુરુજી અમને અશ્વવિદ્યા શીખવતા ત્યારે કહેતા, ‘ ઘોડાઓને તમારી થાબડી સમજાતી હોય છે. તમારા મનમાં તેમને વિશે પ્રીતિ હોય તો તેઓ તમારા ઇશારાથી જ ચાલવા માંડશે. અરે, પોતાનો પ્રાણ પણ ન્યોછાવર કરશે. જેને ક્ષણે ક્ષણે ચાબૂક વાપરવો પડે છે તે સારથિ જ નથી. ’ હેં ભાઈ, તમે સારથિની કળા કૃષ્ણની પાસે શીખ્યા ? રથ કેવો રમતમાં ચલાવો છો ! ”

આનો કૃષ્ણે કંઈ જવાબ આપ્યો નહીં. મંદિરની પાસે રથ ઊભો કરીને કૃષ્ણે સેવકને કહ્યું, “ ભૂ-દેવને કૃષ્ણજીની પાસે જવું છે; તો તેમની મુલાકાત કરાવ. ” આટલું કહી કૃષ્ણે સુદામાને અભિવાદન કર્યું અને તે સીધા પાછલે બારણે મંદિરમાં પ્રવેશ્યા, અને ઝડપથી વેશ બદલીને સુદામાનું સ્વાગત કરવા તૈયાર થઈ ગયા. તેમની પછવાડે રુક્મિણીદેવી આરતી લઈને ઊભાં જ હતાં. તેમણે સુદામાની આરતી ઉતારી. આ પછી કૃષ્ણે નવે વેશે સુદામાને ગાઢ આલિંગન કર્યું અને તેમને આગ્રહપૂર્વક પોતાના આસન ઉપર બેસાડ્યા. સુદામા પ્રથમ જરાક ગૂંચવાઈ ગયા. તેમણે મનમાં કહ્યું, “ મને અહીં લઈ આવનાર સજ્જનની મુખાકૃતિ આ કૃષ્ણના જેવી જ હતી. કૃષ્ણના જેવી જ ‘ હતી ’ શું ? આ જ તે કૃષ્ણ ! ” ઓળખી લીધા પછી સુદામાએ એકદમ

કૃષ્ણને કહ્યું, “કૃષ્ણ, આટલી બધી ઉમર થઈ તો પણ તમારો નટખટિયો સ્વભાવ કંઈ હજી ગયો નથી. મને થતું જ હતું કે આ જ કૃષ્ણ હોવા જોઈએ. કૃષ્ણ વિના રમતની જેમ આવું સારથિપણું બીજો કોણ કરી શકવાનો છે ?”

રુક્મિણીદેવીને વચ્ચે બોલવાની તક મળી. તે આગળ આવીને બોલ્યાં, “દિયેરજી, બરાબર પોલ પકડી ! અમને સદાયે હજી પણ ફસાવતા હોય છે !”

સત્યભામા પાછળથી આગળ આવીને બોલ્યાં, “હું દેવીની સાક્ષી છું. પરમદહાડે એ મારા મહેલમાં ગોવાળને વેશે માખણની ભેટ લઈને આવ્યા. આમને માખણ બહુ ભાવે છે, અને એમણે આણેલું માખણ મને નિર્મળ દેખાયું તેથી મેં દાસીને કહ્યું, ‘એ રાખી લે, અને ગોવાળને બદલામાં ફળ આપ.’ આખરે આમણે વેશ ઉતારી નાખ્યો અને ખડખડાટ હસી પડ્યા !”

કૃષ્ણ (મોટે અવાજે)–દિયેરજીને પૂછતાછ કરવાની, તેમને અર્ઘ્યપાદ્ય આપવાનું તો બાજુએ રહ્યું, અને ઘરના માણસોની ચાડી જ ખાવા બેઠાં ! સુદામાજી તમને હસશે !

સુદામા સ્મિત કરીને બોલ્યા, “કૃષ્ણ, તમારી વિરુદ્ધ ફરિયાદ કરતાં કરતાં પણ આમને ગલીપચી થતી હોય એમ લાગે છે.”

રુક્મિણી (સત્યભામાને)– સત્યભામા, આ આપણા

સુદામા-દ્વિવેદીજી. આ બધા ગુરુગૃહે સાથે ભણતા હતા. આજના આપણા મહેમાન ભારે વિદ્વાન નિઃસ્પૃહ બ્રાહ્મણ છે એમ સાંભળ્યું છે. ચાલો, આપણે તેમને અર્ધ્યપાદ્ય આપીએ.

કૃષ્ણ–અર્ધ્યપાદ્ય અવશ્ય આપો; પણ ઉપાહાર આપશો નહીં હં! ભાભીએ મોકલાવેલી ભેટ એમણે હજી મને આપી નથી.

રુકિમણી–આ શું? તમે શું હવે અનિરુદ્ધ જેવા નાના બાળક છો કે મીઠાઈ માગો છો? તમારો બાલસ્વભાવ ક્યારે જશે?

આ પછી રુકિમણીએ અર્ધ્યપાદ્ય આણ્યું; અને તે સુદામાની પૂજા કરવા લાગી. ત્યાં તો આગળ આવીને કૃષ્ણે કહ્યું, "હં, રુકિમણી, તમારી આ હઠ હું ચાલવા દેવાનો નથી. જોઈએ તો પારિજાતકનાં બે ફૂલ વધારે માગો; પણ મારા મિત્રની પૂજા હું તમને મારી પહેલાં કરવા દઈશ નહીં."

સુદામા – આમ તમે આપસમાં લડવાડ કરશો તો મારું શું થશે?

આ પછી સુદામાએ પતિપત્નીએ પ્રેમપૂર્વક આપેલ અર્ધ્યપાદ્ય આનંદથી સ્વીકાર્યું. આ પછી ગુરુબંધુઓ સાથે જમ્યા અને પછી બંનેએ આરામ કર્યો.

મહેમાનગત

સુદામાને કૃષ્ણે તેમ જ રુક્મિણી, સત્યભામા ઇત્યાદિ સ્ત્રીઓએ રોજ અભ્યંગસ્નાન કરાવવા માંડ્યું. કૃષ્ણ પોતે તેમનાં વસ્ત્રો વાળતા. રોજ નવી નવી વાનગીઓ બનાવવામાં આવતી. કૃષ્ણના આગ્રહની તો વાત જ કરવાની નહીં. સુદામાજી કહેતા, "કૃષ્ણ, મને આવાં મિષ્ટાન્નોની ટેવ નથી." બળરામભાઈ સુદામાને પોતાને ઘેર લઈ ગયા અને ત્યાં તેમનું ખૂબ આતિથ્ય કર્યું; પણ સુદામાને બળરામના ઘરના કરતાં કૃષ્ણને ઘેર વધારે મોકળાશ લાગતી; કારણ કે મોટાભાઈ સ્વભાવે ખૂબ ક્રોધી! ઘરમાં આવતાં જ તે જેના ને તેના ઉપર ક્રોધ વરસાવતા: આ ભૂલ છે, પેલી ભૂલ છે, આ ચીજ અહીં ક્યાંથી આવી? ભોજનના પદાર્થોમાં જરા મીઠું મરચું વત્તુંઓછું પડતાં અથવા તેમને તેવું લાગતાં તેઓ એકદમ પોતાની પત્નીઓ ઉપર બીજાના દેખતાં રોષ કરતા; પણ સુદામા સાથે તો તે સગાભાઈના જેવું વર્તન રાખતા. સુદામા મનમાં કહેતા, "મોટાભાઈની પ્રીતિ ભારે, પણ તેમના ઘરનું એકંદર વાતાવરણ ગરમ અને ઉગ્ર. આના કરતાં કૃષ્ણને ઘેર કેવી મોજ! તેમની વિનોદી વાતો સાંભળનારાને સુખદ લાગે છે." અસ્તુ. આથી સુદામા મોટાભાઈના કરતાં કૃષ્ણને ઘેર વધારે દિવસ રહ્યા. એક દિવસ કૃષ્ણના પુત્રોએ સુદામાજીને કહ્યું, "તમે તાતજી સાથે ગુરુગૃહે રહેતા હતા ત્યારની તેમની વાતો અમને ન કહો?"

કૃષ્ણ–વાહવા! મિત્રને મુખે તે મધુર દિવસોનો વૃત્તાંત સાંભળવો મને પણ ગમશે. મારે તમારે મુખે ઉપનિષદો સાંભળવાં છે; પણ તે પહેલાં ગુરુઘરનાં સંસ્મરણો જ પ્રથમ કહેવા માંડો. આ પ્રવચનને અંતે સત્યભામા તમને મોટી દક્ષિણા આપશે, હાં કે?

સત્યભામા–દિયેરજી, એ જુઓ હવે નકામા મને છંછેડે છે! દક્ષિણાનો સવાલ તેમણે શું કામ નકામો કાઢ્યો?

કૃષ્ણ–તો શું? સત્પાત્ર બ્રાહ્મણને દક્ષિણા નથી આપવી એમ? વારુ, તો રુક્મિણી આપશે!

રુક્મિણી–અમારી વચ્ચે લડવાડ કરાવી ગંમત જોવાની આમને ટેવ છે! સત્યભામા, આપણે દિયેરજીની સ્વતંત્ર પૂજા કરીશું, હાં કે! પ્રવચનની બાબતમાં આપણે પોતે જ મિત્રનો સત્કાર કરવો જોઈએ.

સુદામાજીએ હા-ના કરતાં કરતાં ગુરુગૃહવાસનાં સંસ્મરણો કહેવા માંડ્યાં. તે સમયે કૃષ્ણ-સ્ત્રીઓ, કૃષ્ણના પુત્રો, પૌત્રો, વહુઓ–બધાં શ્રોતાવર્ગમાં જઈને બેઠાં.

સુદામાએ બધાં ઉપર નજર ફેરવીને કહ્યું, “આજે મારો પરમભાગ્યનો દિવસ ઊગ્યો એવું લાગે છે. અમારી બાળપણની મિત્રતામાં જરા પણ ફરક પડ્યો હોય એવું મને દેખાતું નથી. મારા મિત્રનો સંસાર એ આ પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે. સ્વર્ગમાં મહેનતને સ્થાન નથી. અહીં

તમે સ્વપરાક્રમનો આનંદ લૂંટો છો. આકાશગંગાના કરતાં પણ પવિત્ર એવી પ્રેમગંગામાં તમને નહાતાં જોઈને મને પણ અદેખાઈ આવે છે. તમારા ઘરનાં મિષ્ટાન્ન કરતાં તમારા સુખસંવાદો મને વધારે રુચિકર લાગ્યા છે. તમારા આ આનંદમાં હું હવે અમારા ગુરુગૃહવાસનાં સંસ્મરણોનો આનંદ ભેળવી દઉં છું. તમને આ અનુભવો જો કૃષ્ણને મુખે સાંભળવા મળ્યા હોત તો સારું થયું હોત; પણ તમારો બધાંનો આગ્રહ છે તેથી હું નિરુપાય છું.

મારા પિતાશ્રીનું મૂળ નામ હું જાણતો નથી; પણ લોકો તેમને મજાકમાં 'ગજાનન સરસ્વતી' કહેતા. તે પ્રચંડ પંડિત હતા. તેમનો સ્વભાવ ભારે ગરમ. તે જો વિદ્યાર્થીને એક વાર પાઠ આપે તો તેણે તાબડતોબ કંઠસ્થ કરવો જોઈએ એવી તેમની અપેક્ષા હતી. મને કંઈ એ ફાવતું નહીં, અને પછી તે મારો ઉપહાસ કરતા. મુષ્ટિમોદક પણ ખૂબ ખવડાવતા. મારી માતાને એ ગમતું નહોતું. તે કહેતી, "તમે હશો મોટા પંડિત; પણ છોકરાંને વિદ્યા શીખવવાનું તમને ફાવતું નથી. તમે તેને કોઈ બીજા ગુરુને ત્યાં અધ્યયન માટે મોકલો."

પિતાશ્રીએ તે માન્ય કર્યું, અને ઉજ્જયિનીના સાંદીપનિ કાશ્ય નામના પ્રસિદ્ધ ગુરુને ત્યાં મને મોકલ્યો. ગુરુજી જેમ અનેક શાસ્ત્રોમાં પારંગત હતા તેમ તે અખંડ વિદ્યા-વ્યાસંગી પણ હતા."

કૃષ્ણ (વચ્ચે જ)–હજી પણ છે. તે અહીં જ છે. આપણે તેમને મળીશું.

સુદામા–મહદ્ભાગ્ય કહેવાય! કેટલાક દિવસ પસાર થયા પછી ગુરુજીને ત્યાં એક વૃદ્ધ ગૃહસ્થ આવ્યો. તેનાં નેત્ર પાણીદાર અને મુદ્રા તેજસ્વી હતી. પોશાક ઉપરથી તે કોઈ રાજા યા રાજપુરુષ હોવો જોઈએ એવું મને લાગ્યું. તેણે ગુરુજીને અભિવાદન કર્યું. પછી બંનેએ એકાન્તમાં કંઈ વાતચીત કરી. ત્યાર પછી એ ગૃહસ્થ ગુરુપત્નીને પ્રણામ કરીને જતો રહ્યો. એક-બે સપ્તાહ પછી તે ફરીથી આવ્યો. તેની સાથે મારી જ ઉમરના પણ શરીરે વધારે ભરાવદાર અને ઘાટીલા એવા બે તેજસ્વી કુમારો હતા. તે કુમારોએ ગુરુજીને અને ગુરુપત્નીને વિનયપૂર્વક નમન કર્યું અને કહ્યું, "અમે ગોવાળો વચ્ચે ઊછર્યા છીએ. નગરના જીવનથી અમે અપરિચિત છીએ. વેદવિદ્યા અને ધનુર્વેદનું શિક્ષણ મેળવવા માટે અમે અહીં આવ્યા છીએ. અમે ગુરુજીની કૃપા વાંછીએ છીએ!" ગુરુજી આ સંભાષણથી પ્રસન્ન થયા. સ્મિત કરીને તેમણે તેમને આશ્વાસન આપ્યું. અમારા ગુરુજી મિતભાષી અને દરેક શબ્દ તોળી તોળીને બોલનારા હતા. તે પોતાનો ભાવ નેત્ર દ્વારા પ્રકટ કરતા. તેમની કુટીમાંનું વાતાવરણ હમેશાં પ્રસન્ન રહેતું. તેમાં ગુરુપત્ની અને અમે ત્રણે શિષ્યો રહેતાં. ગુરુપત્નીનો સ્વભાવ પતિના કરતાં ઘણો જુદો. તે ખૂબ ચપળ અને બહુભાષી હતાં. એક વાર જો તે ગુસ્સે થતાં

તો તેમની સામે ઊભા રહેવાની અમારી તાકાત નહોતી. સંસારવહેવારમાં તે ખૂબ દક્ષ. લક્ષ્મી વિશેષ પ્રસન્ન નહોતાં છતાં તેમણે સંસારવહેવારમાં કોઈ વાતની ઊણપ પડવા દીધી નહીં. તે પોતે ખૂબ શ્રમ કરતાં અને અમારી પાસે પણ કરાવતાં.

કૃષ્ણ (વચ્ચે જ)–આથી અમારામાં શ્રમ કરવાની ટેવ પડી. ક્ષત્રિયોને યુદ્ધમાં આ ગુણની બહુ જરૂર પડે છે.

સુદામા–અમારે દૂરથી ખભે પાણી ભરી લાવવું પડતું. લાકડાં ચીરવા પડતાં. બળરામભાઈ મોટાં મોટાં ઝાડ કુહાડીથી રમતમાં કાપીને નીચે પાડતા. કૃષ્ણ ખૂબ ઉસ્તાદ! લાકડાં ચીરવામાં પણ તેમની ચતુરાઈ દેખાઈ આવતી. લાકડાની નસો જોઈને તે ઘા મારતા, આથી ઘણું કામ કરવા છતાં તે થાકતા નહીં. તેમણે પ્રાણશક્તિ ઉપર પણ કાબૂ મેળવ્યો હતો. તે પ્રાણાયામ ક્યારે કરતા તેની તેમણે અમને કદી ખબર પડવા દીધી નહીં. પ્રાણાયામને લીધે તેમનો ઉત્સાહ સતત ટકતો. બળરામભાઈ અને હું થાક્યા-પાક્યા ઘેર આવતા તો કૃષ્ણ હસતાખેલતા ઘેર આવતા; અને ઘેર આવીને પણ ગુરુપત્નીને મદદ કરતા. આથી ગુરુપત્ની કૃષ્ણ ઉપર ખૂબ ખુશ રહેતાં.

કૃષ્ણની જેમ બળરામભાઈની સ્મરણશક્તિ અને ગ્રહણશક્તિ અલૌકિક જ હતી. ગુરુજી ભણાવ્યે જતા અને આ બંને ભણ્યે જતા! હું પાછળ રહી જતો. તેથી ગુરુજી

મને કહેતા, "તું નિરાશ થઈશ નહીં. આ છે રાજપુત્રો. તેઓ અહીં બહુ દિવસ રહેવાના નથી. તેમને મથુરાનું રાજ્ય કરવાનું છે, તેથી થોડા સમયમાં મારે તેમને ઘણું શીખવી દેવાનું છે. તેમના ગયા પછી તું અહીં રહેજે. હું પછી તને બધું ફરીથી શીખવીશ."

બહુ જ થોડા સમયમાં રામ-કૃષ્ણે વેદવિદ્યા અને ઉપનિષદો શીખી લીધાં. બળરામભાઈને સંહિતા મોટે સાદે બોલવામાં બહુ આનંદ આવતો. મોટાભાઈની વાણી ગંભીર, ઉચ્ચાર સુસ્પષ્ટ. તે વેદઘોષનો આરંભ કરતા એટલે આપણે જાણે પ્રસન્ન મેઘગર્જના સાંભળતા હોઈએ, એવો ભાસ થતો. કૃષ્ણે વેદાધ્યયન સારું કર્યું, પણ તેમને ઉપનિષદમાં વધારે મજા આવતી. બળરામભાઈનું જોર પઠન ઉપર; તો કૃષ્ણનું જોર મનન ઉપર. ગુરુજીને તે કદી કદી વિચિત્ર પ્રશ્નો પૂછતા; પણ ગુરુજી તેમના ઉપર ગુસ્સે થતા નહીં. અમે કૃષ્ણને કહેતા, "કૃષ્ણ, તમારું મસ્તક કયા દેવે ઘડ્યું છે? ગુરુજીને કેવા પ્રશ્નો પૂછ્યા કરો છો?" બળરામભાઈ કહેતા કે "કૃષ્ણ ગોકુળમાં હતા ત્યારે ભારે ખેલાડી હતા; પણ ગુરુગૃહે આવ્યા પછી તેમના સ્વભાવમાં વિશેષ ફરક પડ્યો. તે વધારે ચિંતનશીલ અને મનનશીલ થયા છે." તે એકાન્તમાં ઘણી વાર વિચાર કરતા બેસી રહેતા. બળરામભાઈ અને હું તેમને અડપલાં કરતા. તે બધાં તે હસતે મુખડે સહી લેતા. અમે રમવા બોલાવીએ તો તે કદી ના પાડવાના નહીં. વેદવિદ્યા પછી ગુરુજીએ તેમને

અસ્ત્રવિદ્યા અને અશ્વવિદ્યા શીખવી. આપણા બળરામભાઈને ગદા ફેરવવાનો ભારે શોખ. તેમાં તે બહુ ઝડપથી પ્રગતિ કરતા. પણ ગુરુજીને એ વિદ્યાની બહુ માહિતી નહોતી. તે કહેતા, 'રામ, તારે ગદાયુદ્ધનું શિક્ષણ લેવા માટે બીજે જવું પડશે. એક જ માણસને બધી વિદ્યાઓ થોડી જ કંઈ આવડતી હોય છે! ગદાયુદ્ધની કળા પરશુરામ ઋષિને સરસ આવડે છે. તેમને તું પ્રસન્ન કરે તો તું તે વિદ્યામાં પ્રવીણતા મેળવીશ." કૃષ્ણનું ધ્યાન અસ્ત્રવિદ્યામાં વિશેષ હતું. ચક્રને ફેંકીને ઘા કરવાનો અભ્યાસ તે વધારે કરતા. તે ચક્રને ઝાડ ઉપરના ફળને તાકીને ફેંકતા તો તે ચક્ર તે ફળને તોડીને ગૂં ગૂં કરતું કૃષ્ણના હાથમાં અચૂક આવી બેસતું! એની અમને બહુ મજા પડતી. આ ચક્ર અમારા ગુરુજીએ ભગવાન વિષ્ણુના પ્રસાદથી પ્રાપ્ત કર્યું હતું એમ કહે છે. તેમણે તે કૃષ્ણને શીખવ્યું. એક દિવસ કૃષ્ણે ચક્ર ફેંકવાની કળામાં વિશેષ પ્રવીણતા બતાવી ત્યારે ગુરુજીએ કૃષ્ણને કહ્યું, "કૃષ્ણ, આ દિવ્ય અસ્ત્રનો ઉપયોગ કોઈ વિશિષ્ટ પ્રસંગ વિના કરીશ નહીં. દિવ્ય શક્તિઓનો ઉપયોગ નિરહંકાર વૃત્તિથી જ કરવો જોઈએ. આસુરી વૃત્તિના દૈત્યો આ વિદ્યા ઝડપથી ગ્રહણ કરે છે; પણ હું તેમને આ વિદ્યા શીખવતો નથી." પછી અમે તેમને લાડમાં પૂછતા, "ગુરુજી, તમારે મન તો બધા શિષ્ય સરખા, તો અસુર શિષ્યોને તમે આ વિદ્યા કેમ શીખવતા નથી?" આના જવાબમાં ગુરુજી કહેતા, "ગુરુને મન બધા શિષ્યો સરખા એ વાત

ખરી છે. ગુરુએ શ્રીમંતગરીબનો ભેદ કરવો જોઈએ નહીં; પણ દયાળુ અને દુષ્ટનો ભેદ તો તેમણે કરવો જ જોઈએ." અસ્તુ.

એક વાર અમે લાકડાં વીણવા જંગલમાં ગયા હતા. ત્યાં તો ચારે તરફથી આકાશ મેઘથી છવાઈ ગયું; અને તરત જ મુશળધાર વરસાદ ચાલુ થયો. પછી અમે ત્રણે જણ એક ઝાડની નીચે ઊભા રહ્યા. મને ભૂખ ખૂબ લાગી હતી. ગુરુપત્નીએ અમને ત્રણેને માટે એક નાની પોટલીમાં પૌંવા બાંધીને મને આપ્યા હતા. તે પોટલી મેં ધીરે રહીને છોડી અને રામ-કૃષ્ણથી ચોરીને મોં ફેરવીને હું પૌંવા ખાવા લાગ્યો. દાંતનો અવાજ થવા લાગ્યો, તેથી કૃષ્ણે શું કહ્યું? "સુદામા, ઠંડીને લીધે દાંત બોલે છે! તારી ફાટેલી કામળી મને આપ અને આ મારી આખી કામળ લે જોઈએ." એમ કહીને તેમણે મારી કામળીને ઝટકાથી ખૂંચવી લીધી, ત્યાં તો પૌંવાની પોટલી નીચે પડી. તેને ઉપાડીને તેમણે કહ્યું, "મિત્ર, કેવો બાઘો છે, લ્યા! ભૂખ લાગી તોયે તને પૌંવાની યાદ ન આવી? તું મોટો થઈશ ત્યારે શું કરીશ?" મિત્રના દોષને ખુલ્લા પાડવાને બદલે આવી રીતે ઢાંકનારો મિત્ર આખી પૃથ્વી ઉપર મળવો મુશ્કેલ! કૃષ્ણનાં પરાક્રમના કરતાં પણ તેમના પ્રેમની કિંમત અમારે મન મોટી હતી,– અને આ પ્રેમ તે નિરપેક્ષ રીતે કરતા.

આવું કહેતાં કહેતાં સુદામાનું ગળું ભરાઈ આવ્યું, અને તેમનાં નેત્રોમાંથી અશ્રુધારાઓ વહેવા માંડી. ગંભીર

વાતાવરણ ઉત્પન્ન થયું. કૃષ્ણ-સ્ત્રીઓ પાલવ આંખે અડકાડીને રોવા લાગી. પ્રદ્યુમ્નાદિ પુત્રોની આંખો પણ પાણીથી ભરાઈ ગઈ.

આ ગંભીર વાતાવરણને પલટાવી નાખવા કૃષ્ણે રુક્મિણીને કહ્યું, "રુક્મિણી, આવું જ તારું આદરાતિથ્ય કે? મારા મિત્રથી ભૂખ સહેવાતી નથી. ભૂખને લીધે તેમનો જીવ આકુળવ્યાકુળ થયો છે. કંઈ નાસ્તો લાવીશ કે નહીં?"

સત્યભામા – તમારા મિત્રના નિયમો બહુ ભારે! તમારી માફક તે કવેળે ખાતા નથી.

કૃષ્ણ – ના શું ખાય? આમ ઉપર ઉપરથી આગ્રહ કરવાથી શું થવાનું છે? કેમ સુદામા, તમારાં ભાભી જો કંઈ ખાવા લાવે તો તમે ખાશો કે નહીં? મને તો હમણાં ખૂબ ભૂખ લાગી છે અને તમે જો ન ખાવાના હો તો મારાથી ખાઈ શકાશે નહીં. જો ભાઈ, એક ગરીબડા જીવને ભૂખથી ટળવળાવવાનું પાપ તમને લાગશે!

કૃષ્ણનાં આ વચનો સાંભળીને બધાં હસી પડ્યાં. વરસાદ પછી જેમ આહ્‌લાદકારક તડકો પડે તેવું આ વખતે થયું. કૃષ્ણકથા કહેતાં કહેતાં આ જાતનો આનંદ સુદામાને ત્યાં કેટલાયે દિવસ સુધી મળ્યો. પછી એક દિવસ તે જવા માટે નીકળ્યા. તે કૃષ્ણને ત્યાં આવ્યા હતા પોતાની પત્નીના આગ્રહથી દ્રવ્ય માગવા; પણ કૃષ્ણના પ્રેમમાં તે નિઃસ્પૃહ બ્રાહ્મણ એવો તો ગૂંગ થઈ ગયો કે તેને પોતાના કાર્યની

યાદ રહી નહીં. કૃષ્ણની વિદાય લેતી વખતે તેમને તે વાત યાદ આવી પણ મનના સંકોચને કારણે તેમણે કૃષ્ણની પાસે યાચના કરી નહીં. કૃષ્ણે પણ મિત્રને કંઈ ભેટ આપવાની વાત કાઢી નહીં. ઊલટું કૃષ્ણ ક્યારેક ક્યારેક કહેતા, "સુદામા, તમે ખૂબ નસીબદાર છો! તમને સુવર્ણના અભિલાષ જેવું કંઈ નથી. અમે તો માયામોહમાં કેવા ડૂબી ગયા છીએ! અમે ઉપનિષદો નકામાં વાંચ્યાં! તમારું જ જીવન સાર્થક થયું છે; કારણ કે તમે સોનું, પાષાણ અને મૃત્તિકાને સમાન જુઓ છો!"

રુક્મિણીએ સુદામાની પત્નીને માટે તેમ જ બાળકો માટે કેટલાંક ઘરેણાં કાઢ્યાં, ત્યારે કૃષ્ણે તેમને, સુદામાને સંભળાય એવા મોટા અવાજે કહ્યું, "દેવી, આ ગરીબ બ્રાહ્મણને રસ્તામાં ચોર લૂંટશે; તેથી તેમને સુવર્ણ અલંકાર આપવા યોગ્ય નથી. જોઈએ તો તમે તેમની સાથે ચાર લાડુ મોકલો, થયું?"

સુદામા બધાંની પ્રેમથી વિદાય લેવા લાગ્યા, ત્યારે કૃષ્ણ-સ્ત્રીઓની આંખમાં અશ્રુ આવ્યાં. કૃષ્ણે મિત્રને ગાઢ આલિંગન દીધું અને કહ્યું, "આવી રીતે વારે વારે આવીને અમને સુખ આપતા જજો!"

સુદામાને પહોંચાડવા માટે એક ખાસ દૂતને મોકલવામાં આવ્યો હતો. પ્રવાસમાં તે સુદામાજીને પૂછતો, "કૃષ્ણરાજે તમને શું શું આપ્યું? આજ સુધીમાં અમારા

માલિકે આવું આતિથ્ય બીજા કોઈનું કર્યું હોય એવું અમે જોયું નથી. તે બહુ ઉદાર છે. તેમણે તમને સુવર્ણ-અલંકાર કે મૌક્તિકના હાર પણ આપ્યા હશે.”

સુદામાને આ શબ્દો મર્મમાં ઘા કરતા. આખરે તેમનાથી રહેવાયું નહીં. તેમણે કહ્યું, “ખરું પૂછો તો મારે કંઈ જોઈતું નહોતું; પણ મારી પત્નીને વૈભવ તો નહીં પણ પહેરવા વસ્ત્ર અને પેટ ભરીને ખાવા અન્ન હોય તો સારું એમ લાગે છે. હું આમ ખાલી હાથે પાછો જાઉં છું તો તેને શું મોં બતાવીશ એ વિચાર મને સતાવ્યા કરે છે!” આટલું કહેતાંમાં તો સુદામાની આંખમાંથી આંસુનાં ટીપાં ગળવા લાગ્યાં, ત્યારે તે કૃષ્ણના વિશ્વાસુ દૂતે કહ્યું, “ભૂ-દેવ! કોઈ જાતની ફિકર કરશો નહીં. જે શ્રીકૃષ્ણ સૌની ચિંતા કરે છે તે શું તમારા જેવા સાત્ત્વિક વૃત્તિના મિત્રની ચિંતા નહીં કરે? તમે હમણાં જે ગામમાં રહો છો તે ગામ કૃષ્ણજીએ તમને ઇનામમાં આપી દીધું છે! એટલું જ નહીં પણ તમારી પત્નીને અને બાળકોને ઊંચી કિંમતનાં વસ્ત્રાલંકાર અને ઘણી અમૂલ્ય ભેટો ક્યારનીયે આગળથી મોકલી આપી છે! તેથી તમે ઘેર પહોંચશો ત્યારે તમારું સ્વાગત કેવું થાય છે તે જોજો તો ખરા! વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈને તમારી પત્ની તમારું સામૈયું કરશે!”

દૂતનાં આ વચનો સાંભળતાં જ સુદામા એકદમ નીચે

બેસી ગયા ! એક નિસાસો નાખીને તે બોલ્યા, “ ભગવાન, મને વૈભવના મોહમાં શું કરવા નાખે છે ? કદાચ વૈભવમાં રહીને પણ હું અલિપ્ત રહી શકું છું કે નહીં તેની તમારે પરીક્ષા કરવી હશે ! ”

આમ સ્વગત બોલીને તેણે કૃષ્ણના દૂતને કહ્યું, “ તમારા રાજાને જણાવજો કે આ સુદામો તમારા જેટલો બુદ્ધિશાળી નહીં હોય પણ વિરક્તિની કસોટીમાં તમારાથી અવશ્ય હાર ખાવાનો નથી ! ”

૯

સંસારી યોગી

સુદામાના જવાથી કૃષ્ણ ઉદાસ થઈ ગયા. તેમણે આજે સવારનો નાસ્તો નથી જોઈતો એમ સેવકોને કહ્યું. રુક્મિણીનો એક એવો નિયમ હતો કે કૃષ્ણના ખાનપાન વખતે પોતે હાજર રહેવું અને પોતાને હાથે પતિને પીરસવું. આજે નાસ્તો નથી જોઈતો એમ કૃષ્ણે કહ્યું તેથી તે તરત જ કૃષ્ણની પાસે આવ્યાં અને તોફાની વૃત્તિથી બોલ્યાં, "મિત્રના વિયોગથી તમને આટલું બધું દુઃખ કેમ થયું? તમે તો યોગેશ્વર તરીકે પ્રસિદ્ધ છો! ધર્મરાજાના રાજસૂયયજ્ઞમાં તમારી જ્ઞાની, કર્મયોગી તરીકે પૂજા થઈ. તો પછી આજે તમારા ઉપર માયાએ કાબૂ કેવી રીતે જમાવ્યો?"

કૃષ્ણે રુક્મિણીના મુખ તરફ થોડીક પળ તાકી રહીને જોયું. પછી મૂઠી હડપચી નીચે રાખીને મનમાં ને મનમાં હસીને તે બોલ્યા, "અમને બરાબર પકડી પાડી તમે વિજય મેળવ્યો. હું આજે માયાના પંજામાં સપડાયો છું એમાં શંકા જ નથી. તો પણ તમે આજે આ બહાને એક મહત્ત્વનો પ્રશ્ન ઉપાડ્યો છે, તેથી હું પણ થોડો

ખુલાસો કરું છું. જ્ઞાન એ બુદ્ધિનું લક્ષણ છે. માણુસને જેમ બુદ્ધિ હોય છે તેમ મન પણુ હોય છે. મનમાં હમેશાં જુદી જુદી ભાવનાઓનો ખેલ ચાલતો હોય છે. બુદ્ધિશક્તિનો ઉપયોગ કરીને માણુસ લાગણીઓ ઉપર કાબૂ જમાવે તો પણુ માણુસ આઠે પહોર થોડો જ મનને બાંધી શકે છે? ઋષિઓએ મનને અશ્વાની ઉપમા આપી છે. અશ્વા સારથિના કહ્યામાં રહે છે એ વાત સાચી છે, પણુ તે આઠે પહોર નથી રહેતા. તેમને વચ્ચે વચ્ચે છૂટા રાખવા પડે છે. તે પ્રમાણે દેહધારી જ્ઞાની પુરુષને લાગણીઓનો ભોગ ના-ના કહેતાં પણુ થવું પડે છે. તમે કહો છો હું મોટો યોગેશ્વર છું, જે આ બાબતમાં પૂરેપૂરો જાગ્રત હોય છે. હું યોગેશ્વર વગેરે કંઈ નથી. ફક્ત હું હમેશાં પ્રસન્ન, હસતે મુખે રહેવા સતત પ્રયત્ન કરતો હોઉં છું.”

રુક્મિણી—આપના જેવા જ્ઞાની માણુસને જો ભાવનાઓના પ્રવાહમાં તણાવું પડે છે, તો પછી સાધનાનો ઉપયોગ શો?

કૃષ્ણુ—તમે કેવો યોગ્ય માર્મિક પ્રશ્ન પૂછ્યો! અમારા ગુરુજી કહેતા કે જ્ઞાની માણુસને સુખદુઃખ તો લાગે જ છે, પણુ તેમનો પ્રભાવ તે પોતાના ઉપર સતત પડવા દેતો નથી. સામાન્ય અને જ્ઞાની માણુસ વચ્ચે આટલો જ ફરક! જ્ઞાની માણુસ ઉપર કેટલાયે દુઃખના પ્રસંગો આવી પડે તો પણુ તે પોતાનું પ્રાપ્ત કર્તવ્ય છોડતો નથી. અમારા ગુરુજીને

પુત્રવિયોગનું કેવું ભારે દુઃખ આવી પડયું હતું! પણ તેમની જ્ઞાનસાધનામાં કે અધ્યાપનકાર્યમાં જરા જેટલો પણ અંતરાય આવ્યો નહીં. સુદામા મારા સહાધ્યાયી, સ્નેહી. તેમના જવાથી હું ઉદાસ થયો તેથી મારામાં કોઈ ઊણપ આવી ગઈ એવું નથી. આમાં માણસાઈ છે. આવા દુઃખથી મનુષ્યની પ્રેમભાવના ઉત્કર્ષ પામે છે અને દૃઢ પણ થાય છે!

રુકિમણી—આ આટલું જ્ઞાન આપીને આપે મને આટલી સમજાવી એ વાત ખરી, તોપણ તમે જો આહાર નહીં કરો તો મને સારું લાગશે નહીં; અને તમારે એ ખ્યાલ રાખવો જોઈએ કે જો માલિક આહાર કરે નહીં તો તમારા નિષ્ઠાવાળા સેવકો પણ કંઈ ખાશે નહીં.

કૃષ્ણ—તમારી બધા ઉપર નજર છે ત્યારે! સેવકોની મુસીબતો જે સમજે છે તે જ ખરી શેઠાણી. વારુ, તમારી ઇચ્છા હોય તો આહાર લઈ આવો; દહીં-પોંવા લાવશો તો પણ ચાલશે.

રુકિમણી (કૃષ્ણમંદિરમાંથી બહાર જતાં જતાં કૃષ્ણ તરફ તોફાની હાસ્ય હસીને)—દહીં-પોંવા! માણસ મોટી ઉમરનો થાય તો પણ બાળપણના ગમા-અણગમા તે છોડતો નથી!

કૃષ્ણે રુકિમણીના આગ્રહને લીધે દહીં-પોંવા ખાધા જેવું કર્યું. ત્યાર પછી મુખપ્રક્ષાલન કરીને તથા શુભ્ર વસ્ત્ર પરિધાન કરીને, કપાળે કુંકુમતિલક કરીને તેમણે પોતાનું

પ્રતિબિંબ અરીસામાં જોયું; અને પછી દારુક જે રથ લઈ આવેલો તેમાં જઈ તે બેઠા. કૃષ્ણની પાસે બે જાતના રથ હતા: એક મંદગતિ અને બીજા શીઘ્રગતિ. યુદ્ધમાં તેમ જ મૃગયાને સમયે તે બે ચક્રનો રથ વાપરતા; કારણ કે તે ખૂબ ગતિવાળો હતો. પણ આવા રથમાં બેસનારાને વત્તાઓછા ધક્કા ખાવા પડે છે. ચાર ચક્રનો રથ એ સુખકારી વાહન હોય છે. ગામમાં ફરવું હોય અથવા ઉદ્યાનમાં સહેલ કરવા જવું હોય તો આ રથનો ઉપયોગ કરવામાં આવતો. આ રથમાં બેસનારના પેટનું પાણી પણ હાલતું નહીં; પણ તેની ગતિ પણ એવી જ હતી. આ રથમાં ગાદી-તકિયા ગોઠવેલા રહેતા.

કૃષ્ણની બે પત્નીઓના સ્વભાવ ભિન્ન ભિન્ન હતા. રુક્મિણીને ગૃહસંસાર ચલાવવો વધારે પસંદ હતો. સત્યભામા રુક્મિણી કરતાં વધારે ચપળ હતાં. તે ઘણી વખત કૃષ્ણની સાથે યુદ્ધમાં અને મૃગયામાં જતાં. ગજશાળા, અશ્વશાળા જોવામાં તેમને વધારે મજા પડતી. આજે શ્રીકૃષ્ણ અશ્વશાળા જોવા જવાના હતા, તેથી અગાઉથી મળેલી સૂચના મુજબ દારુક સત્યભામાના મંદિરમાં પહેલો જઈને તેમને કૃષ્ણને ત્યાં તેડી લાવ્યો હતો. કૃષ્ણ રથમાં બેઠા પછી સત્યભામાએ કહ્યું, “ દેવ, તમે કેટલા ભાગ્યશાળી છો! તમારે સુદામાજી જેવા નિષ્કપટી મોટા મનવાળા મિત્ર છે. તમે તેમને ભેટમાં શું આપ્યું ? મારા મનમાં તેમની પત્ની માટે એક સાળુ મોકલવાનો હતો.”

કૃષ્ણ–પણ દેવી, તેમના ઘરમાં બે ટંક ચાલે એટલું અનાજ છે કે નહીં તેની તપાસ તમે કરી કે ?

સત્યભામા–સાચી વાત, દેવ ! વૈભવમાં ઊછરવાથી, ના, આળોટવાથી ગરીબોની પરિસ્થિતિની માણસને કલ્પના પણ આવતી નથી. (લાડપૂર્વક) ખરેખર, આજે હું તમારી સાથે રિસાઈ છું !

કૃષ્ણ–(હસીને) તમને રિસાવાની કોણ ના પાડે છે ? તમે રિસાઓ નહીં, ગુસ્સો કરો નહીં તો આ સંસાર મોળો લાગે !

સત્યભામા–મને નકામા ચીડવો નહીં. હું જે કહું છું તે સાંભળો તો ખરા. તમે મને ઘણાં લાડ લડાવ્યાં, પણ તમને જે ખરું શિક્ષણ મળ્યું છે તે તમે મને કદી આપ્યું નથી. ગરીબોનાં દુઃખનો અનુભવ કેવી રીતે કરવો તે તમે મને ક્યારે શીખવ્યું છે ? કહો !

કૃષ્ણ–મેં જો તમને એ શિક્ષણ આપ્યું હોત તો સત્રાજિતોએ મારા ઉપર આગ વરસાવી હોત ! દેવી, ગરીબોનાં દુઃખ ગરીબીમાં રહેવાથી જ સમજાતાં હોય છે !

આવો મીઠો સંવાદ ચાલતો હતો ત્યારે રથ અશ્વશાળા-ની પાસે આવી પહોંચ્યો. દારુકે હાથનો ટેકો આપતાં જ કૃષ્ણ નીચે ઊતર્યા. ત્યાર પછી કૃષ્ણે હાથનો ટેકો આપી સત્યભામાને નીચે ઉતાર્યાં, અને પોતે દારુકની સાથે

ઝપાટાબંધ અશ્વશાળામાં ગયા. ઘણા અશ્વો ચરામાં ચરવા ગયા હતા. કૃષ્ણની ઇચ્છા ઉપરથી અશ્વાધ્યક્ષે સૂચનાનો શંખ ફૂંક્યો. તે સાંભળતાં જ જુદે જુદે ઠેકાણે સ્વૈરવિહાર કરતા ઘોડા તબેલા તરફ દોડતા આવીને પોતપોતાને સ્થાને ઊભા રહ્યા. પછી કૃષ્ણે તેમની બારીકાઈથી તપાસ કરી. કોઈ પણ ઘોડાના શરીર ઉપર બગાઈઓ કે માખો નથી એ જોઈને તેમણે સંતોષ વ્યક્ત કર્યો. એક ઘોડાને પગે કાંટો વાગવાથી લોહી નીકળ્યું હતું. કૃષ્ણે તે તરફ દારુકનું ધ્યાન ખેંચ્યું. ત્યાર પછી હમણાં ઘોડાને ખોરાક કયો અપાય છે, નવા શીખાઉ ઘોડા કયા છે વગેરે કૃષ્ણે જોઈ લીધું. પછી કૃષ્ણે અશ્વશાળાના અધ્યક્ષને કહ્યું, “ ઘોડાને તોબરો કોણ ધરે છે ? ” રક્ષકે જવાબ આપ્યો, “ તે કામ ઉપર સ્વતંત્ર સેવકો રાખ્યા છે; તેઓ ખોરાક તૈયાર કરવામાં ગૂંથાયા છે. ” આ ઉપરથી કૃષ્ણે ત્યાંના મુખીને સૂચના આપી કે “ સારથિએ પોતાને હાથે ઘોડાને ખોરાક ખવડાવવો જોઈએ. તેથી ઘોડા સારથિ ઉપર પ્રેમ કરે છે. અમારા ગુરુજી અમને શિષ્યોને કહેતા કે “ આપણે જેમની પાસે કામ કરાવવું હોય તેમને પોતાને હાથે ખોરાક ખવડાવવો જોઈએ. ”

દ્વારકાધીશ પાસે ઘોડાની ઘણી પાયગાઓ હતી. તેમાંયે હજુરની પાયગાઓ ઉપર કૃષ્ણનું ખાસ ધ્યાન રહેતું. અશ્વોની તપાસ કરીને ભોજનને સમયે કૃષ્ણ પાછા ઘેર આવ્યા. વૈશ્વદેવ, કાકબલિ વગેરે બાબતોથી પરવારીને તે ઇષ્ટ-મિત્ર

અને આશ્રિતોની સાથે ભોજન માટે બેઠા. કૃષ્ણને ઘેર પંક્તિભેદને સ્થાન નહોતું. પંક્તિમાં જો કોઈ સેવક અન્ન પીરસતાં ભેદ કરતો તો અન્ય સમયે સૌમ્ય અને ક્ષમાશીલ કૃષ્ણ ખૂબ ગુસ્સે થતા, અને પછી તે જવાબદાર સેવકને કડક શિક્ષા કરતા. એટલું જ કે આ શિક્ષા બધાંના દેખતાં થતી નહીં. ભોજન બાદ તાંબુલ-ગ્રહણ કર્યા પછી કૃષ્ણ વામકુક્ષી માટે પોઢી જતા. એક દિવસ રુકિમણીએ સવાલ પૂછ્યો, " દેવ, તમે વામકુક્ષી વખતે નિદ્રાધીન હો એવા દેખાઓ છો; પણ હમણાંથી હું જોઉં છું કે તમારા જમણા હાથનો અંગૂઠો હાલતો હોય છે. આ ઉપરથી આપ નિદ્રાવશ થતા નથી એવું દેખાય છે. આમ કેમ ? "

કૃષ્ણ–દેવી, અસ્રોનો ઉપયોગ સતત કરવાને કારણે હમણાં હમણાં અંગૂઠા ઉપરનો મારો સંયમ છૂટતો જાય છે.

રુકિમણી–તો પણ આપ ઊંઘતા નથી એ ચોક્કસ. આ સમયે આપ ધ્યાનમગ્ન હો એવું દેખાય છે. પરોઢિયે ધ્યાનમાં બેસો છો તે મને સમજાય છે, પણ ફરીથી બપોરે ધ્યાન શાનું ?

કૃષ્ણ–ગુરુજીએ ઉપનિષદો શીખવતાં એવું કહ્યું છે કે આત્મચિંતન જ્યારે વખત મળે ત્યારે કરવું; નહીં તો ખાલી મન કુ-તરંગો ઉપર ચડે છે. યોગ શબ્દનો અર્થ જ એ છે કે અખંડ અનુસંધાન. આત્મા સાથે મહેમાનની માફક અનુસંધાન રાખવાથી ચાલી શકતું નથી.

કૃષ્ણ-રુક્મિણી વચ્ચે આવા અધ્યાત્મવિષય સંબંધી સંવાદ હમેશાં ચાલતા, અને રુક્મિણીને પ્રસંગે પ્રસંગે અનાયાસે બોધ મળતો.

સાંજે નિયમ મુજબ બધાં માણસો રથમાં બેસીને ગોકુળમાં ગયાં. આજે કૃષ્ણની નજર ગોવાળવાડાની પાસે વહેતા ઝરા તરફ ગઈ અને ત્યાં બેસવાની તેમને ઇચ્છા થઈ. ઝરાની પાસે બેસીને હાથમાં રેતી લઈ તે નીચે નાખતાં નાખતાં તેમણે કહ્યું, " આપણી કથા ક્યાં સુધી આવી હતી, વારુ ? "

સન્તુ—કૃષ્ણ, કંસવધ સુધી તમારી આત્મકથા આવી હતી. હે કૃષ્ણ, તે વખતે તમે એકલા જ મથુરા કેમ ગયા ? અમને મદદમાં કેમ ન લઇ ગયા ?

કૃષ્ણ—તમારી માએ તમને મારી સાથે મોકલ્યા ન હોત ! અસ્તુ. કંસની અંત્યેષ્ટિક્રિયા પૂરી કર્યા પછી વડીલોને અને મુત્સદ્દીઓને એમ લાગ્યું કે હવે પછી રાજ્યની ધુરા આખરે રામ-કૃષ્ણે પોતાની ઉપર ઉપાડવી પડશે; અને અમને તો રાજ્યકારભાર ચલાવવાની વિદ્યાના સંસ્કાર મળ્યા નહોતા. અમારું બધું જીવન તો ગોપાલનમાં પસાર થયું હતું. તેથી તેમણે અમને બંનેને યજ્ઞોપવીત-સંસ્કાર આપી ઉજ્જયિનીમાં નિવાસ કરતા સાંદીપનિ ગુરુજીને ત્યાં ભણવા મોકલ્યા.

એક વૃંદ્ધ ગોપે કહ્યું, “ઉજ્જયિની મથુરાથી કેટલે છેટે આવી ?”

કૃષ્ણ–બસો ગાઉ કરતાં વધારે.

વૃદ્ધ ગોપ–તમારા વડીલોએ પોતાના બાળકોને આટલે છેટે કેવી રીતે મોકલ્યા ? મથુરામાં શિક્ષણ આપનારું કોઈ નહોતું ?

કૃષ્ણ–સારી ઓલાદ મેળવવા માટે તમે ગોપ લોકો કેટલે દૂર જાઓ છો, વારુ ? તે જ પ્રમાણે સારી વિદ્યા મેળવવા માટે સારા ગુરુની શોધમાં દૂર જવું પડે છે.

ગુરુને ત્યાં જતાં પહેલાં તાતે મને ઉપદેશ કર્યો કે “તમારા ઉપર હવે ભારે જવાબદારી પડવાની છે. કંસરાજાના મિત્રો શાંત નહીં બેસી રહે. તેઓ મથુરા ઉપર ચડાઈ કરીને આપણને હેરાન કરી નાખશે. તેથી ગુરુ પાસેથી શસ્ત્રાસ્ત્રવિદ્યા સત્વર શીખી લેજો. વળી વેદાધ્યયન પણ બરાબર કરજો. ગુરુજીની સેવા આળસ છોડીને કર્યા સિવાય વિદ્યાની પ્રાપ્તિ થતી નથી. ગુરુગૃહે પહોંચ્યા પછી તમે પોતે કોઈ મોટા છો એ ખ્યાલને મનમાંથી કાઢી નાખજો. આવી પડે તે કામ કરવામાં કર્તવ્ય માનશો, તો ગુરુજી તમારા ઉપર પ્રસન્ન રહેશે, અને પછી તે પોતાની પાસેની બધી વિદ્યા તમને શીખવશે.”

માત-પિતાની વિદાય અને આશિષ લઈ અમે ઉજ્જયિની

ગયા. ગુરુને જોતાં જ અમારા મનમાં આદર ઉત્પન્ન થયો. તેમનું તે ઊંચું વિશાળ લલાટ જોઈને અમને મનમાં થયું કે આ અનેક વિદ્યાઓનું પિયેર જણાય છે! ગુરુજી વિશે અમને આદર થતો; પણ જો હઠ જ પકડવી હોય તો અમે તે ગુરુપત્ની આગળ પકડતા. એક દિવસ ગુરુજી ક્યાંક બહાર ગયા હતા; અને અમે ગુરુપત્ની પાસે બેસીને ભાજી સમારતાં સમારતાં ગપ્પાં હાંકતા હતા ત્યારે ગુરુપત્નીએ અમને કહ્યું, "કૃષ્ણ, આજે અહીં તું મને માતા કહીને માન આપે છે પણ કાલે રાજા થશે એટલે અમારી યાદ પણ આવશે કે?" ત્યારે મોટાભાઈએ અમારા બંને તરફથી તેમને આશ્વાસન આપ્યું કે "અમે જો તમને ભૂલી જઈશું તો અમારી વિદ્યા નિષ્ફળ થશે." મારા સહાધ્યાયી મિત્ર સુદામાએ અમારા ત્યાંના જીવનની માહિતી તમને આપી જ છે; તેથી ત્યાંના જીવન સંબંધી વિશેષ કંઈ મારે કહેવું નથી. અમને મથુરા આવવાની ઉતાવળ હતી તેથી ગુરુગૃહ અમારે જલદી જ છોડવું પડયું. ગુરુજીની વિદાય લેતી વખતે અમે કહ્યું, "આપ કંઈ પણ ગુરુદક્ષિણા માગો," ત્યારે અમારા નિસ્પૃહ ગુરુજીએ અમને કહ્યું, "વિદ્યાર્થીઓ પૂરા મનથી વિદ્યા ગ્રહણ કરે એટલે અમને દક્ષિણા મળી ગઈ એવું લાગે છે." તેથી અમે તેમને ફરીથી કહ્યું, "કંઈક વિશેષ માગો," ત્યારે તે બોલ્યા, "અમારા એકના એક પુત્રને પ્રભાસ-ક્ષેત્રમાં એક રાક્ષસ ઉઠાવી ગયો છે, તો તેની તપાસ કરીને તમે જો તેને પાછો લાવી શકો તો જોજો."

ગુરુની આજ્ઞાને શિરોધાર્ય માનીને અમે પ્રભાસક્ષેત્રમાં ગયા. ત્યાં માલૂમ પડ્યું કે પંચજન નામનો અસુર ગુરુપુત્રને સમુદ્રમાં ખેંચી ગયો છે. પછી અમે તેની સાથે ઘણા દિવસ સુધી યુદ્ધ કરીને તેને ઠાર માર્યો, અને તે ઉઠાવી ગયો હતો તે ગુરુપુત્રને મુક્ત કરી ગુરુજીને અર્પણ કર્યો. આ પંચજનની પાસે એક સુંદર શંખ હતો. તે મેં મારી પાસે રાખી લીધો છે. યુદ્ધને સમયે આના નાદથી શત્રુના હૃદયમાં ભય પેસે છે! અસ્તુ. ગુરુપુત્રની શોધ કરતાં કરતાં અમને પ્રભાસક્ષેત્રની અને તે બાજુના પ્રદેશની માહિતી મળી. મેં મોટાભાઈને કહ્યું, “મોટાભાઈ, જો કદાચ મથુરામાં રહેવું આપણે માટે અશકય થાય તો આ પ્રાન્ત નિવાસ કરવા માટે ઉત્તમ છે. પ્રદેશ ફળદ્રુપ દેખાય છે, અને આત્મરક્ષણ માટે આપણને જેવો જોઈએ તેવો એક બેટ પણ અહીં છે.” મોટાભાઈએ કહ્યું, “જોઈશું, ભવિષ્યની વાત ભવિષ્યમાં! હવે આપણે મથુરા જલદી જવું જોઈશે. ત્યાં લોકો આપણી વાટ જોતા હશે ને?” ત્યાર પછી અમે મથુરા પાછા આવ્યા. ત્યાં અમને ગોકુળમાંનાં માણસો મળ્યાં. યશોદામાતાને જોતાં જ અમારાં દિલ ભરાઈ આવ્યાં. બધાં માણસો અમારે ત્યાં કેટલાક મહિના સુખેથી રહ્યાં. આ જ વખતે મથુરામાંના મુત્સદીઓએ અમને ભાવિ સંકટોનો ખ્યાલ આપતાં કહ્યું, “કંસની સ્રીઓ સાથે તમે ઉદાર વર્તાવ રાખ્યો ખરો; પણ આખરે તેઓ કૃતઘ્ન નીવડી. કંસની સ્રીઓ—અસ્તિ અને પ્રાપ્તિ એ બંને બહેનો સમ્રાટ

જરાસંધની કન્યાઓ થાય છે. તેઓ પોતાનું દુઃખ ભૂલી ગઈ નથી. પિતાને મળવા માટે તેઓ મગધદેશના રાજગૃહ નગરમાં ગઈ. ત્યાં તેમણે પિતા પાસે હઠ પકડી કે 'કંસવધનું વેર તમારે વસૂલ કરવું જ જોઈએ! બે ગોવાળના છોકરા મથુરા આવ્યા અને ત્યાંના બળવાન રાજાને હણીને મથુરાનું રાજ્ય ઝૂંટવી લીધું! આ બાબત તમે સહન કરો એ બરાબર નથી.' "

મેં જરાસંધના જમાઈને હણ્યો હતો, તેથી તેને મારા ઉપર રોષ ચડે એ સ્વાભાવિક હતું. મેં જમાઈને કેમ હણ્યો એની તપાસ એણે કરી હોત તો હવે પછી થનારી અનર્થપરંપરા થાત નહીં. બધા સત્તાધીશોને સારાસાર વિચાર હોતો નથી; તેઓ ઉપરઉપરથી જોઈને નિર્ણય કરે છે. જમાઈના વધનું વેર લેવા તેણે મથુરા ઉપર ચડાઈ કરવાનું નક્કી કર્યું અને રુકમી અને શિશુપાલ જેવા પોતાના માંડલિકોને મદદે બોલાવ્યા. આ આફત અમારા ઉપર ઊતરશે એમ સમજીને અમે અગાઉથી જ મથુરામાં લડાઈની તૈયારી કરી રાખી હતી. જરાસંધે મથુરાને ઘેરો ઘાલી અમને ગૂંગળાવવાનો મનસૂબો કર્યો હતો. અઠ્ઠાવીસ દિવસ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યું. મોટાભાઈએ દક્ષિણ દિશામાંથી જઈને જરાસંધના હંસ અને ડિંભીક નામના બે સેનાપતિને માર્યા. આથી એ સમ્રાટ પાછો પડ્યો. પશ્ચિમ દિશાની જવાબદારી મારે શિર હતી. દક્ષિણ તરફના રાજાઓનો અમારા લશ્કરે પરાજય કર્યો, ત્યારે જરાસંધે ઘેરો ઉઠાવી લઈ સ્વદેશ

ગમન કર્યું. આવી રીતે અમે આ પહેલા સામનામાં જીત મેળવી; પણ મથુરામાંના અનુભવી મુત્સદ્દીઓએ અમને ચેતવણી આપી કે "જરાસંધ એ સામાન્ય વીર નથી. તે પાછો ગયો છે તે મોટી સેના લઈને ફરીથી આવવાના હેતુથી ગયો છે." અમને આ માલૂમ પડતાં જ અમે મથુરામાંના જૂના કારભારીઓને એકઠા કર્યા અને તેમને કહ્યું કે "ઉગ્રસેન રાજાની સાથે જરાસંધને આદવેર નથી. વેર છે તે અમારી સાથે. અમે અહીં છીએ તેથી તે મથુરાને આટલો ત્રાસ આપે છે, તેથી મથુરામાંનાં આબાલવૃદ્ધોને ત્રાસ ન પહોંચે, અને યુદ્ધમાં આ સુંદર નગરીનો નાશ ન થાય તે માટે અમે જ બે જણ અહીંથી જતા રહીએ છીએ. એથી તમને શાંતિનું સુખ મળશે."

આ બાબતમાં ઘણી ચર્ચા થયા પછી મથુરાના પ્રજાજનોના રક્ષણ અર્થે અમને મથુરા છોડવાની રજા મળી.

અમે દક્ષિણ તરફના કરવીર નગરમાં ગયા. ત્યાં અમને પરશુરામદેવે કહ્યું કે "તમે અહીં રહેશો નહીં. ક્રૌંચપુર જાઓ. ત્યાંનો યદુવંશીય રાજા તમને મદદ કરશે." પછી અમે ક્રૌંચપુર ગયા અને ત્યાંના રાજાને આશ્રયે ગોમંત પર્વત ઉપર જઈને રહ્યા, પણ જરાસંધે અમારો પીછો છોડ્યો નહીં. તે એ પર્વત ઉપર ચડાઈ કરી આવ્યો અને તેણે પર્વતને ચારે તરફથી આગ લગાડી દીધી. પછી અમે પર્વત ઊતરીને નીચે આવ્યા અને નવી જ શીખેલી વિદ્યાને જોરે

જરાસંધનો શસ્ત્રાસ્ત્રોથી પરાજય કર્યો. પછી અમે મથુરા પાછા આવ્યા. જોગાનુજોગ એવો કે જે શિશુપાલે ભવિષ્યના જીવનમાં મારો સતત વિરોધ કર્યો, તે શિશુપાલના પિતાએ એટલે દમઘોષે મને આ સંકટમાં મદદ કરી! દુનિયામાં આવા વિચિત્ર સંબંધો બને છે! વાટમાં ક્રૌંચપુરના શૃગાલ રાજાએ મને વિનાકારણ રોકયો. અમે તેનું કંઈ બગાડયું નહોતું. આખરે તેની સાથે યુદ્ધ કરીને મારે તેને વશ કરવો પડયો. આ પછી તેના પુત્રને ક્રૌંચપુરનું રાજ્ય સોંપી અમે નીકળ્યા. નીકળતી વખતે શૃગાલ રાજા પાસેનો માત્ર ઉત્તમ રથ અમે સાથે લીધો. આ રથ અને પાંચજન્ય શંખ એ બે મારી પાસે હજી છે એ તમે જાણો જ છો.

આજે આટલું બસ. આવતી કાલે રુક્મિણીવિવાહની રમ્ય કથા કહીશું!

આવું સૂત ઉવાચ કરીને કૃષ્ણ ઊઠયા.

૧૦

રુક્મિણી-સ્વયંવર

આજે શ્રીકૃષ્ણ રુક્મિણી-વિવાહ-પ્રકરણ કહેવાના છે એ જાણ્યા પછી કૃષ્ણ-સ્ત્રીઓના મંડળમાં એક ભારે ધમાલ મચી ગઈ. રુક્મિણીની યુવાની પૂરી થઈ હતી અને તેમને પુખ્તાઈ આવી હતી. યુવાનીમાંના ઉન્માદકારક સૌન્દર્યની જગાએ હવે ગાંભીર્યને કારણે વિલસનારું રૂપ આવ્યું હતું. તે હમણાં હમણાં રંગીન વસ્ત્રને બદલે શુભ્ર વસ્ત્રો પરિધાન કરતાં હતાં. હમણાંથી તેમણે ઘણા અલંકારોને રજા આપી દીધી હતી.

ગમે ત્યાં જાઓ – સાદી ગરીબની ઝૂંપડીમાં, રાજગૃહમાં અથવા ઇન્દ્રની અમરાવતીમાં – શોકભાવ હવાની માફક બધે સંચરતો હોય છે; પણ કૃષ્ણની ચતુરાઈભરેલી વર્તણૂકને લીધે આ ઈર્ષ્યાએ ખરાબ સ્વરૂપ ધારણ કર્યું હતું નહીં. કૃષ્ણની પ્રીતિ એ જ મોટો વૈભવ હતો, એમ તેમની બધી સ્ત્રીઓ માનતી. આમ હોવા છતાં જુદા જુદા રાજમહેલમાં કંઈ નવાજૂની થતાં તેની ખબર દાસીઓ દ્વારા બીજા મહેલમાં પહોંચી જતાં વાર લાગતી નહીં; અને ત્યાં પછી મરચુંમીઠું

ભભરાવાતું અને માનવસ્વભાવ મુજબ ભારે ચર્ચા ચાલતી. રુક્મિણી પટરાણી હતાં, ઉંમરે વડીલ હતાં. વળી સ્વભાવે ગંભીર, વાણી મીઠી અને સૌને સંભાળવાની વૃત્તિવાળાં હોવાથી તેમને અન્ય સ્ત્રીઓ સ્વાભાવિક રીતે જ માન આપતી. સત્યભામા જરા વધુ ધીર. બીજાંઓની મજાક ઉડાડવામાં તે મોખરે રહેતાં; પણ તે રુક્મિણીની મજાક ઉડાવતાં નહીં. પણ કૃષ્ણની ઇતર સ્ત્રીઓએ રુક્મિણીના વિવાહની કથાને બહાને તેમની મજાક કરવાનું નક્કી કર્યું. આવા વિવાહપ્રસંગની મશ્કરીઓ સ્ત્રીઓને બહુ ગમતી હોય છે! પોતાના વિવાહની હકીકત સમાન વયની બહેનપણીઓને ફરી ફરી કહેવાનો સ્ત્રીઓને કદી કંટાળો આવતો નથી; કારણ કે એમાં પૂર્વનો અનુભવ લઈ શકાય છે. રુક્મિણીને આજે સવારથી પોતાના વિવાહના બધા બનાવો યાદ આવતા હતા અને તેની સાથોસાથ તેમના મોં ઉપર વિવિધ ભાવનાઓની છટાઓ ઊમટતી હતી.

સાંજે કૃષ્ણે જોયું તો તેમના રથની પાછળ પાછળ અનેક રથ આવતા હતા. તેમણે દારુકને પૂછ્યું, “આ રથ કોના?” દારુકે જવાબ આપ્યો, “દેવ, આજે સર્વે દેવીઓએ કથાશ્રવણનો લાભ લેવાનું નક્કી કર્યું છે.”

કૃષ્ણ–આજે આટલા દિવસથી હું આત્મકથા કહું છું. આટલા દિવસ તેમને ઉત્સાહ નહોતો, અને આજે એકાએક કેવી રીતે ઉત્પન્ન થયો?

રુકિમણી—આજે મારા વિવાહની કથા આપ કહેવાના છો ને ? વિવાહનો પ્રશ્ન આપને વિશેષ મહત્ત્વનો નહીં લાગતો હોય, પણ અમને જીવનમાં એ જ મહત્ત્વનો લાગે છે. આપ છો મહાન તેથી આપની પાસે અનેક રાજકન્યાઓ દોડી દોડીને આવતી તેમાં મારા જેવીનું જ મહત્ત્વ વિશેષ શું હતું ? વિદર્ભ-રાજકન્યાની સાથે આપનો વિવાહ થયો એટલું આપને યાદ છે એ શું ઓછું છે ?

ગોવાળવાડામાં આવ્યા પછી આજે તેમણે પોતાનો રાજવેશ બદલ્યો નહોતો. માથા ઉપર સોનાનો હીરાજડિત મુગટ, કેડે પીતાંબર, ખભે ઉપરણાની જેમ નાખેલો દુપટ્ટો, ડોકમાં વૈજયંતી માળા: આજે તેમનો આવો વેશ હતો. આવતાંની સાથે થોડું પાણી પીને તેમણે કથાનો આરંભ કર્યો :

“જરાસંધનો પરાજય કર્યા પછી અમે મથુરામાં આવીને રાજધાનીને મજબૂત કરવાના કામે લાગ્યા. હવે થોડો વિરામ મળ્યો હતો. મારાં માતાપિતાને મારા લગ્નની ફિકર થવા લાગી. મોટાભાઈ પરણી ચૂક્યા હતા. મારી સ્થિતિ એવી હતી કે મારી સાથે લગ્ન કરવા કોઈ પણ રાજકન્યા તૈયાર થઈ ન હોત ! કારણ કે હું નહોતો રાજા કે નહોતો યુવરાજ ! તાત વસુદેવની પછી રાજ્યના વારસદાર મોટાભાઈ જ હતા. વળી જરાસંધ જેવા સમ્રાટને મારી સાથે વેર, તેથી મારી સાથે લગ્ન કરીને કઈ કન્યા કૃતાર્થ થઈ

હોત ? તેથી મેં મનમાં વિચાર્યું કે આપણો આ જન્મમાં વિવાહ થવાનો નથી ! પણ મારા વિવાહનો પ્રસંગ જલદી આવ્યો; પરંતુ તેમાં કેટલાં વિઘ્નો આવ્યાં તે તો જુઓ ! વારુ, હું તમને એક વાત પૂછું છું. તે એ કે આ વિવાહની કથા હું વિસ્તારથી કહું કે ઝટ પૂરી કરીને બીજી બાબત તરફ વળું ?"

રુકિમણી–વિસ્તારથી કહો, પણ કહેતાં કહેતાં અમને કોઈને ચૂંટી ખણશો નહીં હં !

કુબ્જા–આમ જુઓ, મહાદેવી ! દ્વારકામાં આવ્યા પછી દેવને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે. હવે અડપલાં કરવાં એમને શોભે નહીં તેથી વચ્ચે વચ્ચે એ હેરાન થાય છે. આપણે તેમને અડપલાં કરવાની તક ચાલો આપીએ !

કૃષ્ણ–મહાદેવી વિદર્ભરાજાની કન્યા. તેમના સૌંદર્યની કીર્તિ ચોતરફ ફેલાઈ હતી. આવું સ્ત્રીરત્ન પોતાની પાસે હોય એવું હરેક તરુણ રાજા ઇચ્છવા લાગ્યો. નકામી લડવાડ ટાળવા માટે ભીષ્મક રાજાએ રુકિમણીનો સ્વયંવર કરવાનું નક્કી કરીને જુદા જુદા રાજાઓને આમંત્રણ મોકલ્યાં. ખરું પૂછો તો મને પણ આમંત્રણ મળવું જોઈતું હતું; પણ તે મળ્યું નહીં !

સત્યભામા–કેમ વારુ ? આપના જેવો શૂરો અને સુંદર (જીભ કરડે છે) તરુણ રાજા સમગ્ર આર્યાવર્તમાં બીજો કોણ હતો ?

કૃષ્ણ–મારી વિરુદ્ધ પહેલી વાત એ હતી કે હું રાજા નહોતો !

રુક્મિણી–એટલે ? કંસનું રાજ્ય તમે પોતાના પરાક્રમથી જીતી લીધું નહોતું કે ? તમે રાજ્યાભિષેક કરાવ્યો નહીં તેથી તમે રાજા નથી એમ કહેવું કેવી રીતે શોભે ?

કૃષ્ણ—કેવી રીતે શોભે ? (દીર્ઘ નિશ્વાસ નાખીને) દેવી, આ સંસારમાં ઝઘડાને પ્રસંગે આપણા પ્રતિપક્ષીઓ સાચી વાતો નજર બહાર કરીને તાંત્રિક બાબતોને મહત્ત્વ આપીને વાદવિવાદ મચાવે છે. તેવું આ સમયે રાજકન્યાના ભાઈએ કર્યું. આ ભાઈ તે રુકમી. તે કંસમામાનો પક્ષકાર હતો. તેથી તેને રુક્મિણીનો મારી સાથે વિવાહ થાય તે કેવી રીતે પસંદ પડે ? રુકમીના પક્ષમાં શિશુપાલ નામનો એક તરુણ યુવરાજ હતો. તેનો વિવાહ રુક્મિણીની સાથે થાય એવું રુકમીને અને સમ્રાટ જરાસંધને થતું હતું. તેથી મને વિદર્ભદેશના રાજા તરફથી આમંત્રણ આવ્યું નહીં.

સ્વયંવરની વાત એવી છે કે તેને માટે કન્યાના પિતાનું આમંત્રણ જોઈએ જ એવું નથી; કારણ કે આવા વિવાહમાં વરની પસંદગી કન્યા પોતે જ કરતી હોય છે. તેથી કહ્યું, જાઉં તો ખરો ! આથી રથ સજ્જ કર્યો અને ઊપડી ગયો કુંડિનપુરને રસ્તે !

ભીષ્મક રાજા ધૂર્ત હતો. તેને કોઈને દૂભવવાની ઇચ્છા નહોતી, તેથી તેણે મારું સ્વાગત સારી રીતે કર્યું. રુકમી-

જરાસંધને આ વાત પસંદ પડી નહીં. ખુદ રાજકન્યાને પોતાને મારું આગમન તે સમયે કેટલું પસંદ હતું તે હું જાણી શકયો નહીં. અસ્તુ. જરાસંધાદિ રાજાઓએ વિદર્ભરાજને કહ્યું, "કૃષ્ણે કંસનો વધ કરીને અમારો અપરાધ કર્યો છે. વળી સ્વયંવરમંડપમાં તે અમારી સાથે બેસી શકશે નહીં; કારણ કે તે રાજા નથી." ત્યાં મારા કેટલાક મિત્રો હતા. તેમણે રુકમીને કહ્યું, "મેળવે તેનું રાજ્ય હોય છે, તેથી કૃષ્ણ રાજા કેમ નથી? તેણે પોતે થઈને જ ઉગ્રસેનને રાજ્ય નથી આપ્યું?" રુકમી-જરાસંધે મારા મિત્રોને જવાબ આપ્યો કે "રાજ્ય કોણે મેળવ્યું એ અમને કહેશો નહીં. કૃષ્ણને મૂર્ધાભિષેક થયો છે કે?" પછી આ તાંત્રિક મુશ્કેલી ટાળવા માટે મારો મિત્ર કથકૈશિક આગળ આવ્યો. તેણે પોતાનું રાજ્ય મને અર્પણ કરીને મારો રાજ્યાભિષેક પણ ત્યાં જ કરી નાખ્યો! મને કદી રાજ્યનો લોભ હતો નહીં, પણ આમને મેળવવા .... અલ્યા સન્તુ, ગળું સુકાઈ ગયું! પાણી તો લઈ આવ.

રુકિમણી–દિયરજી, બેસો. ન ઊઠશો!

કૃષ્ણ–મને સ્વયંવરમંડપમાંથી ઉઠાડી મૂકવાની કોઈની છાતી નહોતી તેથી જરાસંધાદિ રાજાઓ પોતાની છાવણી ઉઠાવીને જતા રહ્યા. જરાસંધાદિ રાજાઓને દૂભવવાની ભીષ્મકની ઇચ્છા નહોતી, તેથી તેમણે સ્વયંવર મુલતવી રાખ્યો. મને મળેલા રાજ્યનો હવે કંઈ ઉપયોગ

નહોતો; તેથી મેં તે રાજ્ય ક્રથકૌશિક રાજાને પાછું આપ્યું. વધૂને લીધા વિના ઘેર પાછા ફરવું એ બાબત દેખાવમાં શરમભરેલી હતી. પણ તેનો ઉપાય નહોતો ! તેમ છતાં રુકિમણીને મેળવવા બાબતમાં હું નિરાશ થયો નહોતો.

કેટલાક દિવસ પછી ભીષ્મક રાજાએ પોતાની કન્યા શિશુપાલ રાજાને આપવાનું નક્કી કરી લગ્નમાં હાજર રહેવા રાજાલોકોને આમંત્રણ મોકલ્યાં. મને આમંત્રણ કેવી રીતે આવે ! શું કરવું એ વિચારમાં હું પડી ગયો. રુકમી મારી વિરુદ્ધ હતો; પણ ભીષ્મક રાજા મનમાંથી મારી વિરુદ્ધ નહોતા. રુકિમણીના મનની વાત મને ઘણા દિવસ સુધી જણાઈ નહોતી. તમને ખબર છે કે હું જેવો ઉતાવળિયો છું તેવાં તમારાં આ ભગિની નથી. તેમણે પોતાના એક વિશ્વાસુ સત્પ્રવૃત્ત વૃદ્ધની સાથે મને એક પત્ર મોકલ્યો.

રુકિમણી–પત્ર મેં લખ્યો નહોતો.

કૃષ્ણ–ત્યારે તમને શિશુપાલ વર પસંદ હતો ? ખરું કહો; તમને સત્યભામાના સમ છે !

સત્યભામા–તમારી તકરારમાં મને કેમ ઘસડો છો ?

કૃષ્ણ–તમારો સંબંધ દરેક કાર્ય સાથે છે. તમે સામાન્ય ભામા થોડાં જ કંઈ છો ? તમે સત્યભામા છો. હવે પ્રશ્ન ઉપસ્થિત થયો છે સત્યનિર્ણયનો, તેથી તમારા

સમ ખવડાવ્યા ! તો રુક્મિણી, કહો, તમે મને પત્ર મોકલ્યો હતો કે નહીં ?

રુક્મિણી–એની તપાસ હમણાં શું કામ ? તમે તમારી સીધી કથા જ કહો ને !

કૃષ્ણ–હું સીધી રીતે કથા કહેતો હતો. તમે જ મારા કથનમાં વાંધો ઉઠાવ્યો. તમે જ જો હું જે કહું છું તે સત્ય માનો નહીં તો પછી દુનિયા આ કથા ઉપર કેવી રીતે વિશ્વાસ મૂકશે ?

રુક્મિણી–હવે વાદના મુદ્દા કાઢશો નહીં. ચાલવા દો તમારી કથા !

કૃષ્ણ–મારી યાદદાસ્ત મુજબ આમણે પોતાના વિશ્વાસુ બ્રાહ્મણની સાથે પત્ર કે સંદેશો મોકલ્યો. હું એમાંની બધી હકીકત કહીશ નહીં. તે અમારી–પતિપત્ની–વચ્ચેની અંગત હકીકત છે. સંદેશાનો સાર હતો કે વિવાહ પહેલાં તમે મને ગમે તેમ કરીને લઈ જાઓ ! તાબડતોબ રથ તૈયાર કરીને હું શીઘ્ર ગતિએ ઊપડયો. રુક્મિણી સવારે માતાના દર્શન માટે ગયાં હતાં. દર્શન કરીને એ બહાર આવે છે ત્યાં મારો રથ તૈયાર હતો ! તે કંઈ પણ વિચાર ન કરતાં સીધાં આવ્યાં અને મારા રથમાં બેઠાં. મેં તાબડતોબ રથ જોરથી હાંકયો. પછી તેમના ભાઈ રુકમી અને શિશુપાલે મારી પૂઠ પકડી. પણ મેં તેમને પાછા કાઢયા અને હું અમારી નવી રાજધાનીમાં આવ્યો. ત્યાં અમારો વિધિપૂર્વક વિવાહ થયો.

તે એક વાર જે દ્વારકા આવ્યાં તે પછી પિયેરમાં ગયાં જ નથી ! વિવાહની મને આશા ન હોતી. પણ વિદર્ભરાજ-કન્યાની કૃપાને લીધે હું ચતુર્ભુજ થયો ! રુક્મિણીએ જો પત્ર લખીને મને બોલાવ્યો ન હોત તો બીજાના લગ્નમાં વિઘ્ન નાખીને હું તેમને ઉપાડી થોડો જ લાવ્યો હોત ? રુક્મિણી, આટલું તો કબૂલ કરશો ને ?

કુબ્જા—મહાદેવી, કરો ને કબૂલ : હું કબૂલ કરું છું કે દેવને જોતાંની સાથે મેં નક્કી કર્યું કે પરણીશ તો આમને જ પરણીશ !

કૃષ્ણ—આવી રીતે વિઘ્ન દૂર થયું અને મારું લગ્ન થયું. મારા દરેક લગ્નમાં કંઈ ને કંઈ ભાંજગડ ઊભી થતી જ. આ સત્યભામા મને મળ્યાં તે પણ સહેલાઈથી નહીં. મારા ઉપર સ્યમંતક મણિ ચોરી લીધાનો આરોપ તેમના પિતાએ એક વાર બેધડક મૂકયો ! પછી એ આરોપ ખોટો છે એવું મેં સાબિત કરી આપ્યું ત્યારે તે ખુશ થયા અને પછી તેમણે પોતાની આ લાડકી કન્યા મને અર્પણ કરી ! આ જાંબુવતીના વિવાહની કથા પણ એવી જ છે. આમના પિતા સાથે સ્યમંતક મણિ માટે એકવીસ દિવસ સુધી મારે યુદ્ધ કરવું પડ્યું ત્યારે મને તે મણિ અને તેમની સુકન્યા પ્રાપ્ત થઈ. અસ્તુ. આજે આટલું બસ.

ઘેર આવતાં રથમાં રુક્મિણીએ કહ્યું, “ દેવ, આ શું ?

મારા પત્રની વાત ભરબજારમાં કહેવાય ? આપની એ ભૂલ જ થઈ. ”

કૃષ્ણ–ઉમરને કારણે હમણાં હમણાં મારું ધ્યાન રહેતું નથી. ખરે જ ભૂલ થઈ!

રુક્મિણી–શું ધ્યાન નથી રહેતું !

આવી વાતચીત ચાલતી હતી ત્યાં તો રથ મંદિરે આવી પહોંચ્યો.

૧૧

નવી પેઢીના ખ્યાલો

આજે બપોરે જાંબુવતીનો પુત્ર સાંબ તેના મહેલમાં કંઈ કામ માટે આવ્યો હતો, ત્યારે જાંબુવતીએ તેને કહ્યું, " સાંબ, તારા તાત હમણાં આત્મકથા કહે છે. તે સાંભળતાં રોમાંચનો અનુભવ થાય છે. તો ખરું પૂછે તો તારા જેવા છોકરાઓએ એ કથા સાંભળવા આવવું જોઈએ, ખરું ને ? "

સાંબ થોડું હસ્યો અને બોલ્યો, " મારે તે કથા સાંભળવા આવવું એમ જો તમે કહેતાં હો તો આવીશ; પણ અમને યુવાનોને પિતાજીના વિચાર અને ખ્યાલ પસંદ નથી. વડીલોનું માન રાખવું જોઈએ તેથી અમે ભાઈઓ કંઈ બોલતા નથી; પણ અમને તેમના ચરિત્રમાં આકર્ષક કંઈ દેખાતું નથી. "

જાંબુવતી–એટલે ? આ તું કહે છે શું, સાંબ ?

સાંબ–મા, જે ખરું છે તે જ કહું છું. દરેક વખતે તેમણે પીછેહઠ કરી છે. કંસના વધ પછી રાજ્ય એની મેળે હાથમાં આવ્યું હતું તે તેમણે ગુમાવ્યું; અને પછી તે પોતે

રાજા ન હોવાથી સ્વયંવર-મંડપમાં તેમને કોઈ જવા દેતું નહોતું. તેમણે જો રાજ્ય સ્વીકાર્યું હોત તો અભિમન્યુની જેમ અમે પણ રાજપુત્ર તરીકે ગણાયા હોત, ખરું ને? તમને લાગે છે કે તાતના કરતાં વધારે પરાક્રમી કોઈ નથી.

જાંબુવતી–તેમાં કોઈ શક છે!

સાંબ–તમે રહ્યાં પતિવ્રતા; મહેલની બહાર કદી ગયાં નથી. તેથી દુનિયામાં તાતના કરતાં વધારે પરાક્રમી લોકો કેટલા છે તેની તમને કેવી રીતે ખબર પડે? તાત જો અજય હોત તો તેઓ મથુરાથી નાસીને અહીં શું કરવા આવ્યા હોત? તેમની ગમ ખાવાની નીતિને લીધે અમારે કેવા ગૂંગળાવું પડે છે તેનો ખ્યાલ તમને કેવી રીતે આવે?

જાંબુવતી–સાંબ, તારી જીભને હાડકું છે કે નહીં? કહે છે કે અમને ગૂંગળામણ થાય છે! ખબર છે તારું પરાક્રમ! ગયો હતો વત્સલાનું હરણ કરવા, અને થયો દુર્યોધનનો કેદી! છેવટે એમને જાતે આવીને તારો છુટકારો કરાવવો પડ્યો ને? એટલામાં એ બિના ભૂલી ગયો લાગે છે!

સાંબ–એમાં મારી થોડી ભૂલ થઈ ખરી; તેથી તાતની નીતિ અમને પસંદ પડે એવું સાબિત થતું નથી. હમણાં આપણે ત્યાં વ્યાસ-શિષ્યોનું તેમ જ નારદ વગેરે ઋષિઓનું જે મહત્ત્વ વધી ગયું છે તે અમને પસંદ નથી. આ

વેદાન્ત-ચર્ચાને કારણે અમારા વૈભવમાં જરા જેટલો વધારો થોડો જ કંઈ થાય છે ? પણ અમે નક્કી કર્યું છે કે વૃદ્ધોનો વિરોધ કરવો નહીં !

જાંબુવતી – દુર્ભાગ્ય અમારું, બીજું શું ?—કે આવા પિતૃ-દ્રોહી પુત્રોને અમે જન્મ આપ્યો !

જાંબુવતીના આ બોલ સાંભળીને સાંબને ગુસ્સો ચડ્યો, અને તે દાંતહોઠ કરડતો ત્યાંથી નીકળી જઈ પોતાના મહેલમાં ગયો.

જાંબુવતીને સાંબના વિચારોથી જે દુઃખ થતું હતું તે કોઈની આગળ પણ કહ્યા વિના તેમનાથી રહેવાતું નહોતું; તેથી તે રુક્મિણીને મહેલે ગયાં. ત્યાં શ્રીકૃષ્ણ બેઠા હતા.

જાંબુવતીની આંખોમાં પાણી ઉભરાયેલું જોઈને અને નાકકાન લાલ થયેલાં જોઈને કૃષ્ણે કહ્યું, “ શી ભાંજગડ લઈને આવ્યાં છો ? ”

જાંબુવતી રુક્મિણીની પાસેના આસન પાસે ગયાં, અને તેમના ખોળામાં પોતાનું મોં છુપાવીને ખુલ્લે મોંએ ડૂસકાં ભરવા લાગ્યાં. રુક્મિણીએ તેમના મસ્તક ઉપર હાથ ફેરવ્યો, તેમની આંખો લૂછી, અને દુઃખી થવાનું કારણ મમતાથી પૂછ્યું. જાંબુવતીએ ધીરે ધીરે હમણાં જ બનેલી બિના કહી સંભળાવી. ત્યારે રુક્મિણીએ કહ્યું, “ આ બધી ભૂલ દેવની છે. એમણે પહેલેથી છોકરાઓને ધાકમાં રાખ્યા નહીં ! ”

કૃષ્ણ – મહાદેવી, છોકરાઓની કેળવણીની જેટલી ચિંતા મારે કરવી જોઈએ તેટલી મેં કરી છે. જેવું શિક્ષણ મેં સાંબને આપ્યું તેવું જ અભિમન્યુને આપ્યું; તો પછી બંનેના ઘડતરમાં આટલો ફરક કેમ પડ્યો ? શિક્ષણ, સત્સંગતિ એનું ફળ મોટું છે એ ખરું; પણ પૂર્વજન્મના સંસ્કારોના બળને નકારવાથી ચાલતું નથી. આપણને વીર્યવાન પુત્ર મળ્યા એ ખરું; પણ તેમને મારી વિચારસરણી માન્ય નથી. તેઓ મારી પાસેથી દૂર દૂર રહે છે. આથી પરાક્રમ સિવાયની બીજી જે બાબતો જીવનને સફળ કરવા માટે જોઈતી હોય છે, તેમનો લાભ તેમને મળતો નથી. તે બાબતમાં શોક કરવો નિરર્થક છે. આપણે એવો વિચાર કરવો કે આપણે નિ:સંતાનના કરતાં તો ભાગ્યશાળી છીએ ને ? તમને બંનેને કોઈ ભીરુ-પ્રસવા કહી શકે એમ છે ? પરમ દહાડે હું અહીં નહોતો ત્યારે મારા આ વીર્યવાન પુત્રોએ શત્રુઓથી દ્વારકાનું રક્ષણ નહોતું કર્યું ? પાછલી પેઢીની વિચાર-સરણી નવી પેઢી જો આંખો મીંચીને ગ્રહણ કરે તો સંસારની પ્રગતિ કેવી રીતે થશે ?

જાંબુવતી – પણ વડીલો વિશેની અનાદરની ભાવના તેઓ સેવે એ યોગ્ય છે કે ? નારદાદિ મહાન ઋષિઓ વિશે તેમને તિરસ્કાર થાય છે, એ જોઈને મને આ છોકરાઓ માટે સારી આશા બંધાતી નથી, ઊલટું દુઃખ થાય છે.

આટલી વાત ચાલી ત્યાં તો “ બહાર રથ આવીને ઊભો છે ” એવું દાસી આવીને કહી ગઈ.

રુક્મિણી–જાંબુવતી, દેવની પાસેથી હું એક પાઠ શીખી છું, તેથી મને બહુ દુઃખ થતું નથી.

જાંબુવતી–તે શો, મહાદેવી ?

રુક્મિણી–આપણી પાસે શું નથી એના કરતાં શું છે તેનો વિચાર માણસે કરવો; આથી તેને સંતોષનું સુખ મળે છે !

આ પછી બધાં રથમાં બેસીને ગોવાળવાડામાં ગયાં.

ગોવાળવાડે આવ્યા પછી તરત જ કૃષ્ણે કહ્યું :

" હું મથુરાનું રાજ્ય છોડીને અહીં દ્વારકામાં આવીને રહ્યો તો પણ મારા વિરોધીઓએ મારો પીછો છોડ્યો નહીં. સમ્રાટ જરાસંધની સેનાને હું દાદ દેતો નથી એ જોઈને એ મહાદ્વેષી રાજાએ કાલયવનની મદદથી મારો કાંટો કાઢવાનું નક્કી કર્યું. કાલયવને અને શાલ્વે પશ્ચિમ તરફથી અને જરાસંધે પૂર્વ તરફથી મથુરા ઉપર હુમલો કરવાનું નક્કી કર્યું. માણસ ગમે તેટલો શૂરો હોય તો પણ પોતાના કરતાં સંખ્યામાં અનેક ગણા સૈન્ય સાથે તે સફળતાથી યુદ્ધ કેવી રીતે કરી શકે ? આવે વખતે લડત ટાળવી એ સાચી યુદ્ધનીતિ છે. તેથી મેં મથુરાનગરી છોડી, અને દક્ષિણ દિશા તરફ ચાલ્યો. ત્યાં હું એક પર્વતમાળામાં પેઠો. કાલયવન લશ્કરને મૂકીને એકલો જ મારી પાછળ દોડી આવ્યો.

જ્યારે સૈન્યબળથી યુદ્ધ જીતવું અશક્ય થાય છે ત્યારે બુદ્ધિબળનો આશરો લઈ જય મેળવવો પડે છે. હું આગળ દોડતો હતો. હું હિંમત હારીને નાસતો હતો એવી ભળતી જ ગેરસમજ કાલયવને કરી. મારી હિંમત અકબંધ હતી. મારી બુદ્ધિ બચાવનો માર્ગ શોધતી હતી. એવામાં મારા ધ્યાનમાં આવ્યું કે મુચકુંદ રાજાની ગુફા નજીકમાં જ છે. હું સીધો એ ગુફામાં પેઠો, અને જ્યાં તે રાજા નિદ્રાધીન થયો હતો ત્યાંથી જરા દૂરના ખૂણામાં જઈને ઊભો રહ્યો. મારા અનુમાન મુજબ કાલયવન એ ગુફામાં પેઠો, અને મુચકુંદ રાજાને ચાદર ઓઢીને પોઢેલો જોઈને તેને થયું કે હું જ ઊંઘનો ઢોંગ કરીને સૂઈ ગયો છું. કાલયવન શૂરો હતો, બળવાન હતો. પણ તેને પોતાના બળનું અભિમાન થયું હતું. વળી તેનામાં નાગરિકતાના શિષ્ટાચારના સંસ્કાર પણ નહોતા. તેથી તેણે ગાળ ભાંડી મુચકુંદને લાત મારી. તે સાથે જ તે જાગી ગયો અને તેણે ક્રોધથી કાલયવન તરફ જોયું. તે વખતે તેનાં નેત્રોમાંથી નીકળેલી જ્વાળાઓને લીધે કાલયવન ત્યાં ને ત્યાં ભસ્મ થઈ ગયો ! આવી રીતે મારા એક મહાબળવાન શત્રુનો અંત આવ્યો ! ”

સન્તુ—કૃષ્ણ, કેવળ જોવાથી મુચકુંદ રાજાએ કાલયવનને ભસ્મ કેવી રીતે કર્યો તે ન સમજાયું, ભાઈ !

કૃષ્ણ—મુચકુંદ રાજાએ દૈત્યોને વશ કરવામાં દેવોને સારી પેઠે મદદ કરી હતી; તેથી દેવોએ તે રાજાને કહ્યું હતું કે “ જોઈએ તે વર માગ.” આ સાંભળીને મુચકુંદે કહ્યું,

"મને અખંડ નિદ્રા પ્રાપ્ત થાઓ ! અને જે મારી નિદ્રાનો ભંગ કરશે તે મારા દૃષ્ટિપાતથી જ ભસ્મ થઈ જશે !" કાલયવને મુચકુંદને જગાડયો, તેથી તે ભસ્મ થઈ પડયો.

સત્યભામા–મુચકુંદની ગુફાની અને તેને મળેલા વરદાનની માહિતી તમને કોણે કહી હતી ?

કૃષ્ણ–કાલયવને મારી જે પૂઠ પકડી હતી તે કેટલાયે મહિના સુધી ચાલુ હતી. એક દિવસ હું થાકીને વડના ઝાડની નીચે આરામ લેતો પડયો હતો તેવામાં એક કિરાત ફરતો ફરતો ત્યાં આવી ચડયો અને મારી સાથે ગપ્પાં મારવા બેઠો. મેં વાતવાતમાં તેને પૂછયું, "અહીં કયાંક મોટી ગુફા છે ?" તેણે જવાબ આપ્યો, "એક છે; પણ તમે ત્યાં ભૂલેચૂકે પણ જશો નહીં. ત્યાં એક રાજા પોઢેલો છે. કહે છે કે તે સદાએ નિદ્રાધીન જ હોય છે. લોકો કહે છે, તેને જો કોઈ જગાડે તો તે રાજા જગાડનારને બાળી નાખે છે !" આ માહિતી મને તે કિરાત પાસેથી મળી. તેનો લાભ મેં ઉપર પ્રમાણે લીધો. સંકટમાંથી છૂટવા માટે માણસે સદાય જાગ્રત રહેવું જોઈએ. હું ગોવાળ, કિરાત વગેરે લોકો સાથે ભળતો તેથી મને જંગલમાંની અનેક બાબતોની માહિતી મળી. અસ્તુ.

જે સમ્રાટ જરાસંધે કાલયવનને બોલાવીને મને ઠાર મારવાની યોજના ઘડી હતી તેણે અનેક રાજાઓને કેદમાં નાખીને સો પુરુષોનો નરમેધ કરવાનું વિચાર્યું હતું. આ ઘોર

હત્યા કેવી રીતે અટકાવવી એ વિચારમાં હું હતો ત્યારે મારા મિત્ર ધર્મરાજાનું ઇન્દ્રપ્રસ્થથી મને નિમંત્રણ મળ્યું. હું ત્યાં જઈ પહોંચ્યો ત્યારે ધર્મરાજાએ કહ્યું, “ મારે રાજસૂયયજ્ઞ કરવો છે, તો તમારી શી સલાહ છે ? ”

મેં કહ્યું, “ રાજસૂયયજ્ઞ કરવાનો ખ્યાલ બરાબર છે; પણ જ્યાં સુધી જરાસંધ રાજા સમ્રાટ તરીકે પોતાને ગણાવે છે ત્યાં સુધી તમે આ યજ્ઞ કેવી રીતે કરી શકશો ? તેથી પ્રથમ તેના વધની યોજના કરવી જોઈએ. ”

આ પછી હું, અર્જુન અને ભીમ બ્રાહ્મણવેશે જરાસંધની રાજધાનીમાં ગયા. રાજાએ અમારો સત્કાર કર્યો, પણ અમે તેનો સ્વીકાર ન કરતાં તેને યુદ્ધનું આહ્વાન આપ્યું. તેણે ભીમની સાથે મલ્લયુદ્ધ કરવાનું નક્કી કર્યું.

સન્તુ—કૃષ્ણ, તે તમારી સાથે કેમ લડ્યા નહીં ? તમને તો તે પોતાનો દુશ્મન માનતો હતો !

કૃષ્ણ—બરાબર છે. ખરું પૂછો તો તેણે મારી સાથે યુદ્ધ ખેલવું જોઈતું હતું; પણ તે અભિમાની રાજાએ મને કહ્યું, “ તું મારી સામે યુદ્ધ માટે ઊભો ન રહેતાં ભાગી ગયો હતો; તેથી યુદ્ધ માટે તું મારો બરોબરિયો નથી. ” આ પછી ભીમ અને જરાસંધ વચ્ચે અનેક દિવસ સુધી ઘોર યુદ્ધ ચાલ્યું. આખરે જરાસંધ થાકીને નાસી જવા લાગ્યો; ત્યારે મેં ભીમને કહ્યું, “ તું એને આ વખતે છોડતો નહીં. તે શક્તિવર્ધક પેયોનું પાન કરીને તાજોમાજો

થશે; પછી તે તને ગાંઠશે નહીં.” મારી સલાહ મુજબ ભીમે તેને પકડીને નીચે પાડચો, અને તેને ઊભો ચીરી નાખ્યો !

આ પછી ધર્મરાજાનો રાજસૂયયજ્ઞ ભારે ઠાઠમાઠથી થયો. યજ્ઞના આરંભમાં વડીલો-મુરબ્બીઓનું પૂજન કરવાનો રિવાજ છે, તે પ્રમાણે ધર્મરાજાએ ભીષ્મપિતામહને પૂછ્યું કે “પ્રથમ પૂજા કોની કરું?” ત્યારે ભીષ્મે મારું નામ કહ્યું. તે સાથે જ સહદેવે આગળ આવીને મારા પગ પખાળ્યા. તે જોઈને શિશુપાલ ખડો થઈ ગયો; અને તેણે પૂજા કરનારા પાંડવોની અને તેમને સલાહ આપનાર ભીષ્મની તેમ જ પૂજાનો સ્વીકાર કરનાર મારી પેટ ભરીને નિંદા કરી. શિશુપાલના મનમાં રુક્મિણીની સાથે લગ્ન કરવાનું હતું એની તો તમને ખબર જ છે; પણ આ મને પરણ્યાં તેથી તે મારો જનમનો વેરી બન્યો હતો. વળી તે જરાસંધ અને કંસના પક્ષનો હતો. આથી તે મારો દ્વેષ કરતો. મારી અગ્રપૂજા એટલે બીજા રાજાઓનું અપમાન, એમ કહીને તે ન બોલવાનું બોલ્યો. મેં તે બધું શાંતિથી સાંભળી લીધું; પણ તે આટલું બોલીને અટકી જવાને બદલે મને મારવા તૈયાર થયો. તેથી પછી મેં તેની દયા ખાધી નહીં. તરત જ મેં સુદર્શનચક્ર છોડ્યું અને તેનું માથું ત્યાં ને ત્યાં ધડથી છૂટું પડ્યું! આવી રીતે મારા બે બળવાન શત્રુઓ સાફ થયા. પણ આટલાથી મારી સંકટપરંપરા પૂરી થઈ નહીં.

સન્તુ – કૃષ્ણ, એકંદર તમે સંકટલેચ્યા જ દેખાઓ છો!

કૃષ્ણ—તદ્દન સાચું છે. આજે હવે એક વિદૂષક-શત્રુની કથા કહીને આપણે ઊઠીશું.

કંસ, જરાસંધ, રુકમી, શિશુપાલ જેવા બળવાન રાજાઓ સાથે મારે સંગ્રામ કરવો પડયો તેથી મારું નામ રાજમંડળમાં પ્રસિદ્ધ થયું. આ મંડળમાં એક વિદૂષક રાજા હતો. તે કહેતો, "કૃષ્ણ કોણ મોટો થઈ ગયો? હું જ મોટો. કૃષ્ણ વિષ્ણુનો અવતાર નથી પણ હું જ ખરો અવતાર છું." તે પોતાને વાસુદેવ કહેવડાવતો. તે મારાં જ આયુધો વાપરતો. દરેક બાબતમાં તે મારી નકલ કરતો. મને ગંમત પડતી. મારા મિત્રો તેને નકલખોર કહીને ચીડવતા. એક દિવસ આ વિદૂષકે મારા ઉપર અમસ્તો જ હુમલો કર્યો. હું નિરુપાય થયો; અને આખરે તેનો પરાજય કરી મારે તેને ઠાર મારવો પડયો.

હું રાજસૂયયજ્ઞને અર્થે ઇન્દ્રપ્રસ્થ ગયો હતો ત્યારે જરાસંધના પક્ષપાતી રાજા શાલ્વે મારી દ્વારકા ઉપર અકારણ હુમલો કર્યો; અને આ સુંદર પુરીનો કેવો નાશ કર્યો એ તો તમે જાણો જ છો. અસ્તુ. આજે આટલું બસ.

આટલું કહીને કૃષ્ણ, રુકિમણી, સત્યભામા ઘર આવવા નીકળ્યાં. માર્ગમાં સત્યભામાએ કહ્યું, "દેવ, આજે દિયેરજીએ તમને એક યથાર્થ નામ આપ્યું. 'સંકટભૈય્યા' એ નામ સાંભળી મને મોજ પડી."

કૃષ્ણ—અમારો સન્તુ કદીક કદીક યથાર્થ પણ ગંમત-ભર્યું બોલે છે. તેથી તે મને હમેશાં ગમે છે.

આવી વાતો ચાલતી હતી તેવામાં આખું મંડળ ઘેર આવી પહોંચ્યું.

☆

૧૨

સુભદ્રાહરણ

આજે બપોરે કૃષ્ણ-સ્ત્રીઓએ સુભદ્રાને પકડ્યાં અને તેમને કહ્યું, "બહેનબા, તમારા લગ્નની હકીકત અમારે પૂરેપૂરી સાંભળવી છે; તો એક વાર કહો જોઈએ."

સુભદ્રાએ જવાબ આપ્યો, "આમ જુઓ, મારા લગ્નની પૂરેપૂરી હકીકત રુક્મિણીભાભીને માલૂમ છે; તેથી તેમને જ પૂછો; નહીં તો તમારા હકના મારા મોટાભાઈ છે ને, તેમને જ આગ્રહ કરો. તે બધી હકીકત મારે જ મુખે સાંભળવાનો આગ્રહ શા માટે?"

સત્યભામા–પણ બહેન, તમારે આજે 'આત્મકથા' સાંભળવા આવવું પડશે!

સુભદ્રા–આત્મકથા કૃષ્ણની કે મારી? તેમણે તે શરૂ કરી તેની તમે મને ખબર પણ પડવા દીધી નહીં!

સત્યભામા–બહેન, આ સામી મેખ ખરી મારી! બહેનબા, તમે જ્યારે જુઓ ત્યારે અભિમન્યુને ઉછેરવામાં પડયાં હો છો. અરે, અમારે પણ પુત્રો છે, અમને તેમના ઉપર પ્રીતિ છે; પણ અમે આટલી બધી પુત્રઘેલી નથી!

સુભદ્રા – ભાભી, બધી પરિસ્થિતિ તમે જાણો છો ને ? અમે હમણાં વનવાસી છીએ. વનવાસ પૂરો થયા પછી—

રુક્મિણી – પાંડવોને કૌરવો પાસેથી રાજ્ય ઝૂંટવી લેવું છે, તેથી અર્જુનદેવને સહાય કરનારો મહારથી તૈયાર કરવામાં તે ગૂંથાયાં છે. તેમને હજી ખબર નથી કે દેવને અભિમન્યુની ચિંતા કેટલી છે !

સુભદ્રા – મોટાભાઈ કૃષ્ણની ચિંતાનો દુનિયામાં જોટો નથી. ભવિષ્યમાં લોકો ખરી ચિંતાને – ખરી લાગણીને 'કૃષ્ણ-ચિંતા' કહેવા માંડશે, એ મને સમજાય છે; પણ માતાનું મન ઘેલું હોય છે ને ? તેમાં વળી સંકટગ્રસ્ત માતાનું મન વધારે ઘેલું બને છે, ખરું ને ?

આટલું કહેતાંમાં સુભદ્રાએ પોતાની આંખો પાલવથી લૂછી.

રુક્મિણી – બહેન, આંખોમાં પાણી ન લાવશો. બધાં સારાં વાનાં થશે. હમણાં દેવનું બધું ધ્યાન પાંડવોની રાજ્યસાધનામાં ચોંટેલું છે. વારુ, આજે અમારી સાથે તમે ગોવાળવાડામાં આવજો. ત્યાં તમને ભારે મજા પડશે !

આજે કૃષ્ણ સુભદ્રાને પોતાના રથમાં બેસાડીને ગોવાળવાડે લઈ ગયા. રસ્તામાં સત્યભામાએ કૃષ્ણને કહ્યું, "આમ જુઓ ! બહેનબાના લગ્નની પૂરેપૂરી કથા સાંભળવાની અમારી ઇચ્છા છે."

કૃષ્ણ—તમે આટલા બધા પ્રસંગો સાંભળ્યા; પણ તેમાં તમે જેટલાં તલ્લીન થયાં નહીં, તેટલાં લગ્ન-કથા સાંભળવામાં થાઓ છો. વારુ ત્યારે; અમારે શું? શ્રોતાઓની ઇચ્છાને વક્તાએ માન આપવું જોઈએ. પણ અમે બકવા કરીએ અને તમે આપસઆપસમાં વાતો કરો એવું તો ન બનવું જોઈએ.

વાતવાતમાં રથ ગોવાળવાડે આવ્યો. રથમાંથી ઊતરતાંની સાથે કૃષ્ણે સુભદ્રાને કહ્યું, “સુભદ્રા, આ જો અમારું અહીંનું ગોકુળ. પેલી ગાયો જોઈ? કેવી ઝૂલતી ઝૂલતી આવે છે! મારું ખરું ધન આ જ! અહીં આવીએ એટલે—”

રુક્મિણી—બહેનબા, એક વાર જો એમનું ચિત્ત ગાયગોવાળોમાં જશે તો પછી કથા કહેવાનું તો તે સાવ ભૂલી જશે, અને પછી સત્યભામાદેવી રિસાશે!

કૃષ્ણ—સાવ સાચું, ચાલો આપણે આપણી કથા ચાલુ કરીએ. શું, આજે સુભદ્રાના લગ્નની હકીકત તમારે સાંભળવી છે ને?

સત્યભામા—હાસ્તો!

કૃષ્ણ—એવું બન્યું કે મારો મિત્ર અર્જુન એક વાર ફરતો ફરતો દ્વારકા આવ્યો. તે અમારે ઘેર રહ્યો. તે સમયે અમારી આ સુભદ્રા પરણાવવાલાયક થઈ હતી. તેથી મેં મોટાભાઈને કહ્યું, સુભદ્રાને અર્જુન સાથે પરણાવીએ.

મોટાભાઈએ કહ્યું, દુર્યોધન શું ખોટો ? પણ મારો પક્ષપાત અર્જુન તરફ જોઈને તેમણે સંમતિ આપી; અને પછી કેવા ઠાઠમાઠથી લગ્ન થયું ! ઘોડા ઉપર બેસીને અર્જુન જ્યારે વધૂને ઘેર આણ્યો —

સત્યભામા—અમારે પહેલેથી બધું સાંભળવું છે.

કૃષ્ણ—શું રુક્મિણી, મેં આ હકીકત પહેલેથી નથી કહી ? પહેલેથી એટલે સુભદ્રાના બાળપણથી કે અર્જુનના જન્મકાળથી ? વારુ, જવા દો. તમારે સુભદ્રાના વિવાહની કથા જોઈએ છે કે સુભદ્રાહરણની જોઈએ છે ?

સત્યભામા—હવે બરાબર બોલ્યા ! દરેક વખતે અમને શબ્દે શબ્દે પકડો છો !

કૃષ્ણ—તમને હમેશાં હરણની વાતો જોઈએ છે. પણ આ 'હરણ' સહેલાં નથી હોતાં! જીવ સટોસટનાં હોય છે! યુદ્ધની કથાની માફક આ વધૂહરણની કથા સાંભળવામાં રમ્ય હોય છે. અસ્તુ. થોડા વખત ઉપર કહ્યું તે મુજબ અર્જુન કોઈ પ્રાયશ્ચિત્ત કરવા માટે યતિને વેશે પ્રભાસતીર્થમાં આવ્યો. મોટાભાઈએ તેને ઓળખ્યો નહીં. તેમને થયું કે તે કોઈ મોટો મહાન યોગી હોવો જોઈએ ! તેથી તેમણે તેને ઘેર આણ્યો અને તેનું પૂજન કર્યું. તે સમયે અમારી આ સુભદ્રા અત્યારના જેવી સ્થૂલ નહોતી. તે પાતળી હતી અને તેની આંખો હરણના જેવી મોટી અને ચંચળ

હતી. તેના હોઠ પરવાળા જેવા અને દાંત તો બરાબર દાડમની કળીઓ જ જોઈ લો! તેનો કેશભાર પણ વિપુલ હતો. અર્જુનનું મન સ્વાભાવિક રીતે જ હરણ થયું; અને સુભદ્રા પણ ચોરનજરે અર્જુનને નિહાળી લેતી. ખરું ને સુભદ્રા? નહીં તો કહીશ કે કૃષ્ણ મીઠુંમરચું ભભરાવીને કહે છે!

સત્યભામા – કેમ બહેનબા! વાત સાચી ને? ભાઈના બોલ મીઠા મધ જેવા લાગે છે ને?

સુભદ્રા – કૃષ્ણ, તમને કોણ પહોંચી શકે?

કૃષ્ણ – વારુ. હું કથા લંબાવતો નથી. અર્જુનને સુભદ્રા અને સુભદ્રાને અર્જુન પસંદ પડયાં છે એ જોઈને મેં અર્જુનને કહ્યું, “અર્જુન, મોટાભાઈના મનમાં સુભદ્રા દુર્યોધનને આપવાની છે. તું માગણી કરીશ તો પણ તને મળવાની નથી. લાગ જોઈને તારે તેને હરણ કરીને જ ઉપાડી જવી પડશે.” મેં આ સલાહ આપી ખરી, પણ અર્જુન જો સુભદ્રાનું હરણ કરે તો મોટાભાઈની સાથે વાત હતી. આથી શું કરવું એ ચિંતામાં હું હતો. આગળ જતાં લાગ જોઈને અર્જુને સુભદ્રાને રથમાં નાખીને પલાયન કર્યું! કોઈ યતિ સુભદ્રાને ઉઠાવી ગયો તેથી યાદવો ગુસ્સે થયા. મોટાભાઈને આ ખબર મળતાં જ તે હાથમાં સાંબેલું લઈને આવ્યા અને મને કહેવા લાગ્યા, “કૃષ્ણ, આમ સ્વસ્થ શું બેસી રહ્યો છે? ઊઠ.” હું મોં નીચું ઘાલીને બેસી રહ્યો. મોટાભાઈએ કારણ પૂછયું, ત્યારે મેં કહ્યું, “તે યતિ બીજો

કોઇ નથી પણ આપણો અર્જુન જ છે." તે સાંભળીને મોટાભાઈએ કહ્યું, "મારા મનમાં સુભદ્રા દુર્યોધનને આપવી હતી." મેં કહ્યું, "અર્જુન શૌર્યમાં, રૂપમાં અને ગુણોમાં દુર્યોધનના કરતાં શ્રેષ્ઠ છે." આ સાંભળીને મોટાભાઈ ચૂપ રહ્યા. તેમને મારા પર અપાર પ્રીતિ હતી! બેકાબૂ બનેલા ક્રોધને તેમણે કાબૂમાં લીધો. અર્જુનને તેમણે સન્માનપૂર્વક તેડાવ્યો, અને સુભદ્રા-અર્જુનનો વિવાહ ખૂબ ધામધૂમથી ઊજવ્યો.

અમારું કુટુંબ બળવાન થવાનું કારણ અમો ભાઈઓ વચ્ચેની એકતા છે! જરા નમતું આપીએ એટલે પ્રેમ વધે છે, અને અમારી ઇચ્છા મુજબ થાય છે. અસ્તુ. હવે એક પ્રસંગ કહીને આજે હું કથા પૂરી કરું છું.

મેં રુકિમણીનું હરણ કર્યું, અર્જુને સુભદ્રાનું હરણ કર્યું એ સાંભળીને અમારા સાંબને થયું કે પોતે જો કોઈ સ્ત્રીનું હરણ નહીં કરે તો કુળધર્મનો લોપ થશે! પણ તેણે એવો વિચાર ન કર્યો કે હું રુકિમણીની સંમતિથી તેને લઈ આવ્યો હતો. વળી પ્રસંગ ઉપસ્થિત થયો જ હોત તો રુકમી-શિશુપાલને હું પહોંચી વળીશ એની મને ખાતરી હતી. અર્જુને તો બધું મારી સલાહ મુજબ જ કર્યું હતું. તેથી આ 'હરણ' હજમ થયાં! સાંબે વિચાર કર્યા વિના દુર્યોધનની કન્યાને ભગાડી લાવવાનો પ્રયત્ન કર્યો. તે કન્યાને સાંબ ઉપર પ્રીતિ પણ નહોતી. આથી સાંબ ફસાયો,

કૌરવોએ તેને કેદ કર્યો; અને પછી અમારે જઈ ને તેને છોડાવી લાવવો પડ્યો. આગળ જતાં મોટાભાઈ એ પોતાના પરાક્રમથી દુર્યોધનને પોતાની કન્યા સાંબ સાથે પરણાવવાની ફરજ પાડી. અસ્તુ.

અત્યાર સુધી મેં મારા જીવનના પ્રસંગો જેમ જેમ યાદ આવ્યા તેમ તેમ કહ્યા. મારે જલદી પાંડવો પાસે જવાનું છે. પાંડવો વનવાસમાંથી છતા થયા છે. તેમણે મને બોલાવ્યો છે. હું જલદી ત્યાં જઈ આવું છું. તમને સૌને એક આનંદની ખબર આપવાની છે. તે એ કે અમારાં સુભદ્રાબહેનને હવે જલદી વહુ મળવાની છે.

રુક્મિણી – ખરું કે બહેનબા? અમને કંઈ ભાળ લાગવા દીધી નહીં! ભોળા મનનાં કહેવાઓ છો પણ અંદરથી એટલાં જ પાકાં છો!

સુભદ્રા – રુક્મિણીભાભી, મને આમાંનું કંઈ માલૂમ નથી. દિયેરજીએ તેડાવ્યા છે એટલું કૃષ્ણે મને સવારે કહ્યું. તમને કૃષ્ણના સ્વભાવની ખબર છે ને? પોતાનો જ રૂપિયો ખોટો છે અને મારી સાથે ઝઘડો કાં કરો છો?

કૃષ્ણ – આમ જુઓ, હું જ બધું હવે કહું છું. સવારે જો આ વિવાહ વિશે એકને વાત કરી હોત તો બીજાંઓએ મને પૂછી પૂછીને હેરાન કર્યો હોત; તેથી બધાંને એક-સાથે જ કહેવાનું મેં નક્કી કર્યું છે.

સત્યભામા—નક્કી કર્યું છે ખરું, પણ હજીયે ક્યાં બધું કહો છો ? છોકરી કોની, કેટલી ઉમરની, લગ્ન ક્યાં થવાનું છે, એ વિશે એક હરફ ઉચ્ચારે તો સમ છે! કહે છે કે અમે હેરાન કર્યા હોત !

કૃષ્ણ—હવે બસ કરો; આનંદની ખબર આનંદથી સાંભળવી જોઈએ. હવે સાંભળો. તમને કદાચ ખબર નહીં હોય કે પાંડવો વનવાસ પૂરો કર્યા પછી વિરાટ રાજાને ત્યાં વેશ બદલીને ગુપ્ત રીતે રહ્યા હતા. સુભદ્રા, તારા અર્જુને નટ-વેશ ધારણ કરીને વિરાટ રાજાનાં બાળકોને ગાયન-નૃત્ય ઇત્યાદિ કળાઓ શીખવી. તેના શિષ્યમંડળમાં વિરાટની કન્યા ઉત્તરા હતી. કૌરવોએ એક વાર વિરાટ-નગરી ઉપર ચડાઈ કરી. ત્યારે અર્જુને પોતાનો વેષ ઉતારી નાખી ગાંડીવ ધનુષ્ય ધારણ કરીને તેમને નસાડી મૂકચા. પાંડવોને ઓળખી કાઢયા પછી વિરાટે તેમનો સત્કાર કર્યો અને તે પોતાની કન્યા ઉત્તરા અર્જુનને આપવા લાગ્યો. સુભદ્રા, ગભરાતી નહીં હં! પણ અર્જુને કહ્યું, "હું ઉત્તરાને શિષ્યા માનતો આવ્યો છું, તેથી હું તેની સાથે લગ્ન કરી શકતો નથી." પણ વિરાટ રાજા માનતો નહોતો. આખરે અર્જુને કહ્યું, "વારુ ત્યારે, હું તેનો પુત્રવધૂ તરીકે સ્વીકાર કરીશ." વિરાટે અર્જુનનું કહેવું માન્ય રાખ્યું. આવી રીતે આપણા અભિમન્યુનો વિવાહ નક્કી થયો છે; અને તે માટે હું સુભદ્રાને લઈને જલદી

ઊપડવાનો છુ. પાછો આવીને હું ત્યાંની બધી હકીકત તમને કહીશ.

રુક્મિણી–એટલે અમને લગ્નપ્રસંગે સાથે લઈ જવાનો કાર્યક્રમ દેખાતો નથી?

કૃષ્ણ–ખરુ છે. આકાશમાં મેઘ ઘેરાય છે. પણે જુઓ, વીજળી પણ ચમકારો મારી ગઈ. ઊઠીએ હવે, ચાલો.

૧૩

વેરની કારણમીમાંસા

રાજનીતિ એમ કહે છે કે જેમને માથે મોટી રાજકીય ઊથલપાથલની જવાબદારી હોય તેમણે હમેશાં ઓછું બોલવું. પોતાનાં આપ્તજનો આગળ ભાવી રાજકીય બનાવો વિશે હરફ ઉચ્ચારવો નહીં; કારણ કે જે વાત ત્રણ કાને જાય તેને ફેલાતાં વાર લાગતી નથી, અને પછી આંકી રાખેલી યોજનાઓ નિષ્ફળ જાય છે. કૃષ્ણને આ નીતિનું સારી પેઠે જ્ઞાન હતું. તે પોતાની સ્ત્રીઓ પાસે–આપ્તવર્ગ પાસે મન મૂકીને વાતો કરતા; પણ રાજકાજનો પ્રશ્ન નીકળતાં જ હસીને, મજાક ઉડાવીને તે પ્રશ્ન ઉડાવી દેતા. તે પ્રમાણે તેમણે ગઈ કાલે ગોવાળવાડામાં કર્યું. પણ ઘેર આવીને તેમણે વિચાર્યું કે કૌરવ-પાંડવોનું યુદ્ધ એ કંઈ છૂપી બાબત થોડી જ હતી? જલદી પાંડવો અને કૌરવો આર્યાવર્તમાંના બધા રાજાઓને મદદે બોલાવવાના. તેથી આ ભાવી યુદ્ધ સંબંધી પોતાની સ્ત્રીઓને થોડો ખ્યાલ આપવો સારો. તે મુજબ તેમણે રાત્રે રુકિમણી સાથે યુદ્ધ સંબંધી થોડી વાત કરી. બીજે દિવસે સવારે રુકિમણીએ કૃષ્ણને કહ્યું, “આપ કદી આપની રાજકીય હિલચાલો સંબંધી અમને ખબર

પડવા દેતા નથી. ગઈ કાલે માત્ર કૌરવ-પાંડવોનું યુદ્ધ જલદી થશે અને તેથી બને તો તે અટકાવવા આપ જાઓ છો, એમ કહ્યું; પણ આ ભાઈભાઈ હોવા છતાં તેમની લડવાડો આટલી તીવ્ર કેમ થઈ ? આપણે ત્યાં આવું ક્યાં બને છે ? ”

કૃષ્ણ – આ ઝઘડા તરફ મેં ઘણી વાર તટસ્થપણે જોવા પ્રયત્ન કર્યો છે. દુર્યોધન એ ઉત્તમ રાજા છે, પ્રજાજનોને એ કનડતો નથી એમ બધે કહેવાય છે; તો પાંડવો સાથે તે આટલું દ્વેષભર્યું વર્તન કેમ રાખે છે ? એનું કારણ મને એ જણાય છે કે ભીમે તેનું ઘણી વાર અપમાન કર્યું છે. એ લોકો નાનપણમાં એકઠા રમતા ત્યારે અમારા ભીમદેવ તેને ‘ અંધપુત્ર, અંધપુત્ર ’ કહીને ચીડવતા. શક્તિને જોરે તે તેને દબડાવતા અને ઉપરથી ખડખડ હસતા ! ધર્મરાજા, અર્જુન વગેરેને આ બાબત પસંદ નહોતી; પણ ભીમ સ્વભાવે તોફાની, તે પોતાની લહેર પ્રમાણે વર્તતો. ધર્મરાજા ખૂબ જ નિષેધ કરતા તો તે તેટલો વખત અટકતો; પણ તેનાં અડપલાં ચાલુ જ રહેતાં. દુર્યોધનનો સ્વભાવ ખૂબ જ માની અને અદેખો ! તેને પોતાના કરતાં કોઈ ચડી જાય એ ખપતું નહીં. તેમાંયે ભીમનાં અડપલાં અટક્યાં હોત તો આ વેર આટલી હદે પહોંચ્યું ન હોત. આગળ જતાં રાજસૂયયજ્ઞમાં તેનો માનભંગ ન થાય તે માટે ધર્મે ખૂબ સંભાળ રાખી; તોપણ તે મયસભામાં જ્યારે પાણીના હોજમાં ભૂલથી પડ્યો ત્યારે ભીમ હસ્યો જ, અને દ્રૌપદીએ

પણ તેને સાથ આપ્યો ! આ સમયે પાંડવોનો વૈભવ શિખરે પહોંચ્યો હતો. દ્રૌપદી તેમની પટરાણી તરીકે મહાલતી હતી. તેથી તેને થોડો ગર્વ થાય એ સ્વાભાવિક જ હતું. માણસ મોટા પદે પહોંચે છે એટલે તેને બીજાની મશ્કરી કરવાનું સૂઝે છે, તેવું દ્રૌપદીને થયું. તેનો પગ દેડકા ઉપર પડવાને બદલે અસલ નાગ ઉપર પડ્યો; અને પછી એ નાગ કચકચાવીને કરડ્યો હોય તો નવાઈ નથી. દ્રૌપદીની ભૂલ થઈ; પણ તે જરા જેટલી હતી. આ જરા જેટલી ભૂલની કઠોર શિક્ષા આપવાનું દુર્યોધને નક્કી કર્યું. એ અવિચારી છે; તેથી આજે લગભગ આખો ભારત દેશ આ રણયજ્ઞમાં હોમાઈ જશે એમ દેખાય છે. હું આ યુદ્ધ રોકવાનો ખૂબ પ્રયત્ન કરવાનો છું; પણ મને તેમાં સફળતા મળશે એવું દેખાતું નથી; કારણ કે આ વેરાગ્નિ ઘણા દિવસથી ધુમાય છે. દુનિયાની બધી બાબતો આપણી ઇચ્છા મુજબ બને છે એવું નથી; તેથી દૈવે જે કંઈ નક્કી કર્યું હશે તેમ જ થશે, એમ માનીને આપણે શાંત રહેવું. શાંત રહેવું એટલે સ્વસ્થ બેસવું એમ નથી; તેથી વિષ્ટિનો પ્રયત્ન હું કરવાનો છું.

રુક્મિણી—માનો કે યુદ્ધ કરવાનું નક્કી થાય તો આપ પાંડવોના સ્નેહને કારણે યુદ્ધમાં ભાગ લેવાના કે ? આપની ઉંમર હવે યુદ્ધ કરવાની નથી.

કૃષ્ણ—તદ્દન સાચું. મેં આ બાબતમાં એવું નક્કી કર્યું

છે કે મારે પોતે લડવું નહીં. અર્જુનનું સારથિપદ માત્ર કરવું! અમારા ધર્મરાજા ભારે ભાવનાપ્રધાન છે. તેમની પ્રવૃત્તિ ઉદાર છે. પણ ઘણી વખત તે આપમેળે પ્રતિપક્ષીની જાળમાં જઈને સપડાય છે. પાંડવો ઉપર ઊતરેલાં અનેક સંકટોમાં ભીમ અને દુર્યોધનની ભૂલો જેટલી જવાબદાર છે તેટલી ધર્મની પણ થઈ છે! તેથી આ નિર્ણાયક યુદ્ધમાં તેમને હાથે કોઈ મોટી ભૂલો ન થાય તેથી હું પાંડવોની સાથે રહેવાનો છું, અને તેમાંયે અર્જુનનું સારથિપદ કરવાનું કારણ એ કે અર્જુનને ખાતરીપૂર્વક હણી શકે એવી એક શક્તિ કર્ણની પાસે છે, અને કર્ણ એ દુર્યોધનને પાંડવો વિરુદ્ધ હમેશાં ભડકાવતો હોય છે! કારણ કે તે પણ હમેશાં અર્જુનનો દ્વેષ કરતો હોય છે. અર્જુન મરાય તો પોતે સાતે લોકનો એકલ વીર થશે તેમ તેને લાગે છે. તેથી હું અર્જુનના પડખે રહેવાનો છું.

કૌરવો તરફ કર્ણ ઉપરાંત ભીષ્મ, દ્રોણ અને અશ્વત્થામા એ વિશેષ શક્તિવાળા પુરુષો છે. પાંડવો જો આ યુદ્ધ યુક્તિપૂર્વક ન ખેલે તો ભીષ્મ અને કર્ણના જોર ઉપર કૌરવો અજેય નીવડશે! તેથી જો પાંડવોને કંઈ સલાહ-સૂચના આપી શકાય તો હું આપવાનો છું. વારુ. હવે અમે બહુ દૂર જઈએ છીએ, તેથી અહીંની જવાબદારી તમે પાર પાડશો જ. તમારી શોકોની સંભાળ તમે રાખશો એ વિશે મને શક નથી.

રુક્મિણી—અહીંની ફિકર આપ બિલકુલ ન કરશો.

વસુદેવ મહારાજ અને મોટાભાઈ અહીંનો કારભાર ચલાવવા સમર્થ છે જ; પણ તમારા તરફ અનેક શત્રુઓ વાંકી નજરે જુએ છે, તેથી ફિકર થાય છે!

કૃષ્ણ–તમારું કહેવું એક રીતે બરાબર છે. પણ માછલાંને પાણીનો ડર રાખવો કેમ પોસાય? કમળ જો કહે કે મને પાણીમાં રહેવાથી ટાઢ લાગશે તો તે યોગ્ય કેવી રીતે ગણાશે? અમારું ક્ષત્રિયોનું એવું જ છે. જેને જીવનો ભય હોય છે તેણે ક્ષાત્રધર્મ કરવો જ નહીં. ઉપરાંત ગુરુજીએ અમને એવી શિખામણ આપી છે કે સંસારમાં બધો ભાર ઈશ્વર ઉપર નાખવો, અને આપણે તેના હાથનું રમકડું છીએ એમ માનવું. આ વાત મનમાં ઊતરતાં વખત લાગે છે, તેથી જ સંસારમાં બનતા અનેક અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગોમાં મનથી અલિપ્ત રહેવાની ટેવ પાડવી. આને જ માટે માણસે દરરોજ કેટલોક સમય મનન કરવું. જ્યાં સુધી આપણે દેહધારી છીએ ત્યાં સુધી ભાવનાઓની રમત આપણા મનમાં સતત ચાલવાની. પણ આપણી વિવેકશક્તિને તેનો સ્પર્શ થવો જોઈએ નહીં, એટલું જ માનવના હાથમાં છે. અસ્તુ. હું મારું કામ પૂરું કરીને તરત જ પાછો આવું છું. તેથી તમારે નિરર્થક ચિંતા કરતાં બેસવું નહીં.

રુક્મિણી–એ બધું મને સમજાય છે. પણ તમારા ઉપરની પ્રીતિ જ ફિકર કરાવે છે ને? વળી મને હમેશાં એમ થાય છે–અમારો એ ગાંડો ખ્યાલ કહો–કે પ્રિયજનની

ફિકર કરવામાં પણ એક જાતનો આનંદ છે! તેમાં તે માણસના ચિંતનના સુખનો અનુભવ થાય છે.

કૃષ્ણ – વાહ ! આવું ચિંતન, આવી ભક્તિ ઈશ્વરને બહુ ગમે છે. એ ભક્તિનો આસ્વાદ લેવા મળે તે માટે તેણે આજ સુધીમાં એક નહીં, સાત અવતાર ધારણ કર્યા !

રુક્મિણી – અને હવે આઠમો અવતાર લઈને ભક્તોનું રંજન અને પરિપાલન કરે છે !

કૃષ્ણ – તો તે ક્યાં છે એની તમને ખબર હશે જ. મને તો તેનું દર્શન કરાવો.

રુક્મિણી – તમને તેનું દર્શન કદી નહીં થાય ! પોતાનો બરડો પોતાને કદી દેખાય છે ?

આવો સંવાદ થયા પછી કૃષ્ણે રુક્મિણી અને બીજા આત્મજનોની વિદાય લઈને હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું.

૧૪

સર્વસંહારક યુદ્ધ

પાંડવોના બોલાવવા ઉપરથી સુભદ્રા અને અભિમન્યુને સાથે લઈને શ્રીકૃષ્ણ વિરાટનગર ગયા. ત્યાં અભિમન્યુ અને ઉત્તરાનો વિવાહ ખૂબ ધામધૂમથી થયો. પાંડવો સાથે લગ્નસંબંધ જોડાવાથી વિરાટરાજાને ઘણો આનંદ થયો. ઉત્તરાના આગ્રહથી અર્જુને વિરાટપુત્રનું સારથિપણું સ્વીકાર્યું હતું, અને કૌરવોનો વિરાટનગર ઉપરનો હુમલો પાછો હઠાવ્યો હતો. ઉત્તરા જેવી ચપળ અને ચબરાક કન્યા પોતાની પુત્રવધૂ થવાથી અર્જુનને સંતોષ થયો. કૌરવો સાથે યુદ્ધ કરવું પડશે એ પાંડવોને દેખાતું જ હતું. આવે વખતે મત્સ્યદેશના અધિપતિની સાથે વેવાઈ જેવો સંબંધ બંધાયો, એ પાંડવોએ ભાવી જયના શુભ શુકન જ માન્યા.

આ તરફ લગ્નના સમારંભમાં પાંડવસ્ત્રીઓ ગરક થઈ હતી; ત્યારે પાંડવોના ઇષ્ટમિત્રોમાં ભાવી યુદ્ધની ચર્ચા જ લગ્નમંડપમાં ચાલતી દેખાતી હતી ! કોઈ કહેતું કે દુર્યોધન જો નહીં માને તો છેવટે ધૃતરાષ્ટ્ર પોતાના વિશેષ અધિકારનો ઉપયોગ કરીને પાંડવોને તેમનો હિસ્સો આપવાની

પોતાના પુત્રને ફરજ પાડશે. બીજા કહેતા હતા, દ્રૌપદી-વસ્ત્રહરણને સમયે દુર્યોધને પીછેહઠ કરી હતી તો પણ તે હવે આ વખતે તેવું કરશે નહીં; તે પાંડવોને યુદ્ધમાં ખેંચીને આ લાંબા સમયથી ચાલતા વેરનો અંત લાવી દેશે ! આ પછી કયા રાજાઓ પોતાના પક્ષમાં આવશે, કયા કૌરવો તરફ જશે એ વિશે દરેક જણ પોતાનું અનુમાન વ્યક્ત કરતો હતો. આવી યુદ્ધચર્ચા જો કે લગ્નમંડપમાં ચાલતી હતી, તો પણ એકંદરે આ સમારંભ ખૂબ આનંદથી પાર પડ્યો. કૃષ્ણ-સ્ત્રીઓ કેમ આવી નથી તેની પાંડવોએ આવેલ માણસોને પૂછપરછ કરી. કૃષ્ણે હમેશાંની જેમ એ પ્રશ્ન હાસ્યમાં ઉડાડી દીધો.

શ્રીકૃષ્ણ દ્વારકાથી વિરાટનગર પહોંચ્યા પછી તેમણે પોતાના કુશળ-સમાચાર અન્યની મારફત દ્વારકા પહોંચાડ્યા હતા. અભિમન્યુના લગ્નની હકીકત કૃષ્ણ-સ્ત્રીઓએ જાણી હતી; પણ ત્યાર પછી કેટલાયે મહિના સુધી કોઈ દૂત આવ્યો નહોતો, એથી વસુદેવ-દેવકી વગેરેને વિશેષ ચિંતા થતી હતી. આખરે વસુદેવ, દેવકી અને રુક્મિણીએ વિચાર કરીને પોતાના દૂતોને હસ્તિનાપુરની પાસે આવેલા ઉપલવ્ય ગામે મોકલ્યા; કારણકે અજ્ઞાતવાસમાંથી બહાર આવ્યા પછી પાંડવોએ ઉપલવ્ય ગામે પોતાનો મુકામ કર્યો હતો.

વસુદેવના દૂતો દ્વારકા છોડીને બહુ દૂર ગયા નહીં

ત્યાં તો તેમને કૃષ્ણને સંદેશો લઈને આવનારા દૂતોનો ભેટો થયો. આ દૂતોએ વસુદેવને કૃષ્ણદેવ ક્યારે આવવાના છે તે કહ્યું. કૃષ્ણદેવ આવવાના છે એ ખબર દ્વારકામાં ફેલાતાં જ પ્રજાજનોએ તેમનું ભારે સ્વાગત કરવાનું નક્કી કર્યું. ધ્વજ-તોરણો બાંધવામાં પૌરજનો મંડયા હતા, પણ જે દિવસે શ્રીકૃષ્ણનું આગમન થવાનું હતું તેને આગલે દિવસે મધરાતે તે વેષ બદલીને પોતાના મહેલને દ્વારે આવીને ઊભા રહ્યા. દ્વારપાળે પ્રથમ તેમને ઓળખ્યા નહીં, ત્યારે થોડી મજા થઈ. પોતાના પતિને અચાનક આવેલા જોઈને રુક્મિણી એવાં તો ગૂંચવાઈ ગયાં! તેમણે સત્યભામા ઇત્યાદિ બીજી શોકોને તેડાવી. જે ને તે "આવી અપરાત્રિએ કેમ આવ્યા? અમે આપનું દબદબાપૂર્વક સ્વાગત કરવાના હતા!"–એવું કહેવા લાગ્યાં. "યુદ્ધનું શું થયું?"–એવો રુક્મિણીએ સવાલ પૂછ્યો. તેથી કૃષ્ણ થોડો સમય ચૂપ રહ્યા. પછી તેમણે પોતાની આંખો લૂછી અને ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું, "પાંડવોનો જય થયો, પણ આપણો બાળક અભિમન્યુ રણમાં પડ્યો!" આ સમાચાર કાને પડતાં જ અભિમન્યુના ગુણોને યાદ કરી કૃષ્ણ-સ્ત્રીઓએ વિલાપ કર્યો. બીજે દિવસે કૃષ્ણ વસુદેવ-દેવકીની પાસે ગયા, ત્યારે પોતાનો સદ્‌ગુણી દોહિત્ર રણમાં પડેલો સાંભળીને એ વૃદ્ધ દંપતીએ ખૂબ શોક કર્યો. જે ને તે કૃષ્ણને યુદ્ધને વિશે પ્રશ્નો પૂછતા. તેથી તેમણે સૌને જણાવ્યું કે "વસુદેવ-દેવકીના મંદિરમાં હું બધી હકીકત કહીશ." આમ કૃષ્ણનાં બધાં સગાંવહાલાં વસુદેવના

મંદિરમાં ભેગાં થયાં. બપોરે પોતાનાં સ્રીપુત્રો સાથે શ્રીકૃષ્ણ પોતાનાં માતપિતાની પાસે ગયા. ત્યાં દીવાનખાનામાં ઉચ્ચાસન ઉપર વસુદેવ-દેવકીને બેસાડીને કૃષ્ણે રોજની જેમ તેમને વંદન કર્યું. આજે તેમનું મુખ દુઃખી દેખાતું હોવાથી કોઈ તેમની નજીક જઈને વાત કરવાની હિંમત કરી શક્યું નહીં. સન્તુએ પણ એક શબ્દ આજે ઉચ્ચાર્યો નહીં. બધું મંડળ આસનસ્થ થયા પછી શ્રીકૃષ્ણે થોડું જલપ્રાશન કર્યું; ત્યાર પછી આંખે પાણીનો સ્પર્શ કરી તેમણે ધીમે અવાજે બોલવાનો આરંભ કર્યો:

"ટૂંકાણમાં કહેવું હોય તો પાંડવોને કુરુક્ષેત્રમાં વિજય મળ્યો છે અને હસ્તિનાપુરના સિંહાસન ઉપર ધર્મરાજા હવે વિરાજ્યા છે. દુર્યોધનાદિ કૌરવો રણમાં ઠાર થવાથી પાંડવો હવે નિષ્કંટક રાજ્ય ભોગવી શકશે. પાંડવોને જય મળ્યો ખરો; પણ તે મેળવવા જતાં અઢાર અક્ષૌહિણી સેના હોમાઈ ગઈ. પરશુરામદેવે જેટલા ક્ષત્રિયો માર્યા હતા તેના કરતાં આ સંખ્યા વધારે હતી. આ મરણ પામેલા વીરોમાં પાંડવોનાં સગાંવહાલાં હતાં. આ ભારતીય યુદ્ધમાં ક્ષત્રિયવીરોનો આટલો બધો સંહાર થયો તેની અસર આ આર્યાવર્ત ઉપર બહુ ખરાબ થવાની છે!"

વસુદેવ—કૃષ્ણ, તું ત્યાં હાજર હતો છતાં આ યુદ્ધ કેમ થયું? તું તેને અટકાવી શક્યો નહીં?

કૃષ્ણ—તાત, મેં મારા તરફથી પ્રયત્નો ઘણા કર્યા; પણ અહંકારી દુર્યોધન કોઈનું જ સાંભળતો નહોતો.

દેવકી—કૃષ્ણ, તું અહીંથી ગયો ત્યારથી જે જે બન્યું તે તે બધું કહી નાખ.

કૃષ્ણ—કહો તો હું મન મજબૂત કરીને કહું છું; પણ મા, એ ભયંકર વૃત્તાંત તારાથી સાંભળ્યો જશે?

દેવકી—કૃષ્ણ, ભયંકર વૃત્તાંત જ શું પણ મારા પોતાના છ પુત્રોને શિલા ઉપર પછાડીને ઠાર મરાતા જોઈને મારું મન પાષાણની જેમ કઠણ થયું છે!

કૃષ્ણ—વારુ ત્યારે; હું બધો વૃત્તાન્ત ટૂંકાણમાં કહું છું.

હું અહીંથી વિરાટનગર ગયો. ત્યાં ઉત્તરા-અભિમન્યુનો વિવાહ થયો. ત્યારપછી હું પાંડવો સાથે હસ્તિનાપુરની નજીક આવેલા ઉપલવ્ય ગામે ગયો. ત્યાં હવે પછી શું કરવું તેની ચર્ચા થઈ. કૌરવો પાસેથી પોતાનું રાજ્ય પાછું મળતું નથી એ જોઈને યુદ્ધ અનિવાર્ય જ થયું. ધર્મે કહ્યું, “યુદ્ધ પૂર્વે આખરી પ્રયત્ન તરીકે આપણે આપણી ઓછામાં ઓછી માગણી દુર્યોધનને જણાવીએ. પાંચ પાંડવોને પાંચ ગામ આપશે તોયે અમે સંતોષ માનીશું. જોવા તો દો કે આટલું પણ દુર્યોધન સ્વીકારે છે કે કેમ?” ધર્મરાજાની પાંચ ગામોની માગણી બીજાઓને પ્રથમ પસંદ નહોતી; પણ મોટાભાઈની આગળ બોલવું

નહીં એવું બીજા ભાઈઓએ નક્કી કરીને વિષ્ટિ માટે મને એકમતે ચૂંટયો.

વાટાઘાટ માટે ખુદ વેવાઈ આવે છે એ જાણતાં જ દુર્યોધને મારા સ્વાગતની ઉત્તમ તૈયારી કરી, અને મને ભોજન માટે આમંત્રણ આપ્યું. મેં કહ્યું, "વિષ્ટિનું કામ મારી ઇચ્છા મુજબ થયા પછી હું આનંદથી ભોજન માટે આવીશ." હું તો વિદુરને ઘેર જ ઊતર્યો, અને નક્કી થયેલે સમયે કૌરવ સભામાં ગયો. પ્રથમ કુશળપ્રશ્ન અને હાસ્ય-વિનોદ થયો. પછી મેં ધૃતરાષ્ટ્રને કહ્યું, "પાંડવોને તેમનું રાજ્ય પાછું આપી તમે સંધિ કરી લો. પાંડવો તમારા મિત્ર થશે તો કૌરવોનું બળ વધશે." વગેરે વગેરે. પણ ધૃતરાષ્ટ્રે મારું સ્વીકાર્યું નહીં. દુર્યોધનનું ઉન્મત્તપણું આ સમયે પરમ કોટીએ પહોંચ્યું હતું. તેને થતું હતું કે ઇચ્છામરણી ભીષ્મ, અજેય દ્રોણાચાર્ય, વાસવી શક્તિથી અર્જુનને ભારે પડે એવો કર્ણ, નારાયણી અસ્ત્રથી બળવાન બનેલો અશ્વત્થામા, એટલા પોતાની મદદે હોય ત્યારે પોતાનો વિજય નિશ્ચિત છે; તો પછી પાંડવોની પરવા શું કામ કરવી? દુર્યોધન એકલો જો મને મળ્યો હોત તો મને લાગે છે કે મેં તેને મનાવી લીધો હોત; પણ શકુનિ તથા કર્ણ તેને ચાલુ ભડકાવ્યા કરતા હતા. તેથી તે કેમે કરીને પાંડવોની પાંચ ગામની માગણી પણ સ્વીકારતો નહોતો! તેણે મને આવેશથી કહ્યું, "યુદ્ધ કર્યા વિના સોયની અણી જેટલી જમીન પણ પાંડવોને આપવા હું તૈયાર નથી!"

મનામણીની ભાષાથી દુર્યોધન સમજતો નથી એ જોતાં જ "દુર્યોધનને કારાગારમાં નાખ" એવી સલાહ મેં ધૃતરાષ્ટ્રને આપી. ત્યારે દુર્યોધને ચિડાઈને મને જ કારાગારમાં નાખવાનો ઘાટ ઘડ્યો. પણ હું સાવધ હતો, તેથી તેવું થયું નહીં. વાટાઘાટ નકામી ગયા પછી પાંડવોએ યુદ્ધની તૈયારી કરી. દુર્યોધનની તૈયારી તો થઈ જ હતી.

વસુદેવ—કૃષ્ણ, આ યુદ્ધમાં તેં કોનો પક્ષ લીધો? તારી ઉમર યુદ્ધ કરવાને લાયક થોડી જ કાંઈ છે?

કૃષ્ણ—એ જાણીને મેં અર્જુનનું સારથિપણું કરવાનું નક્કી કર્યું, અને ખાસ પ્રસંગે તમને સલાહ આપીશ એવું ધર્મરાજાને કહ્યું. ખરું પૂછો તો આ સમયે દુર્યોધનનું બળ પાંડવોના કરતાં વધારે હતું. આ વખતે યુક્તિ-પ્રયુક્તિથી યુદ્ધ ખેલ્યા વિના પાંડવોને વિજયની આશા નહોતી.

દેવકી—કૃષ્ણ, તેં આ યુદ્ધમાં પાંડવોને જય કેવી રીતે અપાવ્યો એટલું કહે એટલે થયું.

કૃષ્ણ—પાંડવોને જે જય મળ્યો તે ભીમાર્જુનના અતુલ પરાક્રમને લીધે મળ્યો. એકલા ભીમે ધૃતરાષ્ટ્રના સો પુત્રોને ઠાર માર્યા! દુઃશાસનનું લોહી પીને પ્રાણ હરીને તેણે જ દ્રૌપદીનું સાન્ત્વન કર્યું. મારા અર્જુનનું પરાક્રમ પણ આ સમયે ઉપયોગી નીવડ્યું. શી તેના હાથની કુશળતા!

તેના જ બાણુથી ભીષ્મ અને કર્ણ જર્જરિત થઈને રણમાં પડ્યા! જયદ્રથનો વધ અર્જુનના બાણુથી જ થયો. મેં ચાર કે પાંચ વખત પાંડવોને સલાહ આપી.

દેવકી-નંદરાજા કહેતા કે કૃષ્ણ નાનપણથી ભારે યુક્તિવાળો; આથી તે મોટા મોટા શત્રુઓને હરાવતો. વારુ, તો આ યુદ્ધમાં તેં શી શી યુક્તિ અજમાવી?

કૃષ્ણ—મેં પોતે કંઈ કર્યું નહીં. મેં ફક્ત કયે વખતે શું કરવું એટલું સૂચવ્યું. મેં જ્યારે જોયું કે ભીષ્મ અર્જુનને ગાંઠતો નથી, ત્યારે અર્જુનને કહ્યું કે "તું પાછો હઠ, અને મહારથી શિખંડીને આગળ કર. શિખંડી ગત જન્મનો સ્ત્રી છે; તેથી ભીષ્મ તેની સાથે યુદ્ધ કરશે નહીં. પછી તું તારાં બાણુ ભીષ્મ ઉપર નાખજે!" અર્જુને શિખંડીને આગળ ખસેડતાં જ ભીષ્મે ધનુષ્ય નીચે મૂક્યું, અને પછી અર્જુનના બાણુથી તે જર્જરિત થયા.

ભીષ્મના કરતાં પણ દ્રોણે તીવ્રતાથી અને યુદ્ધનીતિનો ત્યાગ કરીને યુદ્ધ કર્યું. તે કોઈને જ ગાંઠતા નહોતા. વ્યૂહરચના અને કવચબંધનમાં તો તે અદ્વિતીય હતા. તેમના મનમાં ભ્રમ પેદા કર્યા વિના તે અવધ્ય ગણાતા હતા. એવામાં તેમને ભ્રમ ઉત્પન્ન થાય એવી તક અમને મળી. અમારા પક્ષમાં અશ્વત્થામા નામનો એક મોટો હાથી હતો. તેને ભીમે મારી નાખ્યો, અને "અશ્વત્થામા હણાયો, અશ્વત્થામા હણાયો" એવી અફવા ફેલાવી. દ્રોણાચાર્યને

કાને એ અફવા પહોંચી. તેમના પુત્રનું નામ અશ્વત્થામા જ હતું. આથી તે દુઃખી થયા; પણ હાથી કે તેમનો પુત્ર એ બાબતમાં તેમને ખાતરીપૂર્વક કોઈ કહેતું નહોતું. તેથી તેમણે સત્યવચની ધર્મને પૂછયું. ત્યારે મારી સલાહ મુજબ ધર્મે મોળો મોળો જવાબ આપ્યો : नरो वा कुंजरो वा। આથી દ્રોણે ધનુષ્ય નીચે મૂકયું અને તે વિચારમગ્ન થયા. એટલામાં અમારી તરફનો દ્રૌપદીનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન આગળ વધ્યો. તેણે દ્રોણના વાળ પકડયા અને તેમને ઠાર કર્યા !

આ પછી કર્ણ કૌરવોનો સેનાપતિ થયો. દુર્યોધનનો બધો આધાર કર્ણ ઉપર હતો. ભીષ્મ, દ્રોણ એ કેવળ દુર્યોધનના પક્ષમાં લૂણને કારણે રહ્યા હતા; તેમને મનમાં આ પક્ષ પસંદ નહોતો. તેમને આખર સુધી પાંડવોનો જ પક્ષ સાચો છે એમ લાગતું હતું. આથી તેમના ઉપર દુર્યોધનનો વિશ્વાસ નહોતો. કર્ણને ઇન્દ્ર તરફથી એક વિશેષ શક્તિવાળું અસ્ત્ર મળ્યું હતું. કર્ણની યોજના એવી હતી કે તે અસ્ત્ર અર્જુન ઉપર નાખીને તેનો વધ કરવો. તે અસ્ત્ર અમોઘ હતું તેથી મેં પહેલેથી જ કર્ણનો અને અર્જુનનો સામનો થવા જ દીધો નહોતો. તે શક્તિ કોઈ બીજા વીર ઉપર છોડવાની કર્ણને ફરજ કેવી રીતે પાડવી એ વિચારમાં હું હતો. ભીમને એક રાક્ષસીને પેટે ઘટોત્કચ નામનો એક શક્તિશાળી પુત્ર થયો હતો. તેને મેં બોલાવી મંગાવ્યો અને તેને પોતાના છૂપા તેમ જ ખુલ્લા સામર્થ્યથી કૌરવો સાથે લડવા કહ્યું. તેણે કૌરવ-સૈન્યનો ભયંકર સંહાર

ચલાવ્યો. ત્યારે દુર્યોધને કર્ણને કહ્યું, "તારી વાસવી શક્તિને હમણાં જ છોડ; નહીં તો આપણે કોઈ જીવતા રહીશું નહીં." કર્ણે તે શક્તિ છોડી. તેનાથી ઘટોત્કચ મરાયો પણ અર્જુન બચ્યો! હવે કર્ણની પાસે વિશેષ શક્તિ રહી નહોતી, તેમ છતાં તેણે અર્જુનને બરાબર થકવ્યો. છેવટે લડતાં લડતાં કર્ણના રથનું પૈડું જમીનની ફાટમાં પેસી ગયું. તેને ઉપર ખેંચી કાઢવા તે રથમાંથી નીચે ઊતર્યો. મેં અર્જુનને કહ્યું, "દોસ્ત, વિચાર કરવામાં વખત લગાડીશ નહીં. કર્ણ ઉપર બાણ છોડ." અર્જુને ઉપરાછાપરી બાણ છોડી કર્ણનું શિર ઉડાવ્યું.

અશ્વત્થામાના નારાયણી અસ્ત્રને મેં આવી જ રીતે નકામું બનાવ્યું. જયદ્રથનો વધ પણ યુક્તિપૂર્વક કરવો પડ્યો. છેવટે ભીમ-દુર્યોધન વચ્ચે ગદાયુદ્ધ થયું. દુર્યોધને બાર વર્ષ મહેનત કરીને ગદાયુદ્ધમાં પ્રવીણતા મેળવી હતી. તેથી આ યુદ્ધમાં ભીમ ટકી શક્યો ન હોત, તેથી મેં ભીમને દુર્યોધનની જાંઘ ઉપર ગદાનો ઘા કરવાની નિશાની કરી. ભીમે તેમ કરીને તેની જાંઘને તોડીને તેને જમીન ઉપર આળોટતો કર્યો. દુર્યોધનના મૃત્યુને લીધે પાંડવોનો પૂર્ણ જય થયો, અને પછી અમે બધા જયને લીધે ઉત્પન્ન થયેલા ઉન્માદમાં કૌરવોની છાવણીમાં પેઠા અને ત્યાં બેસાવધ થઈને સૂતા. મારા આખા જીવનમાં હું બેસાવધ થઈને વર્ત્યો હોઉં તો તે આ જ વખતે, અને તેનું ભયંકર પરિણામ પાંડવોને ભોગવવું પડ્યું!

દેવકી–શું ભાઈ, પાંડવોમાંથી કોઈના જીવને નુકસાન તો થયું નહીં ને ?

કૃષ્ણ–દૈવી સંપત્તિવાળા હોવા છતાં તેઓ દુર્ભાગી થતા હતા એ ખરું છે ! તે રાત્રે અમે બેસાવધ છીએ એવું જોઈને દ્રોણપુત્ર અશ્વત્થામા–જે રણમાંથી નાસી ગયો હતો–તેણે છાવણીમાં છૂપી રીતે પ્રવેશ કર્યો અને નિશ્ચિંતતાથી સૂતેલા વીરોને ઠાર માર્યા. તેમાં દ્રોપદીના પાંચ પુત્ર, ધૃષ્ટદ્યુમ્ન અને બીજાં સ્ત્રીપુરુષો હતાં ! પરોઢિયે આ ખબર પાંડવોએ જાણી, ત્યારે તેમણે અને દ્રૌપદીએ જે શોક કર્યો તેનું વર્ણન કોણ કરી શકે ! આ પછી અમે અશ્વત્થામાને બરાબર ખબર પાડી. ગુરુપુત્ર હોવાથી તેનો જીવ માત્ર લીધો નહીં !

આ યુદ્ધમાં મળેલા વિજયથી દ્રૌપદીને મેં આપેલું વચન પૂર્ણ થયું. કૌરવોને બરાબર શિક્ષા થઈ; અને પાંડવોને હકનું રાજ્ય મળ્યું. આ બધું ખરું; પણ અનેક ક્ષત્રિયોના વંશના વંશ આમાં ખતમ થઈ ગયા. ખુદ પાંડવોના છ મહારથી પુત્રો નાશ પામવાથી હવે વંશવેલો આગળ કેવી રીતે ચાલશે એ પ્રશ્ન ઊભો થયો. ધર્મની વૃત્તિ ઉદાર અને તેમનું મન કોમળ છે. રાજ્ય મળતાં સુધી તેમનો ઉત્સાહ ટક્યો હતો; પણ તે હાથમાં આવતાં જ તેમને રણમાં પોઢેલા ગુરુજનોનું સ્મરણ થયું. કર્ણ એ પોતાનો જ ભાઈ હતો એ જાણ્યા પછી તેમના

ઉદ્વેગને કોઈ સીમા રહી નહીં. તેમણે પોતાના ભાઈઓને કહ્યું, "મારે આ રાજ્ય નથી જોઈતું! મારા બધા ઇષ્ટ મિત્રો રણમાં પડ્યા પછી મને આ વૈભવ અને ઉપભોગ મીઠા કેવી રીતે લાગે?"

આખરે વ્યાસે તેમને મનાવ્યા. મેં તેમને ટેકો આપીને કહ્યું, "આજે હસ્તિનાપુરના રાજ્યની પ્રજા અનાથ પડી છે. તેનું પાલન તમે નહીં કરો તો સ્વધર્મત્યાગનું પાપ તમને લાગશે. તમારે ધર્માધર્મનો નિર્ણય જ જો જોઈતો હોય તો ભીષ્મપિતામહ બાણશય્યા ઉપર સૂતા છે, ઉત્તરાયણ સુધી તે પોતાના પ્રાણને ધારણ કરવાના છે, તેમની પાસે જઈને તમારા મનનું સમાધાન કરાવી લો." પછી અમે ભીષ્મની પાસે ગયા. તેમણે પણ પ્રજા-પાલન કરવું એ જ તમારું કર્તવ્ય છે એમ કહ્યું ત્યારે ધર્મે રાજ્યનાં સૂત્રો પોતાના હાથમાં લીધાં.

ધર્મરાજા હવે અશ્વમેધ યજ્ઞ કરવાના છે. તે સમયે મારે ફરીથી ત્યાં જવું પડશે. મને લાગે છે કે હું હવે આત્મકથા આટલેથી જ અટકાવું એ યોગ્ય થશે. આ કથાનો મેં આરંભ કર્યો ત્યારે હું કેવો ઉત્સાહમાં હતો! મીઠાં સ્મરણો નેત્રોની સામે તરવરતાં હતાં. તેથી હું તેમાં તલ્લીન થઈ ગયો હતો; પણ ભારતીય યુદ્ધમાંથી પાછો ફર્યા પછી મારું મન ઘણું જ અસ્વસ્થ થયું છે.

"ભાઈ, તું હવે સ્વસ્થ રહે. દુઃખ સહન કરવાની

આપણને સૌને ટેવ જ પડી છે. રુક્મિણી, સત્યભામા, તમે કૃષ્ણના પ્રવાસનો અને યુદ્ધનો પરિશ્રમ જેથી દૂર થાય અને તેના મન ઉપરનો ભાર ઓછો થાય એવું કંઈ પણ કરો."– એમ વસુદેવ-દેવકીએ કૃષ્ણના વાંસા ઉપર હાથ ફેરવીને કહ્યું.

માતપિતાએ વાંસા ઉપર હાથ ફેરવતાં જ કૃષ્ણના મનની તંગ અવસ્થા ઘણી ઓછી થઈ. ત્યારપછી માતપિતાને વંદન કરીને તે સ્ત્રીઓ સાથે પોતાને મહેલે જવા ઊપડ્યા.

૧૫

રુક્મિણીની યોગારૂઢ અવસ્થા

ત્યારપછી એક દિવસ શ્રીકૃષ્ણ પોતાના ખાસ મંદિરમાં મોરલી બજાવવામાં તલ્લીન થઈ ગયા હતા. ઘણો વખત પસાર થયા પછી કૃષ્ણે મોરલી અટકાવી. પાછળ ફરીને જુએ છે તો રુક્મિણી નિશ્ચલ ઊભેલાં! મોરલી અટકી તોપણ તેમની તલ્લીનતા કાયમ જ હતી. છેવટે કૃષ્ણે તેમને હલાવીને જાગ્રત કર્યાં. ભાનમાં આવ્યા પછી તે બોલ્યાં, "મને શું કામ જગાડી? હું તંદ્રામાં સુખી હતી!"

કૃષ્ણે તેમના તરફ જોઈને મંદ સ્મિત કરીને કહ્યું, "મને લાગે છે કે એક પ્રસંગ બાદ કરતાં તમને આટલાં તલ્લીન થયેલાં મેં કદી જોયાં નથી. આજે એવું શું બન્યું કે જેને લઈને તમારી તલ્લીનતા આટલી પરમ કોટીએ પહોંચી?"

રુક્મિણી–દેવ, પહેલાં કયે પ્રસંગે હું આટલી તલ્લીન થઈ હતી? કહો તો ખરા!

કૃષ્ણ–તમને નથી યાદ આવતું? મને પહેલો પત્ર લખતી વખતે હું તમારી પાસે નહોતો એ ખરું, પણ

તમારા પત્ર ઉપરથી હું તમારી તે સમયની વૃત્તિનો ખ્યાલ કરી શકચો હતો.

રુકિમણીએ કૃષ્ણને ખભે હાથ મૂકચો અને આનંદિત થઈને કહ્યું, "દેવ, તમે તદ્દન સાચી વાત કરી. ત્યાર પછી ઘણે ઘણે દિવસે મેં તે સ્થિતિનો આજે અનુભવ કર્યો, અને આનું કારણ શું, ખબર છે?"

કૃષ્ણ – તમે કહો નહીં તો મને કેવી રીતે ખબર પડે?

રુકિમણી – મારી સમાધિનું કારણ આપની મોરલીના આજના આલાપો. કેટલાક મહિના પૂર્વે મેં જ્યારે આપની મોરલીના આલાપ પ્રથમ સાંભળ્યા તે સમયે મારા શરીર ઉપર સંવેદનાનાં રોમાંચ ખડાં થયાં હતાં; પણ આજે દેવ, કંઈ જુદો જ અનુભવ થયો! મને થયુ, હું મોટી જ થતી જાઉં છું; મારું માથું આકાશને અડકયું છે. પછી હું અનંત આકાશમાં, પાણીમાં જેમ હિમ ઓગળે તેમ ઓગળતી જાઉં છું, અને આ ઓગળવાની સાથોસાથ આજ સુધી કદી લીધેલો નહીં એવો અનુભવ હું લઉં છું. હું તેમાં પૂરેપૂરી વિલીન થઈ જાઉં ત્યાર પહેલાં આપે મને હલાવીને જગાડી.

કૃષ્ણ – રુકિમણી, તમે ખરેખર ભાગ્યશાળી સ્ત્રી છો. તમને ઉત્તમ વસન, રત્નનાં આભરણ, દાસદાસી, મૃદુ શય્યા મળે છે તેથી હું તમને વિશેષ ભાગ્યશાળી માનતો નથી; પણ આજે મોરલી સાંભળી તમે તલ્લીન થઈને અનન્તની

સાથે એકરૂપ થવાના પંથે પળ્યાં, આના કરતાં ચડિયાતું બીજું કયું ભાગ્ય જોઈએ ?

રુક્મિણી—દેવ, આપની મોરલીના આલાપોમાં આજે એવું વિશેષ શું હતું કે જેને લઈને મારી આવી અવસ્થા થઈ ?

કૃષ્ણ—રુક્મિણી, તમે મારી વહાલી પત્ની છો તેથી મારું ગુહ્ય હું તમને કહું છું. આવું જ ગુહ્ય મેં રણમેદાનમાં અર્જુનને કહ્યું હતું; કારણકે તે મારો અત્યંત વહાલો મિત્ર છે. રુક્મિણી, મેં તમને ઘણી વાર કહ્યું છે કે ગુરુગૃહનો મારો કાળ દીર્ઘ ન હોતો; તોપણ તેની દરેક ક્ષણ કામમાં લેવાઈ હતી. બીજી વિદ્યાઓ હું ત્યાં શીખ્યો જ, પણ મને ગુરુજીની પાસે જીવનનું દર્શન થયું તે લાભ અપૂર્વ હતો. આપણી ધેનુઓ પ્રથમ તૃણ ઝટઝટ ખાઈ લે છે, અને પછી યથાવકાશે વાગોળીને તે ગળી જાય છે. આ વાગોળેલા તૃણનું લોહી, માંસ, અસ્થિ બનીને તેનો દેહ પુષ્ટ બને છે. તે પ્રમાણે ગુરુગૃહે ભણેલ ઉપનિષદોનું વાચન-મનન હું આખો જન્મારો કરતો આવ્યો; તેથી હું ગમે ત્યારે અનંત શક્તિની સાથે એકરૂપ થઈ શકું છું, એ વાત ભીષ્મને બરાબર ખબર હતી. તેથી તેમણે રાજસૂયયજ્ઞમાં ધર્મને મારી અગ્રપૂજા કરવા કહ્યું. મેં તે પૂજાનો સ્વીકાર કર્યો તે માન મળે છે એ ભાવનાથી નહીં, પણ સર્વેનું કલ્યાણ થાય એ ભાવના તે રાજસૂયયજ્ઞના ઉદાત્ત પ્રસંગે

મારા મનમાં પૂરેપૂરી વ્યાપી ગઈ હતી તેથી મેં તે પૂજાનો સ્વીકાર કર્યો; પણ આ વાત પેલા મૂર્ખ શિશુપાલને સમજાઈ નહીં. અસ્તુ.

રુક્મિણી–દેવ, એ બધું ઠીક. પણ આજના મોરલીના આલાપમાં વિશેષ શું હતું તે તમે કહ્યું નહીં !

કૃષ્ણ–હવે હું તે જ મુદ્દા ઉપર આવું છું. રુક્મિણી, ભારતીય યુદ્ધનું ભવ્ય અને ભીષણ દર્શન ગઈ રાત્રે મને થયું. તે યુદ્ધમાં ભયંકર સંહાર થયો. આપણો અભિમન્યુ અને દ્રૌપદીના પાંચ પુત્રો મરણ પામ્યા. આથી હું દુઃખી થયો હતો; પણ આજે પરોઢિયે મને ઉપનિષદો યાદ આવવા લાગ્યાં. ગુરુજીનો એ ગંભીર સ્વર મારા કાનમાં ગાજવા લાગ્યો, અને પછી અનંત શક્તિના વ્યાપક ઉદ્દેશની સાથે હું જોતજોતામાં એકરૂપ થયો. મારું દુઃખ દૂર દૂર નાઠું. અનંત વિશ્વના સંગીતની સાથે એકરૂપ થવા માટે મેં તે મોરલી હાથમાં લીધી અને મુખે અડાડી. તરત જ ઓંકારનો પવિત્ર નાદ તે મોરલીમાંથી પ્રથમ નીકળ્યો અને મારી મોરલીના આલાપો વિશ્વસંગીતમાં ભળી ગયા. આવા અત્યંત પવિત્ર વિશ્વ-સંગીતના આલાપોમાં તમે સપડાયાં; પછી તમને સમાધિ ન આવે તો શું થાય ?

રુક્મિણી–દેવ, આપ શું બોલો છો તે મને સમજાતું નથી; પણ હું અલૌકિક આનંદનો અનુભવ કરતી હતી એ ખરું છે. હું હવે આપને વિનવું છું કે રણાંગણમાં અર્જુનની

સાથે વાત કરતાં કરતાં આપને આવી સમાધિ આવી હતી કહો છો, તે પ્રસંગ કહો ને એક વખત !

કૃષ્ણ—તમને એટલી ઉત્સુકતા હોય તો હું કહું છું એમ થયું કે કૌરવ-પાંડવોનાં સૈન્યો તૈયાર થઈને રણમેદાન ઉપર શિસ્તપૂર્વક સામસામાં આવીને ઊભાં રહ્યાં. હું એક ભવ્ય રથમાં અર્જુનને બેસાડી ત્યાં આવ્યો. ભીષ્મે પ્રથમ પોતાનો દિવ્ય શંખ જોરથી ફૂંક્યો. ત્યારપછી તેની સાથે અમે પણ પોતપોતાના શંખ ફૂંક્યા. બંને તરફનાં રણવાદ્યોથી આકાશ ગાજી ઊઠયું. અર્જુને ઉત્સાહિત થઈને મને કહ્યું, “ કેશવ, મારો રથ બંને સેનાઓની વચમાં ઊભો કરો, અને મારે કોની સાથે લડવાનું છે તે મને કહો. ”

મેં કૌરવ-પક્ષના એકએક વીરનું નામ ઉચ્ચાર્યું અને આખરે કહ્યું, “ અર્જુન ! આમ જો, તારા ગુરુ અને સગાં-વહાલાં તારી સાથે યુદ્ધ કરવા ઊભાં છે. ” ‘ ગુરુ અને સગાં-વહાલાં ’ એ શબ્દો સાંભળતાં જ અર્જુનના વિચારો જુદી જ દિશામાં વળ્યા અને તેમણે મને કહ્યું, “ કૃષ્ણ, ભીષ્મ-દ્રોણ ઉપર બાણ ફેંકી તેમને ઠાર કરું તો મને ગુરુહત્યાનું પાપ નહીં લાગે ? મારા સ્વજનો યુદ્ધકામના રાખીને મારી સાથે લડવા તત્પર થયા હોય તો પણ તેમને હણીને મારે પાપમાં ઉમેરો શું કામ કરવો ? વળી, આ જુઓ, બંને તરફની સાગર જેવી ચારે દિશાઓમાં વ્યાપી ગયેલી આ સેનાઓ. આમાં આર્યાવર્તમાંનું સમસ્ત ક્ષાત્રતેજ એકઠું થયું છે. બંને પક્ષ

સમાન બળવાળા હોવાથી આ યુદ્ધમાં ભયંકર પ્રાણહાનિ થવાની છે, અને કોઈ પણ યુવાન ક્ષત્રિય જીવતો રહેવાનો નથી; અને પછી સમાજમાં કોઈ નિયંત્રણ ન રહેવાથી બધે સ્વચ્છંદ પ્રવર્તશે, અને ભાવી પેઢી અધોગતિએ જશે, એવું મને સ્પષ્ટ દેખાય છે. આ બધા પાપની જવાબદારી કૌરવોની સાથોસાથ અમારા ઉપર પણ આવશે. આ બધું ટાળવાનો મને એક જ ઉપાય દેખાય છે. તે એ કે યુદ્ધ કરવાનું છોડી દેવું, અને કૌરવોને સુખેથી રાજ્ય કરવા દેવું !" આટલું કહીને અર્જુને હાથમાંના ધનુષ્યને બાજુ ઉપર મૂકી "હું હવે યુદ્ધનો ત્યાગ કરું છું" એવું નિશ્ચયપૂર્વક મને કહ્યું.

અર્જુનનું આવું બોલવું સાંભળી હું છક થઈ ગયો ! યુદ્ધની બધી તૈયારી થઈ ગયા પછી યુદ્ધ ન કરવાની બુદ્ધિ અર્જુનને ઉત્પન્ન થયેલી જોઈને મેં મનમાં કહ્યું, "હે દુર્દૈવ ! તેં કેર કર્યો ! આ પાંડવોના નસીબમાં હમેશાં હેરાનગતિ જ લખેલી છે ?" આ વખતે મને અપરંપાર ગુસ્સો ચડ્યો હતો, પણ મેં તે તરત જ કાબૂમાં લીધો અને અર્જુન તરફ હસીને જોયું.

રુક્મિણી–પણ દેવ, આવા સુજ્ઞ માણસને મનાવવો બહુ મુશ્કેલ, ખરું ને ?

કૃષ્ણ–દેવી, તમારા જેવી સ્ત્રીઓને મનાવતાં મનાવતાં મારી આખી જિંદગી ગઈ તેથી મને તેમાં કુશળતા પ્રાપ્ત થઈ છે. મેં મનમાં કહ્યું, "આ વખતે ગુસ્સો કરવાથી શો

લાભ ? જરા ધીરેથી કામ લેવું જોઈએ." મેં કહ્યું, "અર્જુન, તારું કથન બરાબર છે, પણ આ વિચાર તને યુદ્ધારંભે સૂઝવો જોઈતો હતો. હવે જો તું રણ છોડીને ભાગી જઈશ તો તારો પ્રતિસ્પર્ધી કર્ણ કહેશે, "અર્જુન મારાથી બીધો !" મારા આ શબ્દો સાંભળતાં જ અર્જુનને ભાન આવ્યું.

"સારું થયું ! ભડકેલા ઘોડાઓને ઠેકાણે લાવવાની કળા તમને સિદ્ધ છે. વારુ, આગળ શું થયું ?" રુક્મિણીએ નેત્રો પહોળાં કરી પૂછ્યું.

કૃષ્ણ—પછી મેં અર્જુનને કહ્યું, "વીર, તું એવો વિચાર કર કે ધાર કે તું રણમેદાન છોડીને જતો રહ્યો; તેથી પેલા દીર્ઘદ્વેષી દુર્યોધન, કર્ણ, શકુનિ તારો પીછો છોડવાના છે ? ભાગી જનારની પાછળ પડીને જેમ ક્રૂર શ્વાપદો તેને ફાડી ખાય છે, તેવી અવસ્થા આ દુષ્ટો તારી કરશે ! તું મારો દાખલો જો. મથુરામાંના નાગરિકો ઉપર સંકટ ન આવે તેથી હું તે સુંદર નગરી અને કંસનું રાજ્ય છોડીને દક્ષિણ તરફ દૂર દૂર ગયો, તોયે જરાસંધે મારો કેડો છોડ્યો નહીં ! મને બાળી મૂકવાનો તેણે પ્રયત્ન કર્યો. તમને પાંડવોને ફાડી ખાધા વિના આ દુષ્ટો અટકવાના નથી એ નિશ્ચિત માન."

અર્જુનને પછી બનનારા બનાવોનો મેં ખ્યાલ આપ્યો એટલે અર્જુન ભાનમાં આવ્યો, અને તેણે મને કહ્યું, "તમે

કહો છો તો ખરું છે; આ કૌરવો એટલા નીચ અવશ્ય છે. વારુ, પણ કૃષ્ણ, જો હું યુદ્ધ કરું અને તેમાં મારે હાથે ગુરુજનો ઠાર થાય તો મને ગુરુહત્યા નહીં લાગે ?"

અર્જુન સમજતો થયો છે એમ જોઈને મારો ઉત્સાહ બેવડાયો, અને મેં તેને કહ્યું, "અર્જુન, વેદ-ઉપનિષદોનો તારો અભ્યાસ આ જ વખતે કેવી રીતે ફોગટ ગયો? હશે. માણસ કંઈ પણ કૃત્ય કરે તે સારું યા નરસું એમાંથી એક હોય જ છે. કર્મ સારું હોય તો પુણ્ય મળે છે, ખરાબ હોય તો પાપ લાગે છે, ખરું ને? ઘણી વાર કોઈ એક કર્મ સારું યા ખરાબ એનો નિર્ણય થઈ શકતો નથી; આવે વખતે માણસે કેમ વર્તવું એ પ્રશ્ન થાય છે." હું આવું બોલ્યો કે તરત જ અર્જુને કહ્યું, "ભગવાન, મને આવો જ પ્રશ્ન થયો છે." હું આગળ બોલ્યો, "આમ જો. પાપ કે પુણ્ય કોને લાગે છે તે ખબર છે? મેં અમુક કર્યું, તમુક કર્યું એવો અહંકાર રાખીને જે વર્તે છે તેને પાપ કે પુણ્ય લાગે છે. માણસ અહંકાર છોડીને કર્તવ્ય સમજીને એકાદ કર્મ કરે અને તેનું ફળ પરમેશ્વરને અર્પણ કરે તો માણસને કર્મનું ફળ મળશે નહીં. તેથી અર્જુન, સ્વધર્મ સમજીને તું યુદ્ધ કર; અને તે અભિમાન છોડીને કર. તારો જય-પરાજય ઈશ્વરને અર્પણ કરી દે. તો પછી તને કેવળ ગુરુહત્યાનું જ નહીં પણ સમાજદ્રોહનું પાપ પણ લાગશે નહીં. પણ નિરહંકાર બુદ્ધિથી વર્તવું સહેલું નથી. તેવી બુદ્ધિ સહજ થવા માટે અહિંસા, સત્ય ઇત્યાદિ

મહાવ્રતોની તપસ્યા કરવી પડે છે; પણ તું દૈવી સંપત્તિ લઈને જ જન્મ્યો છે, અને ઉપર જણાવેલાં મહાવ્રતો જાણ્યે-અજાણ્યે તેં આજન્મ પાળ્યાં છે જ. **છતાં પરમેશ્વરાર્પણ બુદ્ધિથી સ્વધર્મ અનુસરીને યુદ્ધ કર.** આને લીધે જો તને પાપ લાગશે તો તેને માટે હું જવાબદાર છું. **મારા ઉપર તને વિશ્વાસ છે ને? તો ઊઠ, હાથમાં ધનુષ્ય પકડ, અને પોતાના પરાક્રમથી અજરામર કીર્તિ પ્રાપ્ત કર, અને દ્રૌપદીનાં આંસુ લૂછી નાખ!"**

મારાં આ વચનોની અર્જુન ઉપર અસર થઈ અને તે લડવા તૈયાર થયો. રુક્મિણી, મેં આજ સુધી અનેક વિજયો મેળવ્યા છે. પણ અર્જુનને સ્વધર્મમાં પ્રવૃત્ત કરવામાં મને જે સફળતા મળી તે જ મારે મન મોટો ચિરંતન મહત્ત્વનો જય છે! યુદ્ધ પૂરું થયા પછી હું વ્યાસ મુનિને મળ્યો, અને તેમને અર્જુનના વિષાદનો પ્રસંગ કહ્યો. તે સાંભળતાં જ તે મહાકવિની પ્રતિભા એકદમ જાગ્રત થઈ. તે ઊભા થઈ ગયા અને મને ગાઢ આલિંગન આપીને બોલ્યા, "હે કૃષ્ણ, ઉપનિષદોના તારા લાંબા અભ્યાસનું સાર્થક્ય થયું. હવે હું ભારતી યુદ્ધ ઉપર જે ગ્રંથ લખવાનો છું તેમાં આ પ્રસંગ અને તારો અમૂલ્ય ઉપદેશ વિસ્તારથી એવો કથન કરીશ કે ભાવી પેઢીઓને તે અનંત કાળ સુધી દિવ્ય દીવાદાંડી જેવો ઉપયોગી નીવડશે!"

મેં અર્જુનને આપેલો મંત્ર વ્યાસ મહર્ષિને જીવનસંદેશ

લાગ્યો, એ જોઈને મારું જીવન સફળ થયું એવું મને લાગ્યું છે. મેં બાંધેલાં મંદિરો, સુંદર ઉદ્યાનો અને દ્વારકાનો આ અભેદ્ય દુર્ગ એ બધું એક વખત સમુદ્રમાં ડૂબી જઈને નામશેષ થશે, પણ વ્યાસવાણીએ ગવાનારી ગીતા અમર થશે! મારી જુવાનીમાં મોરલીમાંથી કર્ણમધુર આલાપ કાઢવામાં હું મને પોતાને કૃતાર્થ માનતો! આજે તે જ મોરલીમાંથી જીવન-સંગીતના આલાપ નીકળ્યા અને તેણે તમને મંત્રમુગ્ધ કર્યાં; આના કરતાં ચડિયાતું મારા જીવનનું સાર્થક કયું?"

"દેવ, મારા મનમાં એક શંકા જાગી છે; પૂછું!" –પોતાના પતિને તકલીફ ન આપવાની વૃત્તિથી રુક્મિણીએ બીતાં બીતાં પૂછ્યું.

"પૂછો ને. તેમાં એટલું બીવાનું શું કારણ છે?" –કૃષ્ણે ખુલ્લા મનથી રજા આપી.

"દેવ, આપે અર્જુનજીને કહ્યું ને કે સ્થિતપ્રજ્ઞ બુદ્ધિથી પોતાનાં કર્મ પરમેશ્વરાર્પણ કરીએ તો પાપપુણ્ય લાગતાં નથી!"

"હા. મારા ઉપદેશનું સારસર્વસ્વ આ વાક્ય છે." –કૃષ્ણે ભારપૂર્વક કહ્યું.

"મારી શંકા આગળ છે. તે વખતે તમે એમ પણ

કહ્યું કે આવી બુદ્ધિ સત્ય, અહિંસા આદિ મહાવ્રતોના પાલનથી પ્રાપ્ત થાય છે, ખરું ને ?"—રુકિમણીએ પોતાની શંકાની પ્રસ્તાવના કરી.

"તદ્દન ખરું છે. સ્થિતપ્રજ્ઞબુદ્ધિ એ શું રસ્તા પર પડી છે કે જેને જોઈએ તેને સહેલાઈથી મળી જાય ? સત્યનો ખડતલ માર્ગ અનુસર્યા વિના, હૃદયમાં અહિંસા પચી ગયા વિના આવી બુદ્ધિ ઉત્પન્ન થતી નથી."—કૃષ્ણ પોતાનો મુદ્દો વિષદ કરતા બોલ્યા.

"એ ખરું છે ને ? તો અર્જુનને તેમ જ આપે દુષ્ટોનું નિકંદન કેવી રીતે કર્યું ? તેમાં હિંસા થઈ કે નહીં ?" રુકિમણીએ કૃષ્ણને સાણસામાં પકડ્યા જેવું કર્યું.

રુકિમણીનો આ પ્રશ્ન સાંભળીને કૃષ્ણ પૂરેપૂરા જાગ્રત થયા જેવા થયા અને બોલ્યા, "રુકિમણી, તમે બહુ ઊંડા પાણીમાં ઊતરતાં જાઓ છો. ઠીક છે, તમે શંકા પૂછી જ છે તો હું અહિંસાના સૂક્ષ્મ ધર્મનું સ્પષ્ટીકરણ કરું છું. પ્રાણીનો વધ ન કરવો એ અહિંસાનો ઉપલકિયો અર્થ છે. **ખરી અહિંસાબુદ્ધિ એટલે દ્વેષમત્સરરહિત બુદ્ધિ.** પ્રાણીની હિંસા ન કરવી એનું અહિંસામાં સ્થાન છે, પણ તે અહિંસાનું સારસર્વસ્વ નથી. કંસ, શિશુપાલ ઇત્યાદિનો મેં વધ કર્યો ખરો, પણ તેમાં મારી દ્વેષબુદ્ધિ નહોતી; નહીં તો મેં કંસનો અંત્ય સંસ્કાર તેના દરજ્જાને

શોભે એવો કર્યો ન હોત. અશ્વત્થામાએ અમારો ભારે અપરાધ કર્યો, તો પણ અમે તેને જીવતદાન આપ્યું; કારણ કે અમારે તેને ફક્ત નિષ્પ્રભ કરવો હતો. અમારા મનમાં દ્વેષ હોત તો અમે તેનો જીવ જ લીધો હોત. અસ્તુ. હવે પ્રશ્ન એવો ઊઠે છે કે આસુરી વૃત્તિનો નિગ્રહ વધ કર્યા વિના કેવી રીતે કરવો ? આ સમય સુધી અમને તેવો માર્ગ જડ્યો નથી, તેથી દ્વેષરહિત બુદ્ધિથી આસુરી વૃત્તિવાળા લોકોનો અમે વધ કર્યો; **પણ આગળ ઉપર કોઈને એવો માર્ગ જડે અને વધ કર્યા વિના આસુરી વૃત્તિ ઉપર નિગ્રહ કરી શકાય, તો દૈવી સંપત્તિનો અસામાન્ય વિજય થયો ગણાશે.** માણસે પોતાને માલુમ હોય તે રસ્તે પણ કોઈનો પણ દ્વેષ કે મત્સર કર્યા વિના આવી પડેલાં કર્તવ્ય કરવાં. તે મુજબ મેં આખો જન્મારો કર્યું. એમાં મેં અહિંસાધર્મ જ પાળ્યો એમ ગણાય. અસ્તુ. રુક્મિણી, તમારી ઇચ્છા મુજબ મેં પ્રથમ મારી સાદી મોરલી વગાડી બતાવી, પછી મારું ચરિત્ર સ-રહસ્ય કહ્યું; અને આજે ફરીથી તમારી આગળ ગીતા-મોરલીના દિવ્ય આલાપ સંભળાવ્યા. થયો ને તમને સંતોષ ? " – કર્તવ્ય બજાવ્યા પછી પ્રાપ્ત થનારા સંતોષથી કૃષ્ણે પૂછ્યું.

રુક્મિણી કૃષ્ણના ચરણ આગળ લીન થઈને બોલી, " હે દેવ, તમને વરતી વખતે મેં કેવળ તમારી વીરતાનો વિચાર કર્યો હતો. આજ સુધી હું તમને સંસારના સાથી

તરીકે માનતી હતી; પણ આજે તમે મને જે જીવનનું રહસ્ય કહ્યું છે, તે ઉપરથી તમારા જીવન ઉપર દૃષ્ટિ નાખતાં ભીષ્મપિતામહે કહ્યા પ્રમાણે **આપ ખરેખર યોગેશ્વર જ છો, એટલું જ નહીં પણ જગદ્‌ગુરુ પણ છો.** આજે હું એ જ દૃષ્ટિએ આપના તરફ જોઉં છું અને આપના ચરણમાં ભક્તિપૂર્વક લીન થાઉં છું." એમ કહીને રુક્મિણીએ કૃષ્ણના પગ પોતાનાં આનંદાશ્રુથી પખાળ્યા !

૧૬

સાયંકાળની છાયા

મહાભારત યુદ્ધમાં પાંડવોને વિજય અને હસ્તિનાપુરનુ રાજ્ય પ્રાપ્ત કરાવીને શ્રીકૃષ્ણ દ્વારકા આવ્યા. યુદ્ધમાંની ભયંકર હાનિને લીધે અને સુભદ્રાપુત્ર અભિમન્યુ રણમાં પડવાથી કૃષ્ણના મહેલ ઉપર શોકની છાયા કેવી પ્રસરી હતી તે આપણે પાછલા પ્રકરણમાં જોયું જ છે. કેટલોક સમય ગયા પછી કૃષ્ણનો પૌત્ર અનિરુદ્ધ અને રુકમીની પૌત્રી રોચનાનાં લગ્ન રુક્મિણીએ નક્કી કર્યાં. આ લગ્નને માટે યાદવ-મંડળ ભોજકટ નગરમાં ગયું હતું. લગ્નસમારંભ ધામધૂમથી પાર પડચા પછી તે કાળના ક્ષત્રિયોના રિવાજ મુજબ વહેવાઈઓ દ્યૂત રમવા બેઠા. રમતાં રમતાં બંને પક્ષ હમેશાં બને છે તેમ ઝઘડો કરવા લાગ્યા. બોલતાં બોલતાં રુકમી બોલ્યો, "તમે યાદવો ગમે તેમ તોયે ગોવાળો. તમે દ્યૂતમાં શું સમજો ? દ્યૂત ક્ષત્રિય રાજાઓ રમે એમાં જ મજા !" આ વચનો દ્યૂતના નશામાં ચકચૂર થયેલા બળરામથી સહન થયાં નહીં. તેમણે ત્યાં પડેલ હાથીદાંતનો પાસો ઉપાડચો અને રુકમીના માથા ઉપર જોરથી માર્યો. મર્મસ્થાને તે વાગવાથી વૃદ્ધ રુકમી ત્યાં ગતપ્રાણ થઈને

પડ્યો. રુક્મિણીએ સ્વાભાવિક રીતે પોતાના ભાઈનો ઘણો શોક કર્યો. પણ કૃષ્ણે મુખમાંથી હરફ પણ ઉચ્ચાર્યો નહીં. એક તરફ ભાઈ અને બીજી તરફ પત્ની એમાંથી માર્ગ કાઢ્યા વિના તેમને છૂટકો નહોતો. બંધુપ્રેમને આંચકો લાગવાના પ્રસંગો ઘણી વાર આવે છે, તેમાંથી જેઓ કુશળતાથી માર્ગ કાઢે છે તેઓ જ સંસારમાં સફળ થાય છે.

લગ્નસમારંભ પૂરો કરી મંડળ દ્વારકા આવ્યું ન આવ્યું ત્યાં તો અશ્વમેધયજ્ઞનું પાંડવોનું આમંત્રણ આવ્યું, તેથી રામ-કૃષ્ણ પોતપોતાના પરિવારને લઈને હસ્તિનાપુર ગયા. અશ્વમેધ માટે જે વિપુલ દ્રવ્યસામગ્રી જોઈતી હોય છે તે લાવવા માટે પાંડવો હિમાલયમાં ગયા હતા. તેમની ગેરહાજરીમાં શ્રીકૃષ્ણ હસ્તિનાપુર પહોંચ્યા પછી અભિમન્યુની સગર્ભા સ્ત્રી ઉત્તરાને પ્રસૂતિ આવી; પણ બાળક મરેલું અવતર્યું. આખા કૌરવવંશનો ભાવિ અંકુર આ એક જ બાકી રહ્યો હતો તે મરેલો અવતર્યો, તેથી વંશ ચાલુ રહેવાની આશા જ ન રહી. તેથી વૃદ્ધ કુંતી, દ્રૌપદી અને સુભદ્રાએ હૃદયવિદારક વિલાપ કર્યો; અને આખરે કૃષ્ણના પગ પકડીને તેઓએ કહ્યું, "કૃષ્ણ, આના તરફ નજર કર અને તારી કૃપાદૃષ્ટિથી તેને જીવતો કર." ઉત્તરાના શોકનો પાર નહોતો; તેમ છતાં ધીરજ ધરીને તેણે તે મૃત પુત્રને ઉપાડી કૃષ્ણના ખોળામાં મૂકીને કહ્યું, "દીકરા, તું ધર્મજ્ઞનો પુત્ર છે તો ગોવિંદનું મધુર હાસ્યથી સ્વાગત કરતો નથી, એ કેવું ?"

આ પ્રસંગ જોઈને કૃષ્ણનું અંતર વલોવાઈ ગયું તેમણે આચમન કરીને મોટેથી સોગન ખાઈને કહ્યું, "મેં વિજયમાં પણ બીજાનો વિરોધ કર્યો નથી એ જો સત્ય હોય તો તે સત્યને બળે આ બાળકનો પ્રાણ પાછો આવો! કંસ અને કેશીનો નાશ મેં ધર્મથી કર્યો એ વાત જો સાચી હોય તો આ મૃત બાળક ફરીથી ચેતનવન્તો થાઓ!" કૃષ્ણ આવું બોલતા હતા ત્યારે તે બાળકનો શ્વાસોચ્છ્વાસ ધીરે ધીરે ચાલુ થયો અને તે થોડા જ સમયમાં રડવા પણ લાગ્યો! તે જોઈને કૌરવસ્ત્રીઓને જે આનંદ થયો તેનું યથાર્થ વર્ણન કરવું અશક્ય છે! આ પછી પાંડવો હિમાલયમાંથી આવ્યા. અશ્વમેધ ખૂબ ધામધૂમથી થયો. આ યજ્ઞ પૂરો થયા પછી યાદવો પાછા દ્વારકા આવ્યા.

હવે શ્રીકૃષ્ણની ઉમર ઘણી થઈ ગઈ હતી, એ આપણે જોયું જ છે. આ પછી તેમણે દૂરનો પ્રવાસ કર્યો નહીં કે યુદ્ધમાં ભાગ લીધો નહીં. કર્તવ્યદક્ષ પ્રજાપાલક તરીકે તેમની જેવી નામના હતી તેવી જ ધર્મતત્ત્વવેત્તા અને યોગેશ્વર તરીકે પણ તેમનું નામ સૌને મુખે ચડ્યું હતું. દૂર દૂરના લોકોને કૃષ્ણ એટલે એક ઐતિહાસિક વ્યક્તિ છે એમ લાગવા માંડ્યું. આથી તેઓ તેમનાં દર્શને આવતા. જેઓ ધર્મજિજ્ઞાસુ હતા તેઓ તેમની પાસે આવીને ધર્મ-ચર્ચા કરતા. તે જ પ્રમાણે વિદ્વાન બ્રાહ્મણોને પાત્રતા મુજબ તે દાન કરતા. આથી અનેક વિદ્યાઓના કેન્દ્ર તરીકે દ્વારકાને મહત્ત્વ પ્રાપ્ત થયું હતું.

પડતીનાં ચિહ્નો

આવી રીતે દ્વારકાનો વૈભવ ચારે તરફથી શિખરે પહોંચ્યો હતો ત્યારે તેની ઊતરતી કળા થવાના પ્રસંગો કૃષ્ણના દેખતાં જ બનવા લાગ્યા. કૃષ્ણે સારું શિક્ષણ અને ઉત્તેજન આપીને યાદવોને બળવાન બનાવ્યા હતા. તેથી દ્વારકા તરફ કરડી નજરે જોવાની કોઈની હિંમત ચાલતી નહોતી એ વાત સાચી; પણ તેની સાથોસાથ યાદવવીરોમાં અભિમાન, મત્સર, દ્વેષ એ દુર્ગુણો વધતા જતા હતા. મદ્યપાનનું વ્યસન પણ તેમનામાં સારી પેઠે પ્રસર્યું હતું, એટલું જ નહીં, પણ જેણે તેમને આ ઉચ્ચ પદ અપાવ્યું હતું તે કૃષ્ણનો દ્વેષ પણ તેઓ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ વિદ્વાનોને આશ્રય આપતા એ નકામો ખર્ચ છે એવું ખુદ તેમના પુત્રોને લાગવા માંડયું. કૃષ્ણને સાધુસંતો પ્રત્યે જે ભક્તિ હતી તેને તેઓ મૂર્ખાઈ ગણતા. તેમના દુર્વર્તનનો તે જો કદી નિષેધ કરતા તો તેઓ તેને વૃદ્ધત્વનો બબડાટ કહેતા. સાર એ કે તેમને મોઢે નહીં તો પણ તેમની પાછળ તેમના હરેક કાર્યને ઉતારી પાડવું એ તરુણ યાદવોનો હમણાં ધંધો જ થઈ પડ્યો હતો.

કૃષ્ણ આ બધું સમજતા હતા; પણ તેનો કોઈ ઉપાય નહોતો. કોઈ સારો પહેલવાન અનેક વર્ષની મહેનતથી પોતાના બાહુને પુષ્ટ કરે અને તે બાહુ જેમ તેના ઘડપણમાં તેને ભારરૂપ થાય છે, તેવું કૃષ્ણની બાબતમાં થયું. પોતાની

સત્તાનો કાળ પૂરો થવા આવ્યો છે એ પિછાની લઈ, ચાલતા બનાવો તરફ તે તટસ્થ નજરે જોતા હતા. પરિસ્થિતિમાં પલટો આવ્યો તે વિશે તેમણે કદી ફરિયાદ કરી નહીં, કે તરુણ પેઢી ઉપર તે બખાળા કાઢતા નહીં. વિપરીત સમયમાં જ મનુષ્યની શાન્તવૃત્તિની કસોટી થાય છે. તે કસોટીમાં કૃષ્ણ બરાબર પાર પડ્યા એમાં શંકા નથી.

યાદવોનો વિનાશ જલદી થશે એ સૌને દેખાતું હતું. હવે પ્રશ્ન એટલો જ હતો કે તે ક્યારે થશે? આખરે એક દિવસ યાદવોના વિનાશ માટે કોઈ પણ નિમિત્ત જોઈતું હતું તે એક પ્રસંગથી મળી ગયું. એક દિવસ શ્રીકૃષ્ણની પાસે વિશ્વામિત્ર અને નારદ સહજ આવ્યા હતા ત્યારે તેમની મજાક ઉડાવવા માટે કૃષ્ણના પુત્ર સાંબને સ્ત્રીવેષ પહેરાવી સારણ વગેરે યાદવો તે ઋષિની પાસે ગયા અને બોલ્યા, "આપ ત્રિકાળજ્ઞાની છો. આ પુત્રેચ્છુ બભ્રૂની સ્ત્રી સગર્ભા છે. તેને પુત્ર અવતરશે કે નહીં તે કહો." આ સાંભળીને તે ઋષિઓ રોષે ભરાયા અને તેમણે શાપ આપ્યો કે "આ સ્ત્રી નથી પણ કૃષ્ણપુત્ર સાંબ છે. આને કાલે ઘોર સાંબેલું અવતરશે અને તે યાદવોનો નાશ કરશે!" આ શાપવાણી સાંભળીને યાદવો ગભરાયા અને તેમણે તે સાંબેલાનો લોટ કરીને તેને સમુદ્રમાં નાખી દીધો.

મદ્યના નશામાં રક્તપાત

આ પછી કેટલોક સમય પસાર થયા પછી ખગ્રાસ

સૂર્યગ્રહણનો જોગ આવ્યો. આથી યાદવોને લઈને કૃષ્ણ અને બળરામ પ્રભાસતીર્થ ગયા. ત્યાં સ્નાન વગેરે કર્યા પછી તેઓએ યથેચ્છ ભોજન કર્યું. આ પછી મદ્યપાનનો કાર્યક્રમ શરૂ થયો; અને તેનો ખૂબ અતિરેક થયો. મદ્યપાનના નશામાં બધાએ એકમેકનાં ટીખળ કરવા માંડયાં. એ પછી સ્વાભાવિક રીતે જ ખિજવાટ થવાથી સૌએ સામસામે શસ્ત્રો ચલાવી રક્તપાત શરૂ કર્યો. શ્રીકૃષ્ણે તેમને રોકવાનો પ્રયત્ન કર્યો પણ વ્યર્થ ! આખરે પેલા ઘોર સાંબેલાના જે કટકા સમુદ્રમાં પડચા હતા તેના લોખંડી સળિયા ઉત્પન્ન થયા હતા, તેમને ઉપાડી ઉપાડીને યાદવોએ એકમેકનાં માથાં ફોડવા માંડયાં. યાદવોનો આ નાશ નજરે જોઈને અને તેમાં પોતાના પુત્રોપૌત્રો મરણ પામેલા જોઈને શ્રીકૃષ્ણને ભારે ઉદ્વેગ થયો ! તેમણે દારુકને કહ્યું, “તું જલદીથી અર્જુનની પાસે જા અને તેને મારો સંદેશો કહે કે ‘યાદવો આપસમાં લડીને નાશ પામ્યા છે. બળરામ વનમાં પ્રાણનો નિરોધ કરીને બેઠા છે. હું પણ તેમની સાથે જ ઇન્દ્રલોકની યાત્રા પૂરી કરું છું. તો તું જલદી આવ અને દ્વારકાના લોકોને હસ્તિનાપુર લઈ જા; કારણ કે દ્વારકા જલદીથી સમુદ્રમાં ડૂબી જશે એવો રંગ દેખાય છે.’ ” આ પછી કૃષ્ણે દ્વારકા જઈ વડીલ-મુરબ્બીઓની વિદાય લીધી અને બળરામ જ્યાં આસન જમાવી બેઠા હતા ત્યાં જઈને એક ઝાડની નીચે પ્રાણનો નિરોધ કરીને બેઠા. એવામાં એક ભીલે તેમના પગના તળિયાને મૃગનું મોં માનીને અચૂક બાણ માર્યું. તેનાથી જે ઘા થયો તે જીવલેણ નીવડચો. કૃષ્ણે

તે શલ્યવેદના શાંતિથી સહન કરીને પોતાનું મન, બુદ્ધિ અને પ્રાણ સર્વાત્મશક્તિમાં લીન કર્યાં!

કૃષ્ણનો સંદેશો મળતાં જ અર્જુન દ્વારકા આવ્યા, અને વૃદ્ધ સ્ત્રીપુરુષો તેમજ બાળકોને લઈને તે દ્વારકા બહાર ગયા. તેવામાં કૃષ્ણની ભવિષ્યવાણી મુજબ તે સમુદ્રમાં ડૂબી ગઈ! રુક્મિણી વગેરે કૃષ્ણ-સ્ત્રીઓ સતી થઈ. પાંડવોએ કૃષ્ણના પૌત્ર વજ્રને ઇન્દ્રપ્રસ્થમાં વસાવ્યો. કૃષ્ણની પછી પાંડવો પણ પરીક્ષિતને રાજ્ય સોંપી હિમાલયમાં જતા રહ્યા!

૧૭

અર્ઘ્ય

શ્રીકૃષ્ણનું ચરિત્ર એવું છે કે તેની મીઠાશ આજે પાંચ હજાર વર્ષ થયાં તો પણ જરાયે ઓછી થયેલી દેખાતી નથી. તે બાળપણમાં ગોકુળમાંના ગોપગોપીઓને જેટલા પ્રિય હતા તેટલા જ તે આજે પાશ્ચાત્ય વિદ્યાઓથી વિભૂષિત થયેલી સ્ત્રીઓને પણ પ્રિય છે. કૃષ્ણનાં ગીતો બાળાઓની જેમ વૃદ્ધ સ્ત્રીઓ પણ ગાતાં કંટાળતી નથી. ભાગવતમાંના શ્રીકૃષ્ણચરિત્રશ્રવણને માટે સ્ત્રીપુરુષનાં ટોળાં આજે પણ ઊમટે છે. વિદ્વાનોની સભામાં શ્રીકૃષ્ણના ચરિત્રની ચિકિત્સા પૂરી થઈ છે એવું નથી. રાજકારણમાં ‘शठं प्रति शाठ्यम्’ એ સિદ્ધાન્ત મુજબ ચાલનારા શ્રીકૃષ્ણને પોતાના રાજકારણમાંના આદ્ય ગુરુ જેટલા આદરથી માને છે તેટલા જ આદરથી ‘शठं प्रति सत्यम्’ના સિદ્ધાન્તથી ચાલનારા તેમને વંદન કરીને તેમની ગીતાને કંઠસ્થ કરે છે. વિનોબા ભાવેએ ગીતાનું સરસ, સહેલું અને સરળ

ભાષાંતર કરીને તેને ઘેરેઘેર પહોંચાડવા માટે અથાક શ્રમ કર્યો છે. આદ્ય શંકરાચાર્ય, જ્ઞાનેશ્વર, લોકમાન્ય ટિળક અને વિનોબા ભાવેએ પોતપોતાની પદ્ધતિએ ગીતા ઉપર ભાષ્યો રચ્યાં છે. ગીતાનું ભાષાંતર ઘણું કરીને બધી પ્રસિદ્ધ ભાષાઓમાં થયું છે. સર એડવિન આર્નોલ્ડે તે ભગવદ્-ગીતાને સ્વર્ગીય ગાન તરીકે સંબોધી તેનું અંગ્રેજી કાવ્યમાં રૂપાંતર કર્યું છે. શ્રીકૃષ્ણ સર્વ કાળમાં, સર્વ લોકોમાં પ્રિય હતા અને છે.

ગોવાળોમાં ઊછર્યા હોવા છતાં પરાક્રમમાં તેમણે તે કાળના મોટા મોટા ક્ષત્રિય રાજાઓને માત કર્યા હતા. પરાક્રમી પાંડવોને મન તે ગુરુપદે હતો. કૌરવપક્ષના ભીષ્માચાર્ય તો તેમને રાજસૂયયજ્ઞમાં અગ્રપૂજાના માનને પાત્ર ગણતા હતા. સાંદીપનિ ગુરુ પાસે તેમનું ભણતર થયું એ ખરું, પણ તે અલ્પ સમય, એ જોઈ ને “अपूर्व त्याच्या मतिचें दिसे बळ; निमित्त होती गुरुराज केवळ।” (તેની મતિનું બળ અપૂર્વ દેખાય છે, ગુરુરાજ તો કેવળ નિમિત્ત બન્યા છે.) એમ કહેવું પડે છે. કૃષ્ણચરિત્રની અપૂર્વતા એ છે કે તેમણે અર્જુનને જે ઉપદેશ કર્યો તે તેમના જીવનમાં ઓતપ્રોત હતો. તેમણે ઘણા રાજાઓનો પરાજય કર્યો, પણ તે બધા કૃષ્ણના અપરાધી હતા. કૃષ્ણનો જીવ લેવા ટાંપી બેઠેલા કંસપ્રભૃતિ લોકો વિષે પણ તેમના મનમાં કદી દ્વેષ નહોતો અથવા તો તેમણે તેમને વિષે કદી મુખેથી નિરર્ગલ પ્રલાપ

કાઢયા નથી. પરાક્રમી હોવા છતાં નિર્લોભી, સંકટગ્રસ્ત હોવા છતાં સદા પ્રસન્ન, વૈભવ અને સત્તા પ્રાપ્ત થયાં હોવા છતાં રાજસૂયયજ્ઞમાં એંઠાં પતરાળાં ઉપાડવા તેમ જ અર્જુનના અશ્વોને ખરેરો કરવા સદા તત્પર, એવો અન્ય પુરુષ ઇતિહાસ-પુરાણોમાં શોધ્યો પણ જડતો નથી !

આજના કાળમાં પણ શ્રીકૃષ્ણચરિત્ર આપણને સૌને માર્ગદર્શક થઈ શકે છે. આપણા રાષ્ટ્રના ઉદ્ધાર માટે આપણે જે જે પ્રયત્ન કરીએ તેમાં શ્રીકૃષ્ણ આપણા ભોમિયા થઈ શકે છે. તે દ્રૌપદીની હાંક સાંભળીને જેટલા ત્વરાથી દોડતા તેટલી જ ત્વરાથી તે આપણી હાંકનો પણ જવાબ આપશે; પણ આપણા-માં દ્રૌપદીની નિષ્ઠા હોવી જોઈએ ! શ્રીકૃષ્ણનું માર્ગદર્શન પતિત રાષ્ટ્રને જેટલું ઉપયોગી નીવડે તેટલું જ વૈભવના શિખરે પહોંચેલા રાષ્ટ્રને પણ ઉપયોગી નીવડશે. તેમણે કૌરવ-સભામાં કરેલ વિષ્ટિનું ભાષણ આજના રાષ્ટ્રસંઘના સભ્યોએ મનન કરવા જેવું છે. તેથી આજના યુવાનોએ શ્રીકૃષ્ણચરિત્ર-નો ઊંડો અભ્યાસ કરીને પ્રાચીનોનું ઋણ ફેડવાની તૈયારી કરવી જોઈએ. તે તૈયારી કરવામાં સરળતા થાય તે માટે આ 'આત્મકથા'માં શ્રીકૃષ્ણના જીવનનાં વિવિધ પાસાં ઉપર પ્રકાશ નાખવાનો પ્રયત્ન કર્યો છે.

સૂર્ય જેવા જે દેદીપ્યમાન પરાક્રમી પુરુષે અનિષ્ટ પ્રવૃત્તિ-ઉચ્છેદ કરી લોકોને સન્માર્ગ બતાવ્યો, લોકોમાંની આળસને

ખંખેરી તેમને કાર્યપ્રવૃત્ત કર્યા, પોતે નિર્લોભી રહીને સર્વેનું કલ્યાણ ઇચ્છ્યું તે પરમ પાવન, પરમ કલ્યાણકારી શ્રીકૃષ્ણના પદકમલને વંદન કરીને તેમના ચરિત્રગાનથી ધન્ય થયેલી કલમને થોડો વખત નીચે મૂકીએ છીએ.

ॐ तत् सत् ।